## કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૬

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ

## અધ્યયન ૯-૧૦

મુનિ અમિતયશ વિ.

।। અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને નમઃ ।।

। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।।

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૬

# શ્રી દશવૈકાલિક સૂત્ર સાર્થ
## (અધ્યયન ૯-૧૦)

❀ દિવ્યાશિષ ❀

પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

❀ શુભાશિષ દાતા ❀

પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

❀ સંપાદક ❀

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

મુનિશ્રી આગમયશવિજયજી મ.સા.

❀ લાભ લેનાર ❀

# પ્રસ્તાવના

આપણા જીવનમાં ધર્મ આરાધનાની સતત જરૂર છે. જે આત્મા સાધના કરે છે તે આત્મા જાગૃત રહે છે. જૈન કુળમાં જન્મ મળ્યો એ જ પુણ્યની નિશાની છે.

સ્વાધ્યાય કરવાથી ક્ષણે ક્ષણે આત્માનો આનંદ વધે છે. જે આત્મા સ્વાધ્યાયમાં મગ્ન બને છે તે આત્મા સાચી શાંતિ પ્રાપ્ત કરી શકે છે. સ્વાધ્યાય કરવાથી મન શુભ ભાવોમાં જોડાય છે. આ પુસ્તકમાં દશવૈકાલિક અધ્યયન ૯–૧૦ ના અર્થ આપેલા છે. તે અર્થ પૂ.આ.ભ. શ્રી ભદ્રંકર સૂ.મ.સા. એ બહાર પાડેલ દશવૈકાલિક પુસ્તકમાંથી તેનું નાની પુસ્તિકારૂપે સંપાદન કરવામાં આવ્યું છે. પૂ. સાધુ–સાધ્વીજી મ.સા.ને ખુબ જ ઉપયોગી બનશે એ ભાવનાથી બહાર પાડવામાં આવી છે. આ પુસ્તકનું નામ કલાપૂર્ણ સ્વાધ્યાય ભાગ–૧૬ છે.

આ પુસ્તકનો લાભ લેનાર શ્રી વાગડ વિશા ઓસવાળ શ્વે. મૂ.પૂ.જૈન સંઘ, અંધેરી (વેસ્ટ), મુંબઈ નં. ૫૩ના જ્ઞાનખાતાની રકમમાંથી સહયોગ પ્રાપ્ત થયેલ છે. પ્રેસાદિ ભૂલ સુધારીને વાંચવા વિનંતી. જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

મુનિ અમિતયશ વિ.

# નવમું વિનયસમાધિ અધ્યયન

સાતમા અધ્યયનમાં વચનશુદ્ધિનું સ્વરૂપ જણાવ્યું. તે વચનશુદ્ધિ આચારમાં સ્થિર હોય તેને જ પ્રાપ્ત થાય, આચારબળ વિના તે પ્રાપ્ત થવી દુર્લભ હોવાથી આઠમા અધ્યયનમાં આચારમાં સ્થિર થવા જણાવ્યું. એ આચારસ્થિરતા વિનય વિના પ્રગટતી નથી, માટે હવે આ નવમા અધ્યયનમાં વિનયનું સ્વરૂપ વર્ણવી તેના બળે આચારમાં આત્મસમાધિ પ્રગટાવવાનો ઉપદેશ કરેલ છે, માટે તેનું નામ **વિનયસમાધિ** છે, એ રીતે પૂર્વ અધ્યયનની સાથે નવમા અધ્યયનનો સંબંધ સમજવો.

વિનય એટલે 'પોતે માન મૂકીને બીજાને માન આપવું-સન્માનનું દાન કરવું' એમ અપેક્ષાએ કહી શકીએ તો વિનય ઔદાર્ય વિના કરી શકાય નહિ. બાહ્ય સમ્પત્તિરૂપ ધન-ધાન્યાદિનાં મોટાં દાન કરવાં જેને સહેલાં છે, તેને પણ સન્માનનું દાન કરવું દુષ્કર છે. કારણ કે બાહ્ય સમ્પત્તિના દાનમાં માન મૂકવું પડતું નથી, અર્થાત્ પોતાનું માન ઓછું થતું નથી, ઊલટું વધે છે. વિનયમાં પોતાનું માન જતું કરી અન્યનું માન વધારવાનું હોય છે.

સામાન્યતયા મનુષ્ય માનનો અર્થી હોય છે, માન મેળવવા વિવિધ કષ્ટો વેઠે છે, વહાલી વસ્તુઓ પણ આપી શકે છે અને બીજા મોટા લાભને પણ જતા કરી શકે છે. પ્રાયઃ મોટા ગણાતા માણસો પણ બીજાને માન આપવામાં કૃપણ હોય છે. એક રાજા બીજા રાજાની સામે યુદ્ધ ખેલે, યુદ્ધમાં અનેક મનુષ્યો વગેરેનો નાશ થાય, રાજ્ય ગુમાવે, જંગલમાં નાસી છૂટે, પણ હાર કબૂલ કરી શકતો નથી. શાસ્ત્રકારો પણ ચારે ગતિના જીવોમાં મનુષ્યને સૌથી અધિક માની કહે છે. સમ્યગ્ જ્ઞાન વિનાના અજ્ઞાનીને બીજાનો વિનય કરવામાં પોતાની માનહાનિ થતી દેખાય છે, તેથી તેને વિનય કરવો દુષ્કર બને છે.

બીજી બાજુ વિચારતાં વિનય વિના એક ન્હાનો પણ ગુણ સાચા સ્વરૂપમાં પ્રગટ થતો નથી અને પ્રગટે તો આત્માને ઉપકાર કરી શકતો નથી. આ સામાન્ય હકીકત નથી, પણ પરમ સત્ય છે. માટે જ શાસ્ત્રકારોએ વિનયને સર્વ ગુણોનું મૂળ કહ્યું છે. સર્વ ગુણો વિનયથી જ પ્રગટે છે અને પરંપરાએ વિનયથી મોક્ષ (સર્વ દુઃખોનો નાશ અને સર્વ સુખોની પ્રાપ્તિ) પણ થાય છે. વિનય વિનાના ગુણો ઠગારા નીવડે છે અને આખરે નાશ પામે છે.

અજ્ઞાની મનુષ્યને જે કંઈ સુખનો અનુભવ થાય છે તે પ્રાય: આભિમાનિક હોય છે, 'હું જ્ઞાની છું, સુખી છું તપસ્વી છું, યશસ્વી છું, મોટો છું,' વગેરે અહંત્વનાં જ વિવિધ રૂપો છે. તેનો આનંદ એ સાચો આનંદ નથી, પણ કૃત્રિમ છે. છતાં અજ્ઞાની તેને સાચો માની લે છે, એનાથી ફૂલાય છે અને ભવોભવ હેરાન થાય છે.

એથી વિરુદ્ધ જ્ઞાની પુરુષો ગુણસમ્પત્તિનો સ્વાભાવિક આનંદ અનુભવે છે. આ સ્વાભાવિક આનંદમાં અભિમાન હોતું નથી, પણ નિરાભિમાનતા હોય છે. આ નિરાભિમાનતા વિનયથી પ્રગટે છે, વિનયથી અખંડ રહે છે, વિનયથી વધે છે, વિનયથી શોભે છે અને વિનયના બળે મોક્ષ પર્યન્તનાં સુખો આપે છે, એ કારણે સાચો જ્ઞાની, ગમે તેટલી બાહ્ય સમ્પત્તિ મળે, કે અભ્યન્તર ગુણસમ્પત્તિ પ્રગટે, તો પણ વિનયને તજી શકતો નથી. ઊલટું જેમ જેમ સમ્પત્તિ વધે, તેમ તેમ તેનામાં વિનય વધે છે અને એ વિનયના બળે બાહ્ય-અભ્યન્તર સમ્પત્તિના સહકારથી સર્વ કર્મોનો નાશ કરી શકે છે.

મનુષ્યમાં માન અધિક હોય છે, તેમ સમજપૂર્વક (સ્વાધીનપણે

માનને તજવાની અને બીજાઓને માન આપવાની (વિનય કરવાની)) શક્તિ પણ વસ્તુત: મનુષ્ય જીવનમાં જ પ્રગટી શકે છે, માટે મનુષ્ય મુક્તિનો અધિકારી છે, મનુષ્ય જન્મ સિવાય અન્ય ગતિમાંથી જીવ મુક્તિને પામી શકતો નથી તેમાં આ પણ કારણ છે.

સ્થૂલદૃષ્ટિએ જોતાં વિનય કરવામાં બીજાને માન અપાતું દેખાય છે, પણ વસ્તુત: તેમ નથી, વિનય કરવાથી પોતાનું માનમહત્ત્વ વધે છે, આત્મસમ્પત્તિનો વિકાસ થાય છે અને શિષ્ટ લોકમાં તે મહાપુરુષ તરીકે લેખાય છે એટલું જ નહિ. તે મહાપુરુષ બની જાય છે. અનેક આત્માઓ તેનો આશ્રય-શરણું સ્વીકારે છે અને તે સર્વને માર્ગે દોરવાની-સુખી કરવાની શક્તિ વિનીતમાં પ્રગટ થાય છે. એવા વિશિષ્ટ વિનયગુણને યથાર્થ સ્વરૂપે વર્ણવવાની શક્તિ મનુષ્યમાં હોતી નથી.

વૈરીને પણ વશ કરવાની શક્તિ વિનયમાં છે, શાસ્ત્રોમાં વિનયનું વર્ણન વિવિધ રીતે કરેલું છે, તે સઘળું અહીં કરી શકાય તેવું નથી, છતાં બાળ જીવોને ઉપકારક થાય તે રીતે વિનયનું ટૂંકું પણ સુંદર વર્ણન ગ્રન્થકારે આ અધ્યયનમાં

કરેલું છે, તેને આત્માર્થી ભવ્યજીવો યથામતિ સમજે અને જીવનમાં પ્રગટાવી માનવભવમાં પણ સર્વશ્રેષ્ઠ સાધુધર્મને પામીને આત્મકલ્યાણ સાધે એ કર્તવ્ય છે.

મનુષ્ય માત્રનો સાચો શણગાર વિનય છે, તો સાધુતા જેવા ઉચ્ચપદે રહેલા આત્માને માટે તો કહેવું જ શું ? રાજ્યસિંહાસનાધિ-રૂઢ ચક્રવર્તી પોતાની છ ખંડની ઋદ્ધિથી જેટલો શોભતો નથી તેથી અધિક શોભા ગુરૂની સામે નતમસ્તકે ઊભો રહેલો વિનીત સાધુ પામે છે. રાજામહારાજાઓ પણ સાધુઓને નમે છે તેનું એ પણ કારણ છે કે સાધુમાં જે વિનય હોય છે તે દેવ-દાનવોમાં કે રાજા-મહારાજાઓમાં પણ દુર્લભ છે.

દ્રવ્યવિનય અને ભાવવિનય એમ વિનયના બે પ્રકારો પડે છે. તેમાં નેતર, સુવર્ણ વગેરે જે વસ્તુઓ નમે, વળી વળે તે તે વસ્તુઓનો દ્રવ્યવિનય સમજવો. ભાવવિનયના પાંચ પ્રકારો છે :

**૧-લોકોપચારવિનય**-લોકનું આવર્જન, ઔચિત્ય કરવા માટે લોકને અનુસરવું અર્થાત્ ઊભા થવું, હાથ જોડવા, આસન

આપવું, અતિથિઓને પૂજવા કે વૈભવને અનુસારે ઈષ્ટ દેવની પૂજા વગેરે કરવું તે.

**૨-અર્થવિનય**-ધન મેળવવા માટે રાજા, શેઠ વગેરેનો વિનય કરવો તે.

**૩-કામવિનય**-કામવાસનાને વશ થઈ વેશ્યા, પરસ્ત્રી કે સ્વસ્ત્રી વગેરેને અનુકૂળ કરવા વિનય કરવો.

**૪-ભયવિનય**-ભયથી તે તે વ્યક્તિનો વિનય કરવો તે.

**૫-મોક્ષવિનય**-મોક્ષ માટે વિનય કરવો તે.

તેમાં લોકોપચાર વિનય ઔચિત્યરૂપ છે, બાકીના ત્રણ મોહના ઉદયરૂપ હોવાથી અહિતકર છે અને મોક્ષવિનય આત્માને સર્વ દુ:ખોમાંથી મુક્ત કરનાર હોવાથી ઉપાદેય-આત્માને ઉપકારક છે.

આ મોક્ષવિનયના પાંચ પ્રકારો છે.

**૧-દર્શનવિનય**-જિનેશ્વરોએ સર્વ ભાવોને જે જે સ્વરૂપે જણાવ્યા છે તેને તે તે રીતે સત્ય માનવા તે.

**૨-જ્ઞાનવિનય**-આત્મોપકારક જ્ઞાનને ભણાવું, ગણાવું અને

તેને અનુસારે સર્વ કાર્યો કરવાં કે જેથી નવાં કર્મો ન બંધાય અને જૂનાં છૂટી જાય તે.

૩-ચારિત્રવિનય-આઠ પ્રકારનું પૂર્વે બાંધેલું કર્મ હલકું-ઓછું થાય અને બીજાં નવું સંસારવર્ધક કર્મ ન બંધાય તે તે પ્રકારની ક્રિયારૂપ ચારિત્રમાં પ્રયત્ન કરવો તે.

૪-તપોવિનય-જે જે તપથી અજ્ઞાન ટળે અને આત્મા મોક્ષની નજીક થતો જાય તેવા તપને આચરવામાં દઢનિશ્ચયી થવું તે.

૫-ઉપચારવિનય-મન વચન કાયાના યોગોને ઉચિત માર્ગે જોડવા અને પૂજ્યપદોની અશાતના ન કરવી એ બે પ્રકારે જાણવો.

આ ઉપચાર વિનયમાં કાયિકવિનય આઠ પ્રકારનો, વાચિક ચાર પ્રકારનો અને માનસિક બે પ્રકારનો છે. કાયાથી પૂજ્યોની સામે ઊભા રહેવું, બે હાથ જોડવા, આસન આપવું, ગુરુઆદેશને અનુસરવાનો અભિગ્રહ કરવો, વન્દન કરવું, વિધિપૂર્વક સેવા કરવી, આવતાની સામે જવું અને જતાની પાછળ વળાવવા જવું, એ આઠ પ્રકારે વિનય થાય. પરિણામે હિતકર, થોડા અક્ષરોમાં મિત, સદ્ભાવપૂર્વક કોમળ અને

વિચારીને બોલવું તે ચાર પ્રકારે વચનથી થાય અને આર્ત્ત વગેરે દુષ્ટ ધ્યાનના ત્યાગરૂપ અકુશળ મનનો નિરોધ તથા ધર્મ-શુક્લ ધ્યાન, કુશળ મનની ઉદીરણા, એમ બે પ્રકારે માનસિક વિનય જાણવો.

(આ ઔચિત્યવૃત્તિરૂપ ઉપચાર વિનય છદ્મસ્થોને પોતાનાં કર્મો ખપાવવા માટે પોતાનાથી અધિક ગુણવાન પ્રત્યે કરવાનો હોય છે. અનાશાતનારૂપ ઉપચાર વિનય બાવન પ્રકારે કહેલો છે, તે તીર્થંકર, સિદ્ધ, કુળ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર અને ગણી, એ તેર પૂજ્યભાવોની અનાશાતના, બાહ્યભક્તિ, હાર્દિક બહુમાન અને તેઓની પ્રશંસા એમ ચાર ચાર પ્રકારે કરવાથી બાવન પ્રકારો થાય છે.)

ઉપર કહેલ તે મોક્ષવિનય દ્વારા આત્માએ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારમાં સમાધિ એટલે પ્રશસ્ત અધ્યવસાયો કેળવવા-પ્રગટાવવા એ તેનું કર્તવ્ય છે. માટે આ અધ્યયનમાં વિનય દ્વારા સમાધિ પ્રાપ્ત કરવાનો ઉપદેશ કરેલો છે.

આ અધ્યયનના ચાર ઉદ્દેશા (પેટા વિભાગો) છે, તેમાં પહેલામાં આચાર્યાદિના વિનયનું વિધાન તથા વિનય કરવાનાં-

નહિ કરવાનાં શુભ-અશુભ પરિણામો ઉદાહરણપૂર્વક જણાવે છે.

## ઉદ્દેશો પઢમો

**થંભા વ કોહા વ મયપ્પમાયા,**
**ગુરુસગાસે વિણયં ન સિક્ખે ।**
**સો ચેવ ઉ તસ્સ અભૂઇભાવો,**
**ફલં વ કીઅસ્સ વહાય હોઇ ।।૧-૧।।**

થંભા-માનથી, અથવા કોહા-ક્રોધથી (અક્ષમાથી), મયપ્પમાયા-માયાથી અથવા પ્રમાદથી (સાધુ) ગુરુસગાસે-ગુરુની પાસે (આસેવનશિક્ષારૂપ) વિનયને ન સિક્ખે-શીખતો (મેળવતો) નથી, સો ચેવ-તે જ અવિનય તસ્સ-તે સાધુને (જેમ) કીઅસ્સ-વંશવૃક્ષનું ફળ (વંશના) વહાય-નાશ માટે થાય તેમ તેને અભૂઇભાવો-અભૂતિભાવરૂપ (ગુણસમ્પત્તિના અભાવ-દરિદ્રતારૂપ) હોઇ-થાય છે. (૧-૧)

સાધુએ જ્ઞાન અને વિનય ગુરુ પાસેથી શીખવાં તે ગ્રહણ-શિક્ષા અને આસેવનશિક્ષા કહેવાય છે. અહીં કહેલા માન-ક્રોધ-માયા અને પ્રમાદ વિનયના ઘાતક કહેવાથી, તેવા દોષવાળો ગુરુ પાસે આસેવન શિક્ષા લઈ શકે નહિ, તેથી

નિર્ધનની જેમ ગુણથી તે દરિદ્ર જ રહે અને ગુણના અભાવે જીવન નિષ્ફળ બને, નાશ થાય. જેમ વાંસને ફળ આવે એટલે વાંસનો નાશ થાય છે તેમ જીવમાં પ્રગટેલા દોષો જ તેના જીવનનો (ભાવપ્રાણોનો) નાશ કરે છે.

તે તે ઉચ્ચજાતિ-કુળ વગેરેના નિમિત્તે પ્રગટેલા મદથી 'હું એને કેમ નમું' એમ માનથી, કોઈ પ્રસંગે ગુરુએ કઠોર વચન કહેવાથી કે સારણા-વારણાદિ કરવાથી થએલા ખેદ, સંતાપ કે અક્ષમા વગેરે ક્રોધથી 'મારું શિર દુ:ખે છે, શૂલથી પીડા થાય છે' વગેરે કપટ કરવાથી અથવા નિદ્રા, વિકથા વગેરે પ્રમાદથી તેમ થવાનો સંભવ છે. તેમાં પણ માની વિનય ન કરે ત્યારે ગુરુ સારણા-વારણાદિ કરે અને તેથી ક્રોધ પ્રગટે. પછી વિનય ન કરવાના બચાવમાં કપટ કરે અને વિનયના અભાવે નિદ્રા-વિકથાદિ પ્રમાદ પણ થાય. એમ માન વગેરે તે તે ક્રમે પ્રગટતા હોવાથી અહીં એ ક્રમ જણાવ્યો છે.

ગૃહસ્થને ધનસમ્પત્તિની જેમ સાધુને ગુણસમ્પત્તિ એ જ સાચું ધન છે, વિનયના અભાવે તે ન મળવાથી સાધુ દરિદ્ર (ગુણહીન) રહે અને એ ગુણહીનતા જ (ઉપલક્ષણથી

અવગુણો જ)તેના જન્મને નાશ કરે-નિષ્ફળ બનાવે, માટે આત્માર્થીએ ગુરુની આગળ માન મૂકીને વિનય કરવો-શીખવો જોઈએ. ૧

**જે આવિ મંદિ ત્તિ ગુરું વિઇત્તા,**
**ડહરે ઇમે અપ્પસુઅત્તિ નચ્ચા ।**
**હીલંતિ મિચ્છં પડિવજ્જમાણા,**
**કરંતિ આસાયણ તે ગુરુણં ।।૧-૨।।**

જે આવિ-જે કોઈ પણ (ક્ષુદ્રપ્રકૃતિવાળો સાધુ) ગુરું-ગુરુને (પોતાના આચાર્યને) મંદેતિ-'મંદ છે' એમ વિઇત્તા-જાણીને, અથવા ઇમે ડહરે-આ ન્હાના (વયથી લઘુ) છે, કે અપ્પસુઅતિ-અલ્પશ્રુતવાળા છે, એમ નચ્ચા-જાણીને તેઓની હીલંતિ-અવહેલના કરે છે, તે-તે સાધુઓ મિચ્છં પડિવજ્જમાણા-મિથ્યાબુદ્ધિને પામેલા ('ગુરુની હીલના નહિ કરવી' એ તત્ત્વને નહિ સમજતા) ગુરુની આશાતનાને કરે છે. (૧-૨)

કોઈ અલ્પબુદ્ધિવાળાને પણ સૌભાગ્ય વગેરે બીજા ગુણોની વિશિષ્ટતાને કારણે આચાર્યપદે સ્થાપ્યા હોય, અન્ય યોગ્ય સાધુના અભાવે કે બીજા કારણે પણ વયથી નાના કે

અલ્પશ્રુતવાળાને આચાર્યપદ આપ્યું હોય, તેને કોઈ અભિમાની ક્ષુદ્ર સાધુ 'હે બુદ્ધિમાન, હે વયોવૃદ્ધ, હે બહુશ્રુત' વગેરે કહી હાંસી કરે અથવા 'હે મન્દબુદ્ધિ, હે બાળ, હે અણપઢ' વગેરે કહી અપમાન કરે તો ગુરુની એવી ઘોર આશાતના કરવાથી તેનું ભવભ્રમણ વધી જાય. માટે આશાતના કરવી નહિ. થોડા પણ સાચા ગુણવાળો કદી કોઈનું અપમાન, નિંદા વગેરે કરતો નથી; કોઈ અયોગ્યને દેખીને પણ કર્મના વિપાકને અને તેની ભાવદયાને ચિંતવે છે. જેને અયોગ્ય ખટકે છે તે સ્વયં અયોગ્ય હોય છે, માટે આત્માર્થીએ કોઈનું અપમાન-નિંદા-હીલના વગેરે કરવું નહિ, એવા દુષ્ટ વિચારો થાય તો તે પોતાની જ ખામી-દુષ્ટતા સમજવી.૨

યોગ્ય સાધુ એવી આશાતના નથી કરતો, પણ એમ વિચારે છે કે -

**પગઈઇ મંદા વિ ભવંતિ એગે,**
**ડહરા વિ અ જે સુઅબુદ્ધોવવેઆ ।**
**આયારમંતો ગુણસુટ્ઠિઅપ્પા,**
**જે હીલિઆ સિહિરિવ ભાસ કુજ્જા ।।૧-૩।।**

કર્મની વિચિત્રતાથી પગઈઇ-પ્રકૃતિથી (સ્વભાવે) મન્દાવિ-

વિશિષ્ટ ક્ષયોપશમરહિત પણ એગે-કોઈ (વયથી વૃદ્ધ) હોય છે અ-અને ડહરા વિ-વયથી લઘુ પણ જે-કોઈ સુઅબુદ્ધોવવેઆ-સદ્બુદ્ધિવાળા (અર્થાત્ શ્રુતજ્ઞાનથી પરિકર્મિતનિર્મળ બુદ્ધિવાળા) તથા ભવિષ્યની અપેક્ષાએ વર્તમાનમાં લઘુવય હોવાથી શ્રુત અને બુદ્ધિથી અલ્પ હોવા છતાં આયારમંતો-જ્ઞાનાદિ પાંચે આચારમાં પ્રવીણ અને (ગચ્છને માટે ઉપધિ આદિનો સંગ્રહ કરવો, સારણાવારણાદિ કરવું, વગેરે) ગુણસુટ્ઠિઅપ્પા-ગુણોમાં સ્થિર પરિણામવાળા હોય છે. (માટે તેઓની હીલના કરવી જોઈએ નહિ કારણકે) સિહિરિવ-અગ્નિની જેમ હીલિઆ-હેલના કરાએલા જે-જેઓ ભાસ-ભસ્મસાત્ કુજ્જા-કરે છે. (૧-૩)

જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસારે અને સદાચારો મોહનીય કર્મના ક્ષયોપશમને અનુસારે પ્રગટે છે, ઉમ્મર સાથે તેનો આવશ્યક સંબંધ નથી. જો કે, મતિ-શ્રુતજ્ઞાન ઈન્દ્રિયજન્ય હોવાથી ઈન્દ્રિયોનું બળ તેમાં આવશ્યક છે, તો પણ મુખ્યતયા જ્ઞાન આત્માનો ગુણ હોવાથી ક્ષયોપશમના પ્રમાણમાં તે પ્રગટે છે. એ કારણે ઉમ્મર મોટી અને શરીર બલવાન છતાં, ક્ષયોપશમ મંદ હોય તો, જ્ઞાન ઓછું પણ

હોય અને ઉમ્મર ઓછી અને શરીર નિર્બળ છતાં, ક્ષયોપશમ તીવ્ર હોય, તો વધારે પણ હોય.

સદાચારનો જ્ઞાન સાથે સંબંધ છતાં કોઈ ઉત્તમ જીવને મોહનીયકર્મનો ક્ષયોપશમ વિશિષ્ટ હોવાથી વિષય કષાયોની મંદતાને કારણે જ્ઞાન ઓછું છતાં, સદાચારો પ્રત્યે વિશેષ આદર પણ હોય. એમ તે તે ગુણો કર્મોની લઘુતાને આશ્રયીને કોઈમાં થોડા તો કોઈમાં વિશેષ પણ હોય, માટે ઉમ્મરથી નાના કે જ્ઞાન-બુદ્ધિથી ન્યૂન પણ કોઈ ચારિત્રગુણની વિશિષ્ટતાને કારણે આચાર્યપદને યોગ્ય હોવાથી આચાર્ય થયા હોય, તેની હીલના ન કરવી જોઈએ, એમ ઉત્તમ સાધુ સમજે છે. એટલું જ નહિ, આચાર્ય ઉત્તમ હોવાથી કોઈનું અહિત કરે નહિ, તો પણ તેઓની આશાતના કરનારો સ્વયં આશાતનાજન્ય પાપકર્મથી પોતાના જ્ઞાનાદિ ગુણોને બાળીને ભસ્મસાત્ (નાશ) કરે છે. અગ્નિને અડપલું કરનારો પોતાના દોષથી જ બળે છે, અગ્નિને 'હું બાળી નાખું' એવી બુદ્ધિ હોતી નથી, તેમ ઉત્તમ આત્માઓ કોઈ અપરાધીનું પણ અહિત કરતા નથી, છતાં અપરાધ કરનારને હાનિ થાય છે. તેમ આચાર્યની પણ આશાતના કરનાર

સ્વયં ગુણભ્રષ્ટ થાય છે. એમ સમજીને આશાતના કરે નહિ. ૩

**એ અર્થને ઉદાહરણથી વિશેષતયા સમજાવે છે કે-**

**જે આવિ નાગં ડહરં તિ નચ્ચા,**
**આસાયએ સે અહિઆય હોઇ ।**
**એવાયરિઅંપિ હુ હીલયંતો,**
**નિઅચ્છઈ જાઇપહં ખુ મંદો ।।૧-૪।।**

જે આવિ-જે કોઈપણ (અજ્ઞપુરુષ) નાગં-સર્પને ડહરં-બાળ (નાનો) છે, તિ નચ્ચા-એમ જાણીને આસાયએ-આશાતના (ઉપદ્રવ) કરે, સે-તેને (તે સર્પ) અહિઆય-અહિતકર (પ્રાણઘાતક) થાય છે, એવ-તે પ્રમાણે (કારણવશાત્ અપરિણતવય કે અલ્પજ્ઞાનવાળાને પણ આચાર્ય પદે સ્થાપ્યા હોય તેવા) આયારિઅં પિ-આચાર્યને પણ હીલયંતો-હીલના કરનારો મંદો-અજ્ઞાની ખુ-નિશ્ચે (બેઈન્દ્રિયાદિ હલકી) જાઇપહં-જાતિમાં ઉત્પન્ન થવાના માર્ગે નિઅચ્છઇ-નીકળે છે (પ્રયાણ કરે છે), અર્થાત્ સંસારમાં ભમે છે. (૧-૪)

પુણ્યવાનના પુણ્યને સહન નહિ કરનારો-એનો તેજોદ્વેષ કરનારો વસ્તુતઃ ઉચ્ચસ્થાને જીવવા માટે અયોગ્ય હોય

છે, નીચી ગતિમાં-હલકી જાતિમાં જીવવાની યોગ્યતાવાળો હોય છે. એ કારણે તેને તેજોદ્વેષ કરવાથી નીચગોત્ર વગેરે અશુભ કર્મોનો બંધ થાય છે અને એના પરિણામે પુનઃ તે હલકા જન્મને પામે છે. જે બીજાના મહત્ત્વને સહન કરી શકે-માન આપી શકે તે જ મહાન્ બનવા યોગ્ય હોય છે, એથી વિપરીત મોટાઓને માનસન્માન આપી શકે નહિ તે પોતે જ અયોગ્ય બનતો જાય છે. નિશ્ચયથી પોતાને મહાન્ બનાવવા બીજાનો વિનય કરવા કહ્યું છે, તેમ નહિ કરનારો પોતાને હલકો બનાવે છે. આ અટલ સિદ્ધાન્તને અનુસરીને અહીં કહ્યું કે આચાર્ય જેવા મહાન્ આત્માની આશાતનાથી હલકી જાતિમાં ઊપજે છે. ૪

**સર્પમાં અને આચાર્યમાં મોટું અંતર જણાવે છે-**

**આસીવિસો વા વિ પરં સુરુટ્ઠો,**
**કિં જીવનાસાઉ પરં નુ કુજ્જા ? ।**
**આયરિઅપાયા પુણ અપ્પસન્ના,**
**અબોહિ-આસાયણ નત્થિ મુક્ખો ।।૧-૫।।**

પરં-બીજા પ્રત્યે સુરુટ્ઠો-અત્યંત રોષે ભરાએલો વિ-પણ આસીવિસો-સર્પ જીવનાસાઉ-પ્રાણોના નાશથી પરં-અન્ય

કિં જુ કુજ્જા ?-શું કરે ? અર્થાત્ કંઈ ન કરે, માત્ર એક જ જન્મમાં પ્રાણ લે ! પુણ-પુનઃ (આશાતના કરવાથી) અપ્પસન્ના-અપ્રસન્ન થયેલા (આશાતના કરનારને કુપાત્ર જાણી અનુગ્રહ નહિ કરતા) આયરિઅપાયા-આચાર્ય ભગવંત પણ અબોહિં-અબોધિને (આશાતનાથી બાંધેલા મિથ્યાત્વકર્મના ઉદયના બળે સમ્યક્ત્વથી વંચિત) કરે છે માટે ગુરુની આસાયણા-આશાતનાથી મુક્ખો-મોક્ષ (સંસારનો અંત) નત્થિ-થતો નથી. (૧-૫)

**જો પાવગં જલિઅમવક્કમિજ્જા,**
**આસીવિસં વા વિ હુ કોવઇજ્જા ।**
**જો વા વિસં ખાયઇ જીવિઅટ્ઠી,**
**એસોવમાऽऽસાયણાયા ગુરુણં ।।૧-૬।।**

જો-જે (કોઈ) જલિઅં પાવગં-સળગેલા અગ્નિને અવક્કમિજ્જા-સ્પર્શીને ઉભો રહે, અથવા આસીવિસં-સર્પને કોવઇજ્જા-કુપિત કરે, અથવા જે જીવિઅટ્ઠી-જીવવાનો અર્થી (જીવવા માટે) ઝેરને ખાયઇ-ખાય, એસોવમા-એ ઉપમા ગુરુણં-ગુરુઓની આસાયણાયા-આશાતના વડે સમજાવી.

અર્થાત્ અગ્નિ, સર્પ અને ઝેરથી જેમ અહિત થાય તેવી રીતે ગુરુની આશાતનાથી અહિત થાય. (૧-૬)

સળગતા અગ્નિ વગેરેથી દ્રવ્યપ્રાણોનો નાશ થાય છે, તેમ ગુરુની આશાતનાથી સમ્યગ્ જ્ઞાનાદિ ભાવપ્રાણોનો નાશ થાય છે પરંતુ ગુરુનું અહિત થતું નથી. ૬

એ ઉપમાઓમાં પણ અપવાદ કહે છે-

**સિઆ હુ સે પાવય નો ડહિજ્જા,**
**આસીવિસો વા કુવિઓ ન ભક્ખે ।**
**સિઆ વિસં હાલહલં ન મારે,**
**ન આ (યા) વિ મુક્ખો ગુરુહીલણાએ ।।૧-૭।।**

સિઆ-કદાચિત્ મન્ત્ર વગેરેના પ્રયોગથી સે-તેને સળગતો પણ પાવય-અગ્નિ નો ડહિજ્જા-ન બાળે, અથવા કુપિત પણ સર્પ ન ભક્ખે-ન ડસે અને કદાચિત્ હાલહલં વિસં-અતિ રૌદ્ર (આકરું) ઝેર પણ ન મારે, એવું બને આવિ-તથાપિ ગુરુહીલણાએ-ગુરુની આશાતનાથી ન મુક્ખો-મુક્તિ ન જ થાય. અર્થાત્ આશાતનાનું પાપ ભોગવ્યા વિના ન છૂટે. (૧-૭)

અગ્નિને સ્પર્શવો, સર્પને સતાવવો, કે ઝેર ખાવું, વગેરે લૌકિક ભૂલો કરવા છતાં તેનાથી બચવાના ઉપાયો જગતમાં છે. મંત્ર તંત્ર વગેરે અગ્નિ કે સર્પાદિને પણ વશ કરી શકે છે. લોકોત્તર ભૂલો કર્યા પછી તેમાંથી બચવાના કોઈ ઉપાય નથી, તેનાથી બંધાએલું કર્મ અવશ્ય દુઃખી કરે છે. જગતની સર્વ સત્તાઓથી બળવાન્ એક કર્મ સત્તા અદૃષ્ટપણે એવું સંચાલન કરી રહી છે કે તેના પાશમાંથી કોઈ છૂટી-છોડાવી શકતું નથી.

જિનેશ્વરોની આજ્ઞાનું પાલન કરવારૂપ એક જ ધર્મસત્તા એવી છે કે જે કર્મસત્તામાંથી છોડાવી શકે છે. અપેક્ષાએ એમ કહી શકાય કે ધર્મસત્તાથી બેવફા જીવોને કર્મસત્તા પોતાના બળ નીચે દબાવીને ધર્મસત્તાના વફાદાર બનાવે છે. માટે જ 'કર્મથી ગભરાયેલા ધર્મનું શરણ સ્વીકારવા સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી' એમ શ્રી જિનેશ્વરોએ ભારપૂર્વક જાહેર કર્યું છે. જે ધર્મને અને કર્મને અવગણે તે કદાપિ સુખ પામી શકે નહિ. કોઈવાર જીવન સામગ્રીના સંયોગરૂપ આપાતમધુર સુખો મળે તો પણ તે ભવિષ્યમાં વધારે દુઃખી કરે. માટે જ જ્ઞાનીઓએ 'સંજોગમૂલા જીવેણ પત્તા દુક્ખપરંપરા' એમ કહ્યું છે. ગુરુનો

વિનય પણ એ અહિતકર સર્વ સંયોગોમાંથી છૂટવા માટે જ આવશ્યક છે. તેને બદલે ઊલટી આશાતના કરે તો દુ:ખી થાય. એ સ્પષ્ટ સમજાય તેવી નક્કર સત્ય હકીકત છે. ૭

**જો પવ્વયં સિરસા ભિત્તુમિચ્છે,**
**સુત્ત વ સીહં પડિબોહઇજ્જા ।**
**જો વા દએ સત્તિઅગ્ગે પહારં,**
**એસોવમાઽઽસાયણયા ગુરુણં ।।૧-૮।।**

જો-જે સિરસા-મસ્તક વડે પવ્વયં-પર્વતને ભિત્તું-તોડવા ઇચ્છે, સુત્તં વ સીહં-અથવા સૂતેલા સિંહને પડિબોહઇજ્જા-જગાડે, અથવા જે સત્તિઅગ્ગે-શક્તિની તીક્ષ્ણ અણી ઉપર પહારં-હાથવડે પ્રહાર દએ-દે, એ ઉપમા ગુરુની આશાતના વડે સમજવી. અર્થાત્ ગુરુઆશાતનાથી તેવું આહિત થાય. (૧-૮)

અહીં શક્તિ એટલે ભાલા જેવું તીક્ષ્ણ અણીદાર શસ્ત્ર સમજવું. તેને હાથથી પ્રહાર કરતાં હાથ વીંધાય, પર્વતને તોડતાં ખોપરી ફૂટે અને સૂતેલો સિંહ જગાડનારને ભરખી ખાય, તેમ ગુરુની આશાતનાથી ગુરુનું અહિત ન થાય પણ આશાતના કરનારનું અવશ્ય અહિત થાય. ૮

સિઆ હુ સીસેણ ગિરિંપિ ભિંદે,

સિઆ હુ સીહો કુવિઓ ન ભક્ખે ।

સિઆ ન ભિંદિજ્જ વ સત્તિઅગ્ગં,

ન આ(યા)વિ મુક્ખો ગુરુહીલણાએ ।।૧-૯।।

સિઆ-કદાચિત્ કોઈ ઉત્તમદેવ વગેરેના પ્રભાવથી (સહાયથી) સીસેણ-મસ્તક વડે ગિરિંપિ-પર્વતને પણ ભિંદે-તોડે, કદાચિત્ (મંત્ર વગેરેના સામર્થ્યથી) કુપિત સિંહ ભક્ષણ ન કરે અને કદાચિત્ (દેવની સહાયથી) શક્તિને પ્રહાર કરે (પ્રહાર કરવા છતાં હાથ ન છેદાય), પણ ગુરુની હીલના (આશાતના)થી મુક્તિ ન થાય. (અર્થાત્ અવશ્ય આશાતના કરનારનું અહિત થાય.) (૧-૯)

આયરિયપાયા પુણ અપ્પસન્ના,

અબોહી આસાયણ નત્થિં મુક્ખો ।

તમ્હા અણાબાહસુહાડભિકંખી,

ગુરુપ્પસાયાડભિમુહો રમિજ્જા ।।૧-૧૦।।

વળી અપ્રસન્ન થએલા આચાર્યભગવંત અબોધિને કરે, માટે ગુરુઆશાતનાથી મુક્તિ થતી નથી. (એમ પૂર્વાર્દ્ધનો અર્થ પાંચમી ગાથાના ઉત્તરાર્દ્ધ તુલ્ય સમજવો.) તમ્હા-તે

કારણે અણાબાહસુહાઽભિકંખી–મોક્ષના સુખનો અભિલાષી મુનિ ગુરુપ્પસાયાઽભિમુહો–(આચાર્યાદિ) ગુરુઓના પ્રસાદને મેળવવા માટે ઉદ્યુક્ત (ઊજમાળ) થઈને રમિજ્જા–રમે (વર્તે) અર્થાત્ તેઓના હાર્દિક આશયને જોઈ–જાણીને સર્વ કાર્યો તે પ્રમાણે કરે. (૧–૧૦)

કહ્યું છે કે–"ધ્યાનમૂલં ગુરોર્મુર્તિ:, પૂજામૂલં ગુરો: પદૌ । મન્ત્રમૂલં ગુરોર્વાક્યં, મોક્ષમૂલં ગુરો: કૃપા ।।૧।। ગુરુની આકૃતિનું ધ્યાન સર્વશ્રેષ્ઠ ધ્યાન છે, ગુરુના પગની પૂજા એ સર્વથી શ્રેષ્ઠ પૂજા છે, ગુરુનું વાક્ય (આદેશ) સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર છે અને ગુરુની કૃપા એ મોક્ષનું મૂળ છે." અર્થાત્ મોક્ષાર્થીએ સૌથી પ્રથમ ગુરુકૃપા મેળવવી જોઈએ, કારણકે એ સિવાય નાનો મોટો કોઈ ગુણ પ્રગટતો નથી અને પ્રગટે તો આત્મહિત કરી શકતો નથી. ગુરુકૃપા વિના ગમે તેવો જ્ઞાની કે ક્રિયાવાન્ પણ પ્રશમભાવ વગેરે સમાધિનાં અંગોને પામી શકતો નથી અને સમાધિ (સામાયિક) વિના મુક્તિ કદાપિ થતી નથી. માટે અહીં ગુરુની પ્રસન્નતા જોઈ–જાણીને તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ કર્યો છે. ૧૦

હવે ગુરુનો વિનય કેવો કરવો જોઈએ તે સમજાવે છે -

જહાહિઅગ્ગી જલણં નમંસે,
　　નાણાહુઈમંતપયાભિસિત્તં ।
એવાયરિઅં ઉવચિટ્ઠઇજ્જા,
　　અણંતનાણોવગઓડવિ સંતો ।।૧-૧૧।।

જહા-જે રીતે આહિઅગ્ગી-અગ્નિદેવનો પૂજક (ઘરમાં અગ્નિને સતત જાગતો-સળગતો રાખીને પૂજનાર અગ્નિનો પૂજક-બ્રાહ્મણ) નાણાહુઈ-વિવિધ આહુતિઓથી (ઘી વગેરેના સિંચનથી) અને 'અગ્નયે નમઃ સ્વાહા' વગેરે મંતપય-મંત્રપદોથી અભિસિત્તં-સંસ્કાર કરાએલા જલણં-અગ્નિને નમંસે-નમે છે, એવં-એ રીતે અણંતનાણોવગઓ વિ સંતો-અનંત જ્ઞાનને પામેલો છતો પણ (સાધુ) આયરિઅં-આચાર્યને (ગુરુને) ઉવચિટ્ઠઇજ્જા-સમીપ રહે, અર્થાત્ સેવે-તેઓનો વિનય કરે. (૧-૧૧)

દેવસેવાની જેમ ગુરુસેવા કરવી, અગર અપેક્ષાએ દેવથી પણ ગુરુનો વિનય અધિક કરવો. શાસ્ત્રોમાં કહ્યું પણ છે કે 'તીર્થંકર કરતાં તીર્થનો મહિમા વધારે છે' અર્થાત્ તીર્થંકરો તો મોક્ષમાર્ગને બતાવનારા-તીર્થ પ્રવર્તાવનારા હોવાથી તીર્થંકર

છે. તીર્થસ્વરૂપ હોવાથી તારક તો ગુરુ છે, માટે તીર્થંકરો કરતાંય ગુરુનો ઉપકાર વધારે છે. તીર્થંકરે સ્થાપેલા તીર્થને સર્વદેશોમાં અને સર્વકાળમાં પ્રચારનારા ચલાવનારા ગુરુઓ છે. 'દેવ, ગુરુ અને ધર્મ' એ ત્રણે તત્ત્વોમાં 'દેહલી-દીપક' ન્યાયે દેવ અને ધર્મને ઓળખાવનારા હોવાથી પણ ગુરુ અધિક ઉપકારી છે, જે ગુરુને પ્રસન્ન કરી શકતો નથી તે દેવને કદાપિ પ્રસન્ન કરી શકતો નથી. કહ્યું છે કે ગુરુની આજ્ઞાનો વિરાધક જિનકથિત તપ-જપ વગેરે ઉત્કૃષ્ટ અનુષ્ઠાનોને કરે તો પણ જિનાજ્ઞાનો પાલક નથી. માટે ગુરુને ધર્મનું સર્વસ્વ માનીને વિનયથી સેવવા જોઈએ. ૧૧

**જસ્સંતિએ ધમ્મપયાઇં સિક્ખે,**<br>
**તસ્સંતિએ વેણઇયં પઉંજે ।**<br>
**સક્કારએ સિરસા પંજલીઓ,**<br>
**કાયગ્ગિરા ભો ! મણસા અ નિચ્ચં ।।૧-૧૨।।**

ભો-હે શિષ્ય ! જસ્સ અંતિએ-જેની પાસે ધમ્મયાઇં-ધર્મનાં પદોને (ધર્મશાસ્ત્રોને) શીખે તસ્સ અંતિએ-તેની પાસે (તેનો) ભણવાના કાળે જ નહિ, પણ નિચ્ચં-હંમેશાં-સતત વેણઇયં-વિનય પઉંજે-કરે. કેવી રીતે કરે ? તે કહે છે કે- ઉભા

થવું વગેરે સક્કારએ-સત્કાર કરે, સિરસા-મસ્તક વડે નમે, અથવા મસ્તક સાથે પંજલીઓ-બે હાથ જોડીને અર્ધા કાય(દેહને)-શરીરથી નમે, ગિરા-વચનથી 'મત્થએણ વંદામિ' વગેરે મણસા અ-અને મનથી ભાવપ્રતિબંધ એટલે પૂજ્યભાવ-બહુમાન-કૃતજ્ઞતા-ગુણાનુરાગ વગેરે પ્રશસ્તભાવ રાખે. એમ મન, વચન અને કાયાથી ગુરુનો સદા (રાત્રિ-દિવસ) સતત વિનય કરવો જોઈએ. (૧૨)

**મનથી ગુરુ પ્રત્યે કેવું સન્માન રાખે તે કહે છે કે-**

**લજ્જા-દયા-સંજમ-બંભચેરં,**
**કલ્લાણભાગિસ્સ વિસોહિઠાણં ।**
**જે મે ગુરુ સયયમણુસાસયંતિ,**
**તેઽહં ગુરુ સયયં પૂયયામિ ।।૧-૧૩।।**

લજ્જા-લજ્જા (દોષ સેવવાનો ભય), દયા-અનુકમ્પા (આર્દ્રહૃદય), પૃથ્વીકાયાદિ જીવોની સંજમ-રક્ષા અને બંભચેરં-બ્રહ્મચર્ય (પાંચે ઈન્દ્રિયો અને મનની પવિત્રતારૂપ વિશુદ્ધ તપનું સેવન), આ ગુણો કલ્લાણભાગિસ્સ-ઉત્તમ આત્માને (દોષોમાંથી બચાવીને ધર્મમાર્ગમાં જોડવારૂપ) વિસોહિઠાણં-વિશુદ્ધિનાં સ્થાનો છે. (આત્માના કર્મમેલનો

નાશ કરનારા છે) એ ગુણો મે-મને જે-જે ગુરુ-આચાર્ય સયયં-સતત (હંમેશાં) અણુસાસયંતિ-શીખવાડે છે. અર્થાત્ એ ગુણો દ્વારા મને જે ગુરુ સતત યોગ્ય (પવિત્ર) બનાવે છે તે ગુરુ-તે ગુરુને અહં-હું સયયં-સતત પૂયયામિ-પૂજું-સેવું-વિનય કરું, (તેમની તુલ્ય બીજા કોઈ મારા હિતસ્વી નથી, એવી ભાવના-સદ્ભાવ રાખે.) (૧-૧૩)

ઉપકારી બે પ્રકારે છે, એક અનંતર અને બીજા પરંપર. જેઓનો સાક્ષાત્ ઉપકાર હોય તે અનંતર અને પરોક્ષ ઉપકારી હોય તે પરંપર કહેવાય. તીર્થંકરોથી માંડીને પૂર્વ મહર્ષિઓ પરંપર ઉપકારી છે અને સંયમને શીખવાડનાર ગુરુ સાક્ષાત્ ઉપકારી હોવાથી અનંતર ઉપકારી છે. એમ તેઓ સૌથી વધારે-નજીકના ઉપકારી ગણાય છે, માટે તેમની તુલ્ય બીજા કોઈ ઉપકારી નથી એમ માને. ૧૩

**જહા નિસન્તે તવણચ્ચિમાલી,**
**પભાસઈ કેવલભારહં તુ ।**
**એવાયરિયો સુઅસીલબુદ્ધિએ,**
**વિરાયઈ સુરમજ્ઝે વ ઇંદો ।।૧-૧૪।।**

વળી આચાર્ય એ કારણે પૂજ્ય છે કે જહા-જેમ નિસન્તે-

રાત્રિને અંતે (દિવસે) તવણચ્ચિમાલી-તપતો એવો સૂર્ય કેવલ-સમ્પૂર્ણ ભારહં-ભરતક્ષેત્રને અને ક્રમશઃ પરિભ્રમણ કરતો તુ-અન્ય ક્ષેત્રોને પભાસઈ-પ્રકાશિત કરે છે, એવં-એ પ્રમાણે આયરિઓ-આચાર્ય સુઅસીલ બુદ્ધિએ-શ્રુતજ્ઞાનથી, સદાચારથી અને સ્વાભાવિક બુદ્ધિથી જીવ અજીવાદિ ભાવોને પ્રકાશે છે-સમજાવે છે. અને સુરમજ્ઝે ઇંદો વ-દેવોમાં ઇંદ્ર શોભે તેમ (ઉત્તમ સાધુઓથી પરિવરેલા) તેઓ સાધુઓમાં વિરાયઈ-શોભે છે. (૧-૧૪)

**જહા સસી કોમુઇજોગજુત્તો,**
**નક્ખત્ત-તારાગણપરિવુડપ્પા ।**
**ખે સોહઈ વિમલે અબ્ભમુક્કે,**
**એવં ગણી સોહઇ ભિક્ખુમજ્ઝે ।।૧-૧૫।।**

જેમ કોમુઇજોગજુત્તો-કૌમુદીના સંયોગથી યુક્ત (કાર્તિક પૂર્ણિમાની રાત્રે ઊગેલો) નક્ખત્ત-તારાગણ-પરિવુડપ્પા-નક્ષત્ર અને તારાઓના સમૂહથી પરિવરેલો અબ્ભમુક્કો-વાદળ રહિત સસી-ચંદ્ર વિમલે-નિર્મળ ખે-આકાશમાં સોહઇ-શોભે, એવં-એ રીતે ભિક્ખુમજ્ઝે-સાધુઓ મધ્યે (રહેલા) ગણી-આચાર્ય શોભે છે. (અર્થાત્ એવું વિચારે) (૧-૧૫)

આ બે વૃત્તોમાં આચાર્યોને સૂર્ય અને ચંદ્રની સાથે સરખાવ્યા છે, તેમાં એ ભાવ છે કે આચાર્ય પોતાના જ્ઞાનદ્વારા પ્રત્યક્ષ-પરોક્ષ ભાવોને પ્રકાશ કરનારા, તપના તેજથી દીપતા અને સદાચારથી શોભતા હોવાથી સૂર્યની જેમ જગતને ઉપકાર કરનારા હોય છે. ઘુવડની જેમ ભારેકર્મી આત્માને આવા આચાર્યનું વાસ્તવિક દર્શન થતું નથી, તેઓના ગુણો કે ઉપકાર ઓળખાતા નથી. એથી દુરાચારીઓ સૂર્યનો દ્વેષ કરે તેમ દુર્જનો આચાર્યનો દ્વેષ-આશાતના કરે છે. ઘુવડ સૂર્યની સામે ટકી શકતો નથી તેમ મિથ્યાવાદીઓ પણ ઉત્તમ આચાર્યથી નાસતા ફરે છે, વગેરે વિવિધ રીતે સૂર્યની ઉપમા આચાર્યમાં ઘટે છે.

ચંદ્રની ઉપમા પણ એ રીતે ઘટે છે કે દિવસે તાપથી સંતપ્ત થએલા જીવોને ચંદ્ર શીતલતા ઉપજાવે છે, તેમ વિષય-કષાયની પરાધીનતા વગેરે સંસારનાં દુઃખોથી સંતપ્ત થએલા જીવોને આચાર્ય ઉપશમભાવનું સાન્તવન આપે છે. સૂર્યમાં ભીમ ગુણ અને ચંદ્રમાં કાન્ત ગુણ છે, ત્યારે આચાર્યમાં ભીમ-કાન્ત બન્ને ગુણો હોય છે. ભીમ ગુણથી ભવ્ય પ્રાણીઓને અસંયમથી બચાવે છે અને કાન્તગુણથી તેઓનું આવર્જન

કરી સન્માર્ગે દોરે છે વગેરે યથાઘટિત વિચારીને તેઓ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવવો જોઈએ. ૧૫

**મહાગરા આયરિઆ મહેસી,**
**સમાહિજોગે સુઅસીલબુદ્ધિએ ।**
**સંપાવિઉકામે અણુત્તરાઇં,**
**આરાહએ તોસઇ ધમ્મકામી ।।૧-૧૬।।**

આયરિઆ-આચાર્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ભાવરત્નોની મહાગરા-મોટી ખાણ છે. તથા સમાહિજોગે-સમાધિરૂપ યોગોથી (વિશિષ્ટ ધ્યાનથી) સુઅ-શ્રુતજ્ઞાનથી (દ્વાદશાંગીરૂપ આગમના બળે), સીલ-સદાચારથી અને ઔત્પાતિકી વગેરે બુદ્ધિએ-બુદ્ધિથી મહેસી-મોક્ષની ઈચ્છાવાળા છે. (અન્ય આચાર્યો 'ધ્યાન યોગ શ્રુત શીલ અને બુદ્ધિની ખાણ સરખા આચાર્ય મોક્ષની ઈચ્છાવાળા છે' એમ અર્થ કરે છે) તેઓને અણુત્તરાઇં-અપૂર્વ જ્ઞાનાદિ ગુણોને સંપાવિઉકામે-મેળવવાની ઈચ્છાવાળો (માત્ર જ્ઞાનાદિ ગુણોને મેળવવાની ઈચ્છાથી જ નહિ, પણ) ધમ્મકામી-કર્મની નિર્જરાને ઈચ્છતો સાધુ એવી રીતે વિનય કરીને આરાહએ-આરાધે કે તેઓને તોસઇ-સંતોષ પમાડે, અર્થાત્ અમુક કારણે-અમુક પ્રસંગે જ વિનય

કરીને અટકી ન જતાં વારંવાર સતત વિનય કરીને પ્રસન્ન કરે. (૧-૧૬)

માત્ર જ્ઞાનાદિ મેળવવાના ધ્યેયથી વિનય કરનાર યથાર્થ વિનય કરી શકે નહિ. કર્મોની નિર્જરાના ધ્યેયથી વિનય કરનારને નિર્જરા થવાથી ગુણો તો પ્રગટે અને ઉપરાંત મુક્તિ પણ થાય. માટે ગુરુનો વિનય એક મુક્તિના ધ્યેયથી કરવો. એ રીતે કરેલો વિનય ગુરુને પ્રસન્ન કરી શકે છે અને ગુરુની એવી પ્રસન્નતાથી-આશીર્વાદથી સર્વકાર્યોની સિદ્ધિ થાય છે. ૧૬

**સુચ્ચાણ મેહાવિ સુભાસિઆઇં,**
**સુસ્સએ આયરિઅપ્પમત્તો ।**
**આરાહઇત્તાણ ગુણે અણેગે,**
**સે પાવઇ સિદ્ધિમણુત્તરં - તિબેમિ ।।૧-૧૭।।**

મેહાવી-બુદ્ધિમાન્ સાધુઓ (ગુરુવિનયના ફળને જણાવનારાં) સુભાસિઆઇં-સદ્વાક્યોને સુચ્ચા-સાંભળીને આચાર્યને અપ્પમત્તો-અપ્રમત્ત થઈને સુસ્સએ-શુશ્રુષા (સેવા) કરે (જે એ રીતે ગુરુસેવામાં તત્પર બને) સે-તે જ્ઞાનાદિ અણેગે ગુણે અનેક ગુણોને આરાહઇત્તાણ-આરાધીએ તે જ ભવમાં

કે અન્યભાવોમાં સુકુલમાં જન્મ વગેરે ધર્મસામગ્રી પામીને પરંપરાએ અણુત્તરં સિદ્ધિં-અનુત્તર સિદ્ધિને અર્થાત્ મુક્તિને પાવઇ-પામે, તિબેમિ-એ પ્રમાણે હું (કહેલું) કહું છું. (૧-૧૭)

અહીં બુદ્ધિમાન્ કહેવામાં આશય એ છે કે જે સદ્વાક્યોને સાંભળીને તે પ્રમાણે આરાધે તે જ બુદ્ધિમાન્ છે. વળી જે એ પ્રમાણે વિનય કરે તેની તે ભવમાં કે અન્ય ભવોમાં અવશ્ય મુક્તિ થાય જ, એ નિશ્ચિત જણાવ્યું છે. અપ્રમત્તપણે ન આરાધે તો વચ્ચે વચ્ચે અકુશળ પરિણામો (દુષ્ટ ભાવો) આવી જતાં કરેલી આરાધના નિષ્ફળ જાય, સાનુબંધ આરાધના ન થાય અને તેથી મુક્તિ ન થાય, માટે અપ્રમત્તપણે એટલે સતત સાવધાનીપૂર્વક આરાધે. આ કારણે જ નાનું પણ ધર્માનુષ્ઠાન સતત સેવવું એમ જ્ઞાનીઓએ કહેલું છે. ક્રિયામાં સાતત્ય ગુણ ક્રિયાને શીઘ્ર ફળવતી બનાવનાર છે. એના વિના તૂટક મોટી આરાધના કરે તો પણ તેનું ફળ યથાર્થ કે શીઘ્ર મળતું નથી. ૧૭

**સમત્તો નવમજ્ઝયણસ્સ પઢમો ઉદ્દેસો ।**

**નવમા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સંપૂર્ણ**

# અધ્યયન નવમું – ઉદ્દેશો બીજો

આ ઉદ્દેશામાં વિનયને ધર્મના મૂળ તરીકે ઓળખાવી તેનાં ક્રમિક ફળો જણાવ્યાં છે. તે પછી 'રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારી' એ કહેવતને ચરિતાર્થ કરતું અવિનીતને આ જન્મમાં કેવી હાનિ થાય છે તે જણાવ્યું છે, તે પછી તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિમાં પણ જીવો વિનય-અવિનયનાં કેવાં ફળો અનુભવે છે તે કહ્યું છે અને લૌકિક વિદ્યા માટે પણ વિવિધ કષ્ટો ભોગવવાં પડે છે તથા વિનય કરવો પડે છે, તો લોકોત્તર (વિદ્યા જ્ઞાનક્રિયા) માટે તો ગુરુવિનય અવશ્ય કરવો જ જોઈએ, એમ વિધાન કરી વિનય કરવાની રીત અને અવિનય થઈ જાય તો તો ગુરુને તુર્ત ખમાવવા વગેરે કહ્યું છે. ઉત્તમ આત્મા પ્રકૃતિથી વિનીત હોવાથી તે વિનયને સ્વયં સમજે છે અને કરે છે, એથી વિપરીત ભારેકર્મી મૂઢ વારંવાર પ્રેરણા કરવા છતાં વિનય કરતો નથી, કરે તો પણ અપ્રસન્ન રહે છે, ઈત્યાદિ ઉત્તમ-અધમ જીવનું અંતર જણાવ્યું છે. પ્રાન્તે વિનીતનો અવશ્ય મોક્ષ થાય છે, માટે વિનય કરવો જોઈએ, એમ કહીને બીજા ઉદ્દેશોને પૂર્ણ કર્યો તે ક્રમશઃ ગાથાઓથી સમજી શકાશે.

મૂલાઉ ખંધપ્પભવો દુમસ્સ,
ખંધાઉ પચ્છા સમુવિંતિ સાહા ।
સાહપ્પસાહા વિરુહંતિ પત્તા,
તઓ સે પુપ્ફં ચ ફલં રસો અ ।।૨-૧।।

જેમ દુમસ્સ-વૃક્ષના મૂલના-મૂલમાંથી ખંધપ્પભવો-સ્કંધની ઉત્પત્તિ થાય છે, પચ્છા-તે પછી સ્કંધમાંથી સાહા-મોટી શાખાઓ સમુવિંતિ-ઊગે (પ્રગટે) છે, સાહાપ્પસાહા પત્તા-શાખામાંથી પ્રશાખાઓ (અને તેમાંથી) પત્રો વિરુહન્તિ-ઊપજે (પ્રગટે) છે, ઓ-તે પછી સે-તે વૃક્ષને ક્રમશઃ પુપ્ફં ચ ફલં રસો અ-પુષ્પ અને ફળ (તથા ફળમાં) રસ પ્રગટે છે. (૨-૧)

એવં ધમ્મસ્સ વિણઓ, મૂલં પરમો સે મુક્ખો ।
જેણ કિત્તિં સુઅં સિગ્ધં, નીસેસં ચાભિગચ્છઇ ।।૨-૨।।

એવં-વૃક્ષના મૂળની જેમ ધમ્મસ્સ-ધર્મરૂપ પરમ કલ્પવૃક્ષનું મૂળ વિનય છે અને સે-તેનો પરમો-છેલ્લો લાભ મુક્ખો-મોક્ષ છે, વચ્ચેના સ્કંધ, શાખા વગેરેને સ્થાને દેવભવની પ્રાપ્તિ, મનુષ્યભવ તેમાં આર્યદેશ, સુકુલમાં જન્મ, દીર્ઘાયુષ્ય, વગેરે મળે છે. માટે વિનય કરણીય છે. તે કેવો કરવો ?

તે કહે છે કે જેણ–જે વિનયથી સર્વત્ર પ્રશંસા રૂપ કિત્તિં–કીર્તિને, દ્વાદશાંગી વગેરે સુઅં–શ્રુતજ્ઞાનને, ચ–અને (બીજું પણ જે જે) સિગ્ઘં–શ્લાઘનીય (પ્રશંસનીય હોય તે) નીસેસં–સઘળું સંપૂર્ણ અભિગચ્છઇ–પામી શકાય. (૨–૨)

**જે અ ચંડે મિએ થદ્ધે, દુવ્વાઈ નિયડી સઢે ।**
**વુજ્ઝઇ સે અવિણીઅપ્પા, કટ્ઠં સોઅગયં જહા ।।૨–૩।।**

**વિણયંપિ જો ઉવાએણં, ચોઇઓ કુપ્પઈ નરો ।**
**દિવ્વં સો સિરિમિજ્જંતિં, દંડેણ પડિસેહએ ।।૨–૪।।**

જે અ–અને જે ચંડે–રીસાઈ (ક્રોધી), મિએ–અજ્ઞ (હિતવચન કહેવા છતાં રોષ કરનારો અજ્ઞાની) થદ્ધે–(જાતિમદ વગેરેથી) અભિમાની, દુવ્વાઈ–દુષ્ટભાષી (અપ્રિયવાદી), નિયડી–કપટી અને સઢે–શઠ (સંયમના કાર્યોમાં અનાદરવાળો), એવો જે એ દોષોથી વિનય કરતો નથી સે–તે અવિણીઅપ્પા–અવિનીત આત્મા જહા–જેમ સોઅગયં–(નદી વગેરેના) પ્રવાહમાં પડેલું કટ્ઠં–કાષ્ઠ તણાય તેમ સંસારના પ્રવાહમાં વુજ્ઝઇ–તણાય છે. અર્થાત્ ચારે ગતિમાં ભ્રમણ કરે છે. (૨–૩)

વળી ગુર્વાદિએ એકાન્ત મૃદુ અને હિતકર વચન કહેવારૂપ ઉવાએણં-પ્રયત્નપૂર્વક અપિ-પણ વિનયં-વિનય પ્રત્યે ચોઇઓ-પ્રેરેલો જો નરો-જે મનુષ્ય કુપ્પઇ-કોપ કરે છે સો-તે ઇજ્જંતિ-આવતી દિવ્વં સિરિ-દિવ્ય લક્ષ્મીને દંડેણ-દંડા વડે પડિસેહએ-રોકે છે-પાછી વાળે છે. (૨-૪)

હારિભદ્રીય ટીકામાં 'વિણાયંપિ' પાઠ છે અને અન્ય ગ્રંથોમાં 'વણાયંમિ' પાઠ છે, અહીં ભાવાર્થ એ છે કે વિનયથી સમ્પત્તિ મળે છે, તેમાં ભૂલ થતાં કોઈ સુધારે તો તે ઉપકારી છે, છતાં તેના ઉપર કોપ કરે તો તે વસ્તુતઃ વિનયથી મળનારી સંપત્તિને જ ધક્કો મારે છે, એમ સમજાવ્યું છે. ૪

**તિર્યંચો પણ વિનયથી સુખી અને અવિનયથી દુઃખી થાય છે તે કહે છે-**

**તહેવ અવિણીઅપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસંતિ દુહમેહંતા, આભિઓગમુવટ્ઠિઆ ।।૨-૫।।**

**તહેવ સુવિણીઅપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસંતિ સુહમેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ।।૨-૬।।**

તહેવ-તેવી રીતે (અવિનીત મનુષ્યની જેમ) ઉવવજ્ઝા-(રાજા વગેરે પુણ્યવંતોને) ઉપવાહ્ય (અર્થાત્ સવારી વગેરે કરવા યોગ્ય) હયા ગયા-ઘોડાઓ, હાથીઓ, (અને ઉપલક્ષણથી પાડા) વગેરે તિર્યંચો પણ રાજા વગેરેનું આભિઓગં-સેવકપણું (વેઠ) ઉવટ્ઠિઆ-પામેલા જે જે અવિણીઅપ્પા-અવિનીત હોય છે, તેઓ (ભાર ઉપાડવા, ભૂખ્યા રહેવું, માર ખાવો, મકાનમાં પૂરાઈ રહેવું વગેરે વિવિધ) દુહં-દુ:ખને એહંતા-અનુભવતા દીસિંતિ-દેખાય છે. (૨-૫)

તહેવ-તેવી રીતે (વિનીત મનુષ્યની જેમ) રાજાદિને ઉપવાહ્ય એવા ઘોડાઓ, હાથીઓ, વગેરે રાજાદિનું સેવકપણું (વેઠ) પામેલા જે જે સુવિણીઅપ્પા-સુંદર વિનીત હોય છે, તેઓ (માલિકનું વાત્સલ્ય, પ્રેમ, સુંદર આહાર-પામી, આરામ, ઈત્યાદિ) ઇડ્ઢિ-ઋદ્ધિને (સુખ સમૃદ્ધિને) પત્તા-પામેલા મહાયસા-મોટા યશવાલા (ઉત્તમ તરીકે પ્રસિદ્ધ થએલા) સુખને અનુભવતા પણ દેખાય છે. (૨-૬)

**હવે મનુષ્ય વિનય-અવિનયથી કેવું સુખ-દુ:ખ પામે છે તે કહે છે-**

તહેવ અવિણીઅપ્પા, લોંગંસિ(મિ) નરનારીઓ ।
દીસંતિ દુહમેહંતા, છાયા વિગલિતેંદિઆ ।।૨-૭।।

(ચોથો પાદ 'છાયા તે વિગલેંદિઆ' એમ પણ કહે છે)

દણ્ડ-સત્થ-પરિજુણ્ણા, અસબ્ભવયણેહિ ય ।
કલુણા વિવન્નછંદા, ખુપ્પિવાસા પરિગયા ।।૨-૮।।

તહેવ સુવિણીઅપ્પા, લોગંસિ નરનારીઓ ।
દીસંતિ સુહમેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ।।૨-૯।।

તહેવ-તે (રીતે તિર્યંચોની જેમ) લોગંસિ-મનુષ્યલોકમાં અવિણીઅપ્પા-અવિનીત નરનારીઓ-પુરુષો અને સ્ત્રીઓ છાયા-(ચાબૂક વગેરેના મારથી શરીર ઉપર પડેલાં) ચંદાવાળા અને (પરદારા સેવન વગેરે અકાર્ય કરવાથી) વિગલિતેંદિઆ-નાક વગેરે કપાએલી ઈન્દ્રિયોવાળા દુ:ખને અનુભવતા પ્રત્યક્ષ દેખાય છે. (૨-૭)

તથા દણ્ડ-દંડાઓ (નેતરની સોટી વગેરે), સત્થ-તલવાર વગેરે શસ્ત્રો (વગેરેના પ્રહારને સહન કરતા) અસબ્ભવયણેહિ ય-અને કઠોર-કડવાં વચનોથી (તુંકારા-તિરસ્કાર વગેરેથી પરાભવ પામતા), તેથી પરિજુણ્ણા-સર્વ

પ્રકારે ક્ષીણ (દીન) થએલા અને તેથી સજ્જનોને કલુણા-કરુણાપાત્ર (દીન) બનેલા તથા વિવન્નછંદા–પરાધીનપણાથી નિષ્ફળ મનોરથવાળા અને ખુપ્પિવાસા–ભૂખ તૃષાને પરિગયા-ભોગવતા, (અર્થાત્ આહાર–પાણી નહિ મળવાથી કે અલ્પ મળવાથી ભૂખ–તરસથી પીડાતા), એમ પૂર્વે અવિનય કરવાથી બાંધેલાં કર્મોને વશ રહેલા આ જન્મમાં વિવિધ કષ્ટોને ભોગવે છે તથા વર્તમાનમાં વિનયાદિ નહિ કરવાથી અન્ય જન્મમાં એથી પણ ઘણાં આકરાં કષ્ટોને દીર્ઘકાળ સુધી ભોગવનારા થાય છે, એમ સમજવું. (૨–૮)

તે રીતે (વિનીત તિર્યંચોની જેમ) મનુષ્યલોકમાં સુંદર વિનયવાળા પુરુષો અને સ્ત્રીઓ (આર્યદેશ, ઉત્તમકુળ, નિરોગી સુંદર શરીર, પાંચે ઈન્દ્રિયોની પટુતા, દીર્ઘ આયુષ્ય, ધન, ધાન્યાદિ, ઉત્તમ પરિવાર તથા દેવ–ગુરુ–ધર્મની આરાધના માટેની સામગ્રી વગેરે વિવિધ) ઇડ્ઢિ–ૠદ્ધિને પત્તા–પામેલા અને મહાયસા–મોટા યશવાળા વિવિધ સુહં એહંતા–સુખોને અનુભવતા દેખાય છે. (૨–૯)

અવિનીત મનુષ્ય આ જન્મમાં વિવિધ દુઃખોને ભોગવે છે અને પરલોકમાં પણ એથી ય વધારે આકરાં દુઃખો ઘણા

કાળ સુધી ભોગવે છે, એથી વિપરીત જેણે સુંદર રીતે વિનય કર્યો હોય તે વિનીત આત્મા આ જન્મ-પરજન્મરૂપ ઉભયલોકમાં ઉત્તમ સુખોને પામે છે. ૯

**હવે દેવગતિમાં વિનય-અવિનયનું ફળ કહે છે-**

**તહેવ અવિણીઅપ્પા, દેવા જક્ખા ય ગુજ્ઝગા ।**
**દીસંતિ દુહમેહંતા, આભિઓગમુવટ્ઠિઆ ।।૨-૧૦।।**

**તહેવ સુવિણીઅપ્પા, દેવા જક્ખા ય ગુજ્ઝગા ।**
**દીસંતિ સુહમેહંતા, ઇડ્ઢિં પત્તા મહાયસા ।।૨-૧૧।।**

બન્ને ગાથાઓનો અર્થ પાંચમી છટ્ઠી ગાથા તુલ્ય છે. માત્ર અહીં દેવગતિને પામેલા સમજવા. તેમાં દેવા-વૈમાનિક જ્યોતિષી દેવો, જક્ખા-વ્યન્તરો અને ગુજ્ઝગા-ભવનપતિનિકાયના દેવો સમજવા. પૂર્વજન્મમાં કરેલા અવિનયના ફળરૂપે તેઓ ઈન્દ્રો વગેરે બીજા મહર્દ્ધિકદેવોનાં કાર્યો કરવાં, ઉપરાંત આભિયોગિક (ચાકર) દેવપણાને પામેલા હોવાથી, બીજાની આજ્ઞાને ઉઠાવવી, બીજા દેવોની વિશિષ્ટ ઋદ્ધિને જોઈને સંતાપ કરવો, નોકરની જેમ દરેક વિષયમાં તેઓને પરાધીન રહેવું, વગેરે આગમરૂપી ભાવચક્ષુથી દુ:ખોને ભોગવતા દેખાય છે. (૨-૧૦)

તે રીતે (પૂર્વજન્મમાં કરેલા વિનયરૂપ નિરતિચાર ધર્મની આરાધનાના ફળરૂપે દેવગતિમાં ઉપજેલા) વૈમાનિક, જ્યોતિષી દેવો, વ્યંતરો અને ભવનપતિ દેવો (ઈન્દ્રની કે મહર્દ્ધિક દેવ વગેરેની) ઋદ્ધિને પામેલા અને (સદ્ગુણી તરીકે પ્રસિદ્ધ, માટે) મહાયશવાળા (શ્રી તીર્થંકરોનાં કલ્યાણકો ઉજવવાં વગેરે) સુખને અનુભવતા દેખાય છે. (૨-૧૧)

ઉપરની ગાથાઓમાં નારકો સિવાયના જે જીવોને વ્યવહારનયથી સુખ-દુઃખનો સંભવ છે, તેઓને વિનયનું અને અવિનયનું કેવું ફળ મળે છે તે કહ્યું. ૧૧

**હવે લોકોત્તર વિનયનું વિશિષ્ટ ફળ જણાવે છે-**

**જે આયરિઅઉવજ્ઝાયાણં સુસ્સૂસાવયણંકરા ।**
**તેસિં સિક્ખા પવડ્ઢંતિ, જલસિત્તા ઇવ પાયવા ।।૨-૧૨।।**

જે-જે સાધુઓ આચાર્ય અને ઉપાધ્યાયના (ઉપલક્ષણથી બીજા પણ ગણી-પ્રવર્તક-સ્થવિર-રત્નાધિક વગેરેના) સુસ્સૂસાવયણંકરા-શુશ્રૂષા વચનને કરનારા (પૂજ્યભાવપૂર્વક તેઓની આજ્ઞાને અનુસરનારા) હોય છે, તેસિં-તેઓને (ઉત્તમ વિનય દ્વારા તે તે જ્ઞાનાવરણીયાદિ આવારક કર્મોનો ક્ષયોપશમ વગેરે થવાથી) જલસિત્તા પાયવા ઇવ-પાણીથી

સિંચાયેલા વૃક્ષો વધે તેમ સિક્ખા-ગ્રહણ-આસેવન શિક્ષા (અર્થાત્ જ્ઞાન અને ક્રિયા) સાચા રૂપમાં પવડ્ઢંતિ-વધે છે. (વિના પ્રયત્ને તેઓમાં જ્ઞાનાદિ ગુણો વિશિષ્ટરૂપે પ્રગટે છે.) (૨-૧૨)

વસ્તુત: ગુણ માત્ર આત્માના સ્વભાવરૂપ હોવાથી, તે આત્મામાં પ્રગટે છે, બહારથી મેળવી શકાતા નથી. માત્ર તે તે ગુણોને આચ્છાદન કરનારાં આવારક કર્મોનો નાશ કરવાની જરૂર છે, તે તેવા તેવા ગુણવાળા ઉત્તમ પુરુષની સેવા વિનય આદિથી નાશ થાય છે, માટે વિનય કરવાની આવશ્યકતા છે. ૧૨

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, સિપ્પા ણેઉણિઆણિ ય ।**
**ગિહિણો ઉવભોગટ્ઠા, ઇહલોગસ્સ કારણા ।।૨-૧૩।।**

**જેણ બંધં વહં ઘોરં, પરિઆવં ચ દારુણં ।**
**સિક્ખમાણા નિયચ્છંતિ, જુત્તા તે લલિઇંદિઆ ।।૨-૧૪।।**

ગિહિણો-ગૃહસ્થો અપ્પણટ્ઠા-પોતાના નિમિત્તે (હું આ કળાથી આજીવિકા મેળવીશ, એમ માનીને) પરટ્ઠા વા-અથવા બીજાને નિમિત્તે (આ કળા શીખીને હું પુત્રાદિને શીખવાડીશ, એમ

માનીને) ઉવભોગટ્ઠા–ઉપભોગ માટે (તે તે અન્ન પાન વસ્ત્રાદિ મેળવવા) અર્થાત્ ઇહલોગસ્સ કારણા–આ જન્મના કારણે સિપ્પા–શિલ્પોને (કુંભાર વગેરેનાં કાર્યોને) ણેઉણિઆણિ ચ–અને બુદ્ધિસાધ્ય (લેખન વગેરે) કળાઓને શીખે છે. ('શીખે છે' એ મૂળમાં નથી તો પણ અધ્યાહારે સમજવું.) (૨–૧૩)

લલિઇંદિઆ–કોમળ ઈન્દ્રિયોવાળા (અર્થાત્ ગર્ભથી શ્રીમંત એવા રાજપુત્ર વગેરે) તે–તેઓ જુત્તા–યુક્તા (શિલ્પાદિ શીખવામાં જોડાએલા) સિક્ખમાણા–(ગુરુની પાસેથી શિલ્પાદિને) શીખતા જેણ–જે (કળાઓ વગેરે શીખવા માટે દોર વગેરેનાં બધં–બંધનને, ચાબૂક વગેરેના ઘોરં વહં–આકરા પ્રહારોને ચ–અને (ગુર્વાદિના અનાદર, તિરસ્કાર, ઠપકો, વગેરેથી યુક્ત શબ્દો સાંભળવારૂપ) દારુણં પરિઆવં–હૃદયભેદક સંતાપને નિયચ્છંતિ–પામે છે. (૨–૧૪)

**તેડવિ તં ગુરું પૂઅંતિ, તસ્સ સિપ્પસ્સ કારણા ।**
**સક્કારંતિ નમંસંતિ, તુટ્ઠા નિદ્દેસવત્તિણો ।।૨–૧૫।।**

**કિં પુણ જે સુઅગ્ગાહી, અણંતહિઅકામએ ।**
**આયરિઆ જં વએ ભિક્ખુ, તમ્હા તં નાઇવત્તએ ।।૨–૧૬।।**

તસ્સ સિપ્પસ્સ કારણા–તે (અલ્પકાળ ઉપકારી) શિલ્પના કારણે (ભણવા નિમિત્તે) 'અમે આ ગુરુ પાસેથી આટલું ભણ્યા' એમ સમજીને તુટ્ઠા–હર્ષિત થતા અને તેથી નિદ્દેસવત્તિણો–ગુરુની આજ્ઞાને અનુસારે વર્તમાન તે–તે (રાજપુત્ર વગેરે ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે બંધન–પ્રહાર–તિરસ્કાર વગેરે કરનારા) તં અવિ ગુરું–તેવા પણ ગુરુને પૂઅંતિ–પૂજે છે, (સામાન્યતયા મધુ વચન વગેરેથી પ્રસન્ન કરે છે) વસ્ત્ર વગેરેથી સક્કારંતિ–સત્કારે છે અને નમંસંતિ–(બે હાથે અંજલીપૂર્વક) નમે છે. (૨–૧૫)

પુણ–પુન : સુઅગ્ગાહી–(વીતરાગ પ્રણીત) શ્રુતજ્ઞાનને ગ્રહણ કરનારા અણંતહિઅકામએ–અનંત હિતને (મોક્ષને) ઈચ્છતા જે–જે સાધુઓ તેઓને કિં–શું કહેવું ? (આ જન્મ પૂરતો ઉપકાર કરનારી કળાઓ માટે પણ રાજપુત્રાદિ ગુરુનો વિનય કરે છે, તો મોક્ષના અર્થી સાધુએ તો શ્રુત જ્ઞાન મેળવતાં ગુર્વાદિનો વિનય અવશ્ય કરવો જ જોઈએ.)

તમ્હા–તે કારણે આયરિઆ–આચાર્ય જં વએ–જે જે કહે (આજ્ઞા કરે) તં–તેને ભિક્ખૂ–સાધુ ન અઇવત્તએ–ન ઉલ્લંઘે

અર્થાત્ ગુરુ જે જે કહે તે યોગ્ય હોવાથી તેઓના કહ્યા પ્રમાણે કરે. (૨-૧૬)

**હવે કાયિક વાચિક વગેરે વિનયનો વિધિ કહે છે-**

**નીઅં સિ(સે)જ્જં ગઇં ઠાણં, નીઅં ચ આસણાણિ ય ।**
**નીઅં ચ પાએ વંદિજ્જા, નીઅં કુજ્જા ય અંચલિં ।।૨-૧૭।।**

**સંઘટ્ટઇત્તા કાએણં, તહા ઉવહિણામવિ ।**
**'ખમેહ અવરાહં મે,' વઇજ્જ 'ન પુણુ' ત્તિ અ ।।૨-૧૮।।**

**દુગ્ગઓ વા પઓએણં, ચોઇઓ વહઈ રહં ।**
**એવં દુબુદ્ધિ કિચ્ચાણં, વુત્તો વુત્તો પકુવ્વઇ ।।૨-૧૯।।**

સેજ્જં-શય્યા (સંથારો વગેરે) ગુરુની શય્યાથી નીઅં-નીચી રાખે, એમ ગઇં-ગતિને, ઠાણં-સ્થાનને, આસણાભિ ય-આસનોને નીઅં-નીચા રાખે. વળી નીચો નમીને ગુરુના પાણ-ચરણોને વંદિજ્જા-વાંદે અને નીઅં-મસ્તકથી નમીને અંજલિં-બે હાથથી અંજલિ કુજ્જા-કરે. (૨-૧૭)

ગુરુની શય્યાથી ઓછા મૂલ્યવાળી, નીચી ભૂમિમાં પાથરેલી અને ઉંચાઈ વગેરે પ્રમાણમાં પણ ન્યૂન હોય, તે શય્યા નીચી જાણવી. ગુરુની સાથે ચાલવાના પ્રસંગે ગુરુથી દૂર

નહિ ચાલતાં ત્વરા વિના પાછળ પાછળ ચાલવું તે ગતિ (ચાલ) નીચી-મંદ કહેવાય. ગુરૂ ઊભા હોય તેનાથી નીચા પ્રદેશમાં ઊભા રહેવું, તે નીચું સ્થાન જાણવું, તથા કોઈ કારણે પાટ-પાટલા ઉપર બેસવું પડે, તો ગુરુએ પ્રથમ ભોગવેલાં અર્થાત્ તેઓના ઊતરેલા આસને આદેશાથી બેસવું તે આસન નીચું સમજવું. વંદન કરતાં મસ્તકને અને હૃદયને નમાવીને સન્માનપૂર્વક વાંદવા, તે નીચું એટલે નમ્ર વન્દન સમજવું અને કોઈ પણ પ્રશ્ન વગેરે પૂછતા શરીરને નમાવીને બે હાથ જોડી અંજલિ કરવી, અભિમાન-અક્કડાઈ છોડવી તે નમ્ર અંજલિ સમજવી. એમ વિવિધ પ્રકારે કાયાથી વિનય કરવો. ૧૭

(હવે વચનવિનય કહે છે કે-) કોઈ કારણે તેવા કોઈ પ્રદેશમાં બેઠેલા આચાર્યને કાએણ-શરીર સાથે તહા ઉવહિણામવિ-તથા (વસ્ત્રાદિ) ઉપધિ સાથે સંઘટ્ટઇત્તા-સંઘટ્ટીને અર્થાત્ સ્પર્શ થઈ જાય તો (મિથ્યાષ્કૃત દેવા પૂર્વક નમીને) 'ખમેહ અવરાહં ને'-મારો અપરાધ ક્ષમા કરો ! ન પુણુ ત્તિ-'પુન : એવું નહિ કરું' એમ વઇજ્જ-કહે. (અર્થાત્ પ્રગટ બોલીને અપરાધને ખમાવે.) (૨-૧૮)

(આવી ક્ષમાપના બુદ્ધિમાન્ સ્વયં કરે, પણ નિર્બુદ્ધિ આશાતના કરીને શું કરે છે તે કહે છે કે-) દુગ્ગઓ વા-અથવા દુષ્ટ બળદ જેમ પઓએણં-પરાણાથી ચોઇઓ-માર ખાઈને રહં-રથને વહઇ-ખેંચે, એવં-એ રીતે દુબુદ્ધિ-દુષ્ટ બુદ્ધિવાળો શિષ્ય (આચાર્ય વગેરે ગુરુવર્ગના) કિચ્ચાણં-કાર્યોને વુત્તો વુત્તો-વારંવાર કહેવાથી પકુવ્વઇ-કરે. (અર્થાત્ ઉત્તમ સાધુ 'વિનયથી મારાં કર્મો ખપે છે' એમ સમજીને સ્વયં વિનય કરે અને મંદબુદ્ધિ, અભિમાની સાધુ વારંવાર પ્રેરણા કરવાથી કરે.) (૨-૧૯)

ટીકામાં 'કિચ્ચાણં' પદનો પર્યાય 'કૃત્યાનામ્' કરીને 'આચાર્યાદિ પૂજ્યોના' એવો અર્થ વિકલ્પે કરેલો છે. ૧૯

**("આલવતે લવંતે વા, ન નિસિજ્જાઇ પડિસ્સુણે ।**
**મુત્તૂણ આસણં ધીરો, સુસ્સૂસાએ પડિસ્સુણે ।।")**

ઉત્તમ સાધુ ગુરુ આલવતે-એકવાર કહે, લવંતે વા-અથવા વારંવાર કહે તો પણ નિસિજ્જાઇ-સ્વ આસન ઉપર બેઠો કે ઊભો રહીને ન પડિસ્સુણે-પ્રત્યુત્તર ન આપે, કિન્તુ ધીરો-તે ધીર સાધુ આસણં-આસનને મુત્તૂણ-મૂકીને (પાસે

આવીને) સુસ્સૂસાએ-વિનયથી બે હાથથી અંજલિ કરીને પડિસ્સુણે-પ્રત્યુત્તર આપે (સાંભળે).

આ ગાથા દીપિકા સિવાય અન્ય ગ્રન્થોમાં નહિ હોવાથી પ્રક્ષિપ્ત હોવાની માન્યતા છે, તેનો ક્રમાંક ટીકા વગેરેમાં નહિ હોવાથી અહીં પણ રાખ્યો નથી.

**કાલં છંદોવયારં ચ, પડિલેહિત્તાણ હેઉહિં ।**
**તેણ તેણ ઉવાએણં, તં તં સંપડિવાયએ ।।૨-૨૦।।**

(૧૯ મી ગાથામાં જણાવ્યા પ્રમાણે ગુરુનાં કાર્યો અવિનયથી કરવાં હિતકર નથી, માટે કેવી રીતે કરવાં તે કહે છે કે) કાલં-શરદ, વર્ષા, વગેરે ઋતુઓરૂપ કાળને, છંદં-ગુરુની ઈચ્છાને, ઉવયારં-આરાધનાના પ્રકારને (વિષયને) ચ-અને તે તે દેશ વગેરેને હેઉહિં-તે તે કારણો વડે પડિલેહિત્તા-જાણીને (સમજીને), ગૃહસ્થોને પણ આદર પમાડવો વગેરે તેણ તેણ ઉવાએણં-તે તે ઉપાયો વડે તે તે સંપડિવાયએ-તે તે વસ્તુને મેળવી આપે. (૨-૨૦)

પોતાની ઈચ્છા પ્રમાણે, અથવા ગુરુને ન રુચે કે અહિત થાય તે રીતે વિનય કરવા છતાં વસ્તુત: તે અવિનય ગણાય.

જેનો વિનય કરવાનો હોય તેને અનુકૂળ અને હિતકર બને તેમ વર્તવું તે વિનય ગણાય. માટે તે તે ઋતુને અનુકૂળ-પિત્તાદિ રોગને શમાવે તેવું ભોજન તથા હવા વગેરે પ્રમાણોપેત મળી શકે તેવું સ્થાન મેળવી આપવું, તેઓની પ્રકૃત્તિને અનુકૂળ બને-રુચે તેવું બોલવું, ગ્રન્થોને વાંચવા-ભણાવા, કે વૈયાવચ્ચાદિ કરવું, ઈત્યાદિ જે આરાધના તેઓને ઈષ્ટ હોય તે કરવી-કરાવવી. કફ વગેરે શરીરની તે તે ચેષ્ટાઓથી શ્લેષ્મ વગેરે વિકાર થયો છે એમ સમજી તેને યોગ્ય ઔષધાદિ મેળવી આપવું. વિગેરે વિનય સમજવો. ૨૦

**વિવત્તી અવિણીઅસ્સ, સંપત્તી વિણીઅસ્સ ય ।**
**જસ્સેયં દુહઓ નાયં, સિક્ખં સે અભિગચ્છઇ ।।૨-૨૧।।**

'અવિણીઅસ્સ-અવિનીતને જ્ઞાનાદિ ગુણોની વિવત્તી-વિપત્તિ (નાશ) અને વિનીતને સંપત્તી-સંપ્રાપ્તિ (લાભ) થાય છે.' એયં-એ (એમ) જસ્સ-જેને દુહઓ-બન્ને પ્રકારોથી (અર્થાત્ વિનયથી લાભ અને અવિનયથી હાનિ થાય, એમ ઉભય રીતે જેના) નાયં-જાણવામાં આવ્યું છે સે-તે સિક્ખં-શિક્ષાને (ગ્રહણશિક્ષારૂપ જ્ઞાનને અને આસેવન શિક્ષારૂપ ક્રિયાને) અભિગચ્છઇ-પ્રાપ્ત કરે છે. (૨-૨૧)

વસ્તુત: જીવને હાનિ કે લાભની દઢ પ્રતીતિ ન થાય, ત્યાં સુધી તે હાનિથી બચવાનો કે લાભ મેળવવાનો સાચો ઉદ્યમ કરી શકતો નથી. માટે અહીં કહ્યું છે કે અવિનયનું અને વિનયનું ફળ યથાર્થ જાણે, તે ઉભય પ્રકારની શિક્ષાને પામી શકે છે, તાત્પર્ય કે અવિનયનો ભય અને વિનયનો આદર જેનામાં પ્રગટે તે યથાર્થ વિનય કરી શકે, અવિનયથી બચી શકે અને તો જ જ્ઞાન-ક્રિયાને પ્રાપ્ત કરી શકે. ૨૧

**એ જ વાતને દઢ કરીને અવિનયનું દુષ્ટ પરિણામ કહે છે-**

**જે આવિ ચણ્ડે મઇઇડ્ઢિગારવે,**
**પિસુણે નરે સાહસહીણપેસણે ।**
**અદીટ્ઠધમ્મે વિણએ અકોવિએ,**
**અસંવિભાગી ન હુ તસ્સ મુક્ખો ।।૨-૨૨।।**

જે આવિ-જે કોઈ પણ દીક્ષા લેવા છતાં ચણ્ડે-ક્રોધી (રીસાળ), મઇઇડ્ઢિગારવે-ઋદ્ધિગૌરવની મતિવાળો (ઋદ્ધિના અભિમાનવાળો), પિસુણે-ચાડી-નિંદા કરનારો નરે-નામથી મનુષ્ય (માનવતા રહિત), સાહસ-નહિ કરવા યોગ્ય કાર્યને કરનારો-સાહસિક, હીણપેસગે-ગુરુ આજ્ઞાથી ઓછું કરનારો (આજ્ઞાને સંપૂર્ણ નહિ પાળનારો),

અદિટ્ઠધમ્મે-શ્રુત અને ચારિત્રરૂપ ધર્મને યથાર્થ નહિ પામેલો, વિણએ-વિનય કરવામાં અકોવિએ-અપંડિત (અજ્ઞ) અને અસંવિભાગી-સંવિભાગ નહિ કરનારો (જે કંઈ મળે તે બીજાને નહિ આપતા પોતે ભોગવનારો) હોય તસ્સ-તેનો મોક્ષ થાય નહિ. (૨-૨૨)

આ ક્રોધી વગેરે દુષ્ટ પ્રકૃતિવાળાને સમ્યગ્દર્શન અને ચારિત્ર હોય નહિ, તેથી તેનો મોક્ષ થાય નહિ, કારણકે સમ્યગ્દષ્ટિ એવા ચારિત્રવંતને આવો તીવ્ર સંકલેશ (દુષ્ટ પરિણામ) સંભવે નહિ, એથી સમજવું કે એવા સંકલેશવાળાને સમ્યગ્ દર્શનાદિ પ્રગટયાં નથી. ૨૨

છેલ્લે વિનયનું ફળ જણાવીને ઉપસંહાર કરે છે-

**નિદ્દેસવિત્તી પુણ જે ગુરુણં,**
**સુઅત્થધમ્મા વિણયંમિ કોવિઆ,**
**તરિત્તુ તે ઓધમિણં દુરુત્તરં,**
**ખવિત્તુ કમ્મં ગઇમુત્તમં ગય-તિબેમિ ।।૨-૨૩।।**

પુણ જે-વળી જેઓ ગુરુણં-ગુરુઓના નિદ્દેસવિત્તી-આદેશ પ્રમાણે વર્તનારા, સુઅત્થધમ્મા-ગીતાર્થો (જાણેલો છે ધર્મનો

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

અર્થ જેઓ [illegible] –ચતુર બુદ્ધિમાન્ હોય તે–તેઓ દુરુત્તરં–દુઃખે તરી શકાય તેવા ઇણં–આ ઓઘં–સંસારસમુદ્રને તરિત્તુ–તરીને (ચરમભવ અને કેવલીપણાને પામીને) કમ્મં–શેષ ભવોપગ્રાહી (અઘાતી) કર્મોને ખવિત્ત–ખપાવીને ઉત્તમ–ઉત્તમ (મોક્ષ) ગઇં–ગતિને ગયા–પામ્યા, 'એમ કહું છું.' (૨–૨૩)

ગુરુની આજ્ઞામાં રહેવા માટે સ્વચ્છંદતાનો (ઈચ્છાઓનો) રોધ કરવો પડે, ઈચ્છારોધ એ મહાન્ તપ હોવાથી એનાથી ઈન્દ્રિયોની અને મનની દોડધામ અટકે, એટલું જ નહિ શુભમાર્ગે વળે, એથી કર્મોની નિર્જરા થાય, એના ફળરૂપે કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટે અને તે જ ભવમાં સર્વ કર્મોનો ક્ષય થવા રૂપ મોક્ષને પામે. એમ વિનયના બળે મન–ઈન્દ્રિયોનો વિજય કરી મુક્તિ મેળવી શકાય છે. ૨૩

**સમત્તો નવમજ્ઝયણસ્સ બીઓ ઉદ્દેસો ।**

**નવમા અધ્યયનનો બીજો ઉદ્દેશો સંપૂર્ણ**

# અધ્યયન નવમું – ઉદ્દેશો ત્રીજો

આ ઉદ્દેશામાં 'પૂજ્યને પૂજવાથી પૂજક પણ પૂજ્ય બને' એ વાક્યને અનુસારે આચાર્યાનો વિનય કરનાર પણ ક્રમશ: પ્રગટતા વિવિધ ગુણોને યોગે પૂજ્ય બને છે, એમ જણાવ્યું છે અને સાથે સાથે મોક્ષાર્થીએ વિનય માટે શું શું કરવું જોઈએ ? તે સમજાવ્યું છે. વિનય કરવાથી જેમ જેમ કર્મોનો ભાર ઓછો થાય છે, તેમ તેમ આકરી પણ વિશિષ્ટ જીવનચર્યા વિનયપૂર્વક સહેલાઈથી જીવી શકાય છે. જ્યાં સુધી જીવનમાં સાચો વિનય પ્રગટયો નથી ત્યાં સુધી જ વિષય–કષાયો વગેરે જીવને સતાવી શકે છે. કહ્યું છે કે– ''નિર્મળ શીતલ અને મીઠું પણ જળ લીમડા વગેરેના સંયોગથી કડવું બની જાય છે. જીવનના આધારભૂત દૂધ પણ સર્પના મુખમાં જતાં પ્રાણનો નાશ કરનાર વિષ બની જાય છે અને નિર્મળ શ્રુતજ્ઞાન જેવી ઉત્તમોત્તમ સમ્પત્તિ પણ દુરાચારીને મળી જાય તો અપકીર્તિને પામે છે–કલંકિત થાય છે, એક વિનય જ એવો વિશિષ્ટ ગુણ છે કે જે દુર્જન જેવા કુપાત્રને પણ સુપાત્ર બનાવીને, તે આત્માનો સાચો શણગાર બની જાય છે.'' લખલૂટ લક્ષ્મીથી જે કામ થતાં નથી તે વિનયથી વિના

પ્રયાસે સિદ્ધ થાય છે. બળ, બુદ્ધિ કે બીજી શક્તિઓ જે કામ ન સાધી શકે, તે કામ એક વિનય સાધી શકે છે. આ ઉદ્દેશામાં વિનીતની વિશિષ્ટતા સાથે તે કેવી રીતે પૂજ્ય બને છે, તે સુંદર રીતે સમજાવ્યું છે.

**આયરિઅં અગ્ગિમિવાહિઅગ્ગી,**
**સુસ્સૂસમાણો પડિજાગરિજ્જા ।**
**આલોઇઅં ઇંગિઅમેવ નચ્ચા,**
**જો છંદમારાહયઇ સ પુજ્જો ।।૩-૧।।**

આહિઅગ્ગી-અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્ગિં-અગ્નિને સુસ્સૂસમાણો-સમ્યક્ સેવતો જે રીતે પડિજાગરિજ્જા-તે તે કાર્યોને કરે, ઇવ-તેની પેઠે સાધુ પણ ગુરુએ આલોઇઅં-જોએલું, (અર્થાત્ ઠંડી પડતાં આચાર્ય વસ્ત્રની સામે નજર કરે, ત્યારે ગુરુ વસ્ત્રને ઈચ્છે છે, એમ સમજી લે, એ રીતે પોતાને જોઈતી જે જે વસ્તુ ઉપર આચાર્ય દૃષ્ટિ કરે તે તે વસ્તુને) અને ઇંગિઅમેવ-ઈંગિતને જ (શરીરની ચેષ્ટા, મુખાકૃતિ, વગેરેથી 'શું ઈચ્છે છે'? તે) નચ્ચા-જાણીને (સમજીને) જો-જે સાધુ છંદં-આચાર્યના અભિપ્રાયને

(ઈચ્છાને) આરાહયઇ-આરાધે (પૂર્ણ કરે) સ પુજ્જો-તે સાધુ પૂજ્ય (કલ્યાણનો ભાગી) છે, એમ જાણવું. (૩-૧)

ગુરુના આશયને સમજીને વિના પ્રેરણાએ સ્વયં વિનય કરનારો ઉત્તમોત્તમ, કહ્યા પછી પણ પોતાનું હિત સમજીને કરનારો ઉત્તમ, ફરજ સમજીને કરનારો મધ્યમ, અનાદરથી જેમ તેમ કરનારો અધમ અને કટુ શબ્દ કહેનારો અધમાધમ સમજવો. એક જ જાતનો વિનય કરવા છતાં આશયભેદે તેનું ફળ ભિન્ન ભિન્ન મળે છે. માટે આત્માર્થીએ સ્વયં ગુરુના ચિત્તને ઓળખીને પોતાના કલ્યાણ માટે તેઓનો વિનય પ્રસન્નચિત્તે કરવો જોઈએ. ૧

**આયારમટ્ઠા વિણયં પઉંજે,**
**સુસ્સૂસમાણો પરિગિજ્ઝ વક્કં ।**
**જહોવઇટ્ઠં અભિકંખમાણો,**
**ગુરું તુ નાસોયયઇ સ પુજ્જો ।।૩-૨।।**

આયારમટ્ઠા-જ્ઞાનાચારાદિ પાંચ આચારોના પાલન માટે (ગુરુ કંઈ આજ્ઞા કરે તો સારું, એમ ગુરુના આદેશાને) સુસ્સૂસમાણો-સાંભળવાની ઈચ્છાવાળો (જ્યારે ગુરુ કંઈ કહે ત્યારે તેઓના) વક્ક-વાક્યને (આદેશાને) પરિગિજ્ઝ-

ગ્રહણ કરીને (શિરસાવન્દ્ય કરીને) માયા રહિત શ્રદ્ધાપૂર્વક પૂજ્યભાવે જહોવઇટ્ઠં-(ગુરુએ) જેમ કહ્યું હોય તેમ અભિકંખમાણો-કરવાને ઈચ્છતો શિષ્ય વિણાયં પઉંજે-વિનયને કરે, પણ (તેથી વિપરીત, મોડું-વહેલું, અધુરૂં કે અનાદરથી કરવા દ્વારા) ગુરૂં-ગુરુને ન આસાયયઇ-આશાતના ન કરે સ પુજ્જો-તે સાધુ પૂજ્ય છે. (૩-૨)

દુકાને બેઠેલો વ્યાપારી ઘરાકનું વચન સાંભળવા માટે જેટલો આતુર હોય, તેથી કંઈ ગુણી આતુરતા ગુરુના વચનને સાંભળવા માટે રાખવી, એ વિનયનું પ્રથમ પગથીયું છે, તે પછી આદેશ સાંભળીને હર્ષિત થવું, સઘળાં કામ છોડી ગુરુની આજ્ઞાનુસાર કરવું-વર્તવું 'આ રીતે મને ઉપકાર કર્યો' એમ કૃતજ્ઞતા ધરાવવી અને પુન : પુન : વિનય કરવાનો પ્રસંગ મળે એ ભાવનાપૂર્વક કરેલા વિનયની અનુમોદના કરવી, વગેરે તેની ઉત્તરોત્તર ભૂમિકાઓ છે. ગુણાનુરાગ અને કૃતજ્ઞતાથી આથી ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે, માટે વિનયના અર્થીએ તે ગુણો પ્રગટાવવા જોઈએ. ૨

રાય(ઇ)ણિએસુ વિણાયં પઉંજે,

ડહરા વિ ય જે પરિયાયજિટ્ઠા ।

**નીઅત્તણે વટ્ટઇ સચ્ચવાઈ,**

**ઓ(ઉ)વાયવં વક્કકરે સ પુજ્જો ।।૩-૩।।**

રાઇણિએસુ-(જ્ઞાન, દર્શન, ચારિત્ર, વગેરે ભાવરત્નોથી જે અધિક હોય તે) રત્નાધિક સાધુઓનો ડહરા વિ અ-જે અને જે (વય તથા શ્રુતથી ન્યૂન) નાના છતાં પરિયાયજિટ્ઠા-ચારિત્ર પર્યાયથી જ્યેષ્ઠ (મોટા) હોય તેઓનો વિણયં પઉંજે-વિનય કરે, એમ અધિક ગુણવાળાઓ પ્રત્યે નીઅત્તણે-નમ્રભાવે વટ્ટઇ-વર્તે, સચ્ચવાઇ-(તેઓની આશાતના ન થાય તેવું) હિતકર બોલે અને તેઓને ઓવાયવં-નમવાના અથવા નિકટ રહેવાના સ્વભાવવાળો જે વક્કકરે-વાક્ય પ્રમાણે કરે (તેઓની આજ્ઞાને પાળે) સ-તે પુજ્જો-પૂજ્ય છે. (૩-૩)

**અન્નાયઉંછં ચરઇ વિસુદ્ધં,**

**જવણટ્ઠયા સમુઆણં ચ નિચ્ચં ।**

**અલદ્ધુઅં નો પરિદેવઇજ્જા,**

**લદ્ધું ન વિકત્થયઇ સ પુજ્જો ।।૩-૪।।**

અન્નાયઉંછં-અજ્ઞાત અને વધેલું નિરુપયોગી, (અર્થાત્ અપરિચિત ગૃહસ્થના ઘરથી તેને નિરુપયોગી-વધી પડેલાં

આહાર પાણી વગેરે), તે પણ ચરઇ–ઘર ઘર ફરીને લાવેલું વાપરે, (પરિચિત ગૃહસ્થનું કે તેણે મોહથી આપેલું ન વાપરે), તે પણ વિસુદ્ધં–વિશુદ્ધ (ઉદ્‌ગમાદિ દોષ વિનાનું), તે પણ જવણટ્ઠયા–સંયમનો ભાર વહન કરતા શરીરને ટકાવવા માટે, (પોષણના કે બળ–રૂપ વગેરે વધારવાના આશય વિના) સમુયાણં ચ–અને ઉચિત ભિક્ષા દ્વારા મળેલું વાપરે. તે પણ નિચ્ચં–નિત્ય, (અર્થાત્ તુચ્છ પણ કોઈક દિવસે કે એક જ ઘેરથી ઘણું મળેલું નહિ, પણ ઘર ઘરથી થોડું થોડું મેળવેલું), તેવું પણ અલદ્ધુઅં–ન મળે તો ('હું મંદભાગ્ય છું, અથવા આ દેશ કૃપણ છે' એમ) નો પરિદેવઇજ્જા–ખેદ ન કરે અને જોઈતા પ્રમાણમાં મળે તો લદ્ધું–મેળવીને ન વિકત્થયઇ–('હું પુણ્યવાન–લબ્ધિમાન્ છું, અથવા દેશ ઉદાર છે' વગેરે) પ્રશંસા ન કરે સ–તે સાધુ પુજ્જો–પૂજ્ય છે. (૩–૪)

આહારની શુદ્ધિ અને નિરીહતા, ગુણોને પ્રગટ કરે છે. અશુદ્ધ કે આસક્તિપૂર્વક લેવાએલો આહાર જડતાને પોષે છે. એથી ઈન્દ્રિયો અને મન વિકારી બને છે, તેથી વિનયમાં તે સહાયક થતાં નથી. માટે જ જિનેશ્વરદેવોએ આહારની શુદ્ધિ કે અનાસક્તિ થાય નહિ અને એના વિના વિનય

થઈ શકે નહિ, માટે વિનયાર્થી આત્મા આ ગાથામાં જણાવ્યું તેવા આહારને લે. જે એ રીતે રસનેન્દ્રિયનો અને મનોગુપ્તિનો વિજય કરે તે સંયમની વિશિષ્ટ આરાધના કરી શકે. ૪

**સંથારસિ(સે)જ્જાસણભત્તપાણે,**
**અપ્પિચ્છયા અઇલાભેડવિ સંતે ।**
**જો એવમપ્પાણભિતોસઇ(એ)જ્જા,**
**સંતોસપાહન્નરએ સ પુજ્જો ।।૩-૫।।**

સંથાર-સેજ્જાસણ-ભત્તપાણે-સંથારો, શય્યા, આસન, આહાર અને પાણીમાં અપ્પિચ્છયા-અલ્પ ઈચ્છા વડે (અર્થાત્ મૂર્છા વિના વાપરવાના અથવા અધિક નહિ રાખવાના ધ્યેયથી ગૃહસ્થોની પાસેથી અઇલાભે સંતે વિ-ઘણા પ્રમાણમાં મળે તેમ છતાં પણ એવં-એ રીતે અપ્પાણં-આત્માને થોડામાં અભિતોસઇજ્જા-સંતોષે, અથવા જેવા તેવા વડે નિર્વાહ કરે એમ સંતોસપાહન્નરએ-સંતોષમાં મુખ્યતયા રક્ત રહે સ-તે સાધુ પુજ્જો-પૂજ્ય છે. (૩-૫)

વૈરાગ્ય વિના ત્યાગનો સાચો આનંદ અનુભવાતો નથી. સાચા વિરાગીને અધિક જરૂરીયાતો બંધનરૂપ લાગે, તેથી

તે શક્ય હોય તેટલી જરૂરીયાત ઘટાડવા પ્રયત્ન કરે અને જેમ જેમ ઘટે તેમ તેમ આનંદ અનુભવે. રાગીને મેળવવામાં અને વિરાગીને તજવામાં આનંદ હોય છે. વસ્તુતઃ પોતાની જરૂરીયાતોમાં ગુંચવાયેલો ગુર્વાદિનો વિનય કરી શકે નહિ, કારણકે સર્વ વિષયમાં એને પોતાની ચિંતા આગળ આવે. માટે ભોગ-ઉપભોગનાં સાધનો પ્રત્યે આવો સંતોષ-વિરાગ પ્રગટયો હોય, તે જ સાચો વિનય કરી શકે. અર્થાત્ સંતોષ એ વિનયનું એક અંગ છે, માટે વિનયના અર્થીએ સંતોષી થવું જોઈએ. ૫

**સક્કા સહેઉં આસાઇ કંટયા,**
**અઓમયા ઉચ્છહયા નરેણં ।**
**અણાસએ જો ઉ સહેજ્જ કંટએ,**
**વઈમએ કણ્ણસરે સ પુજ્જો ।।૩-૬।।**

ત્યાગી પણ વૈરાગી પૂજ્ય છે, એમ જણાવીને હવે સમાધિવંત પૂજ્ય છે તે કહે છે કે-ધન માટે ઉચ્છહયા નરેણં-ઉદ્યમ કરતા મનુષ્યે આસાઇ-મને અમુક લાભ થશે એવી આશાએ અઓમયા-લોખંડના પણ કંટયા-કાંટા સહેઉં-સહન કરવા સક્ક-શક્ય છે. (અર્થાત્ ધન કીર્તિ વગેરે આ જન્મના

લાભની, કે 'દેવ, ચક્રવર્તી વગેરે થાઉં' ઈત્યાદિ અન્ય જન્મના સુખની આશાએ લોખંડના કાંટાની શય્યામાં સુવાનાં કષ્ટો વેઠવાં સહેલાં છે.) પણ જો-જે અણાસએ-કોઈ આશા વિના જ કન્નસરે-કાનમાં પેસતા વઈમએ-વચનના કંટએ-કાંટાઓને (કઠોર-કટુ-અપમાનજનક શબ્દોને) સહેજ્જ-સહન કરે સ-તે નિરભિમાની-વિનીત આત્મા પુજ્જો-પૂજ્ય છે. (૩-૬)

અપમાનને સહન કરવું દુષ્કર છે, એ વાત આ અધ્યયનના પ્રારંભમાં જ કહી છે. જે સાચો વિનયી છે તે નિરભિમાની હોવાથી કડવા પણ હિતકારી ગુરુના વચનને પ્રસન્નતાપૂર્વક સાંભળી (સહી) શકે છે. એમ નિરભિમાનિતા એ જ વિનયનો પ્રાણ છે. માટે વિનયની ઈચ્છાવાળાએ અભિમાનને તજવું જોઈએ. ૬

એ જ વાતને વિશેષતયા જણાવે છે કે-

મુહુત્તદુક્ખા ઉ હવંતિ કટયા,
        અઓમયા તેડવિ તઓ સુઉદ્ધરા ।
વાયા દુરુત્તાણિ દુરુદ્ધરાણિ,
        વેરાણુબંધીણિ મહબ્ભયાણિ ।।૩-૭।।

અઅમોયા-લોખંડના કાંટા (વેધ વખતે જ પ્રાયઃ દુઃખ આપતા હોવાથી) મુહુત્તદુક્ખા-મુહૂર્ત માત્ર (અલ્પ કાળ માટે) દુઃખ દેનારા હવંતિ-હોય છે, તેડવિ-અને તે પણ તઓ-તેમાંથી (શરીરમાંથી) સુઉદ્ધરા-સુખપૂર્વક કાઢી શકાય છે, (અને ઔષધિ વગેરેથી ઘા રૂઝવી શકાય છે,) પણ વાયા દુરુત્તાણિ-વાણી વડે બોલેલા દુષ્ટ (વચનરૂપ) કાંટાઓ (મનરૂપ લક્ષ્યને વિંધવાથી) દુરુદ્ધરાણિ-દુઃખે કાઢી શકાય તેવા, વેરાણુબંધીણિ-(તે રીતે સાંભળવાથી પ્રગટેલા દ્વેષથી આ ભવ-પરભવમાં) વૈરની પરંપરાને કરનારા અને (તેથી) સહબ્ભયાણિ-કુગતિમાં રખડાવવારૂપ મોટા ભયને કરનારા બને છે. (૩-૭)

શારીરિક કષ્ટો સહવાં જેટલાં દુષ્કર છે તેથી, અપમાન-આક્રોશ વગેરે દુર્ભાવથી બોલાએલાં વચનો અતિ દુઃસહ્ય છે, એ કારણે જ ગુર્વાદિએ કહેલા પ્રેરણાદિના શબ્દો હિતકર છતાં પ્રાયઃ મનુષ્ય સાંભળી શકતો નથી. જે તેને પ્રસન્નતાથી સાંભળી-સહી શકે, તે જ માન-કષાયનો વિજય કરનાર વિનીત હોવાથી પૂજ્ય છે. ૭

**સમાવયંતા વયણાભિઘાયા,**

**કણ્ણંગયા દુમ્મણિઅં જણંતિ ।**

**ધમ્મુત્તિ કિચ્ચા પરમગ્ગસૂરે,**

**જિઇંદિએ જો સહઇ સ પુજ્જો ।।૩-૮।।**

સમાવયંતા-સામે આવી પડતા એવા વયણાભિઘાયા-વચનના પ્રહારો (વચનરૂપી બાણો) કણ્ણંગયા-કાનમાં પેસીને (પ્રાય: અનાદિ અભ્યાસથી શ્રોતાને) દુમ્મણિયં-દુષ્ટ મનોભાવને (દુર્ભાવને) જણંતિ-પ્રગટાવે છે, માટે જો-જે (કર્મશત્રુ સાથે સંગ્રામ કરનારો બીજા દાનશૂર-સંગ્રામશૂર વગેરેની અપેક્ષાએ) પરમગ્ગસૂરે-અધિકતર શૂરો થઈને ધમ્મુત્તિકિચ્ચા-એ વચન સાંભળવાનો મારો ધર્મ છે, એમ સમજીને જિઇંદિએ-જિતેન્દ્રિય થઈને દીનતા વગેરેથી નહિ પણ સમભાવથી-પ્રસન્નતાપૂર્વક સહઇ-સહન કરે છે સ પુજ્જો-તે પૂજ્ય છે. (૩-૮) વળી

**અવણ્ણવાયં ચ પરમ્મુહસ્સ,**

**પચ્ચક્ખઓ પડિણીઅં ચ ભાસં ।**

**ઓહારિણિં અપ્પિઅકારિણિં ચ,**

**ભાસં ન ભાસિજ્જ સયા સ પુજ્જો ।।૩-૯।।**

પરમ્મુહસ્સ-પરાઙ્મુખના (પરોક્ષ રહેલાના) અવણ્ણવાયં-અવર્ણવાદને (નિંદાને), પચ્ચક્ખઓ ચ-અને પ્રત્યક્ષ રહેલાને પડિણીઅં-(તું ચોર છે' ઈત્યાદિ) વૈરકારક વચનને ઓહારિણિં-અવધારણી ('અમુક દુષ્ટ છે જ' ઈત્યાદિ નિશ્ચિત) ભાષાને અપ્પિઅકારિણિં ચ-અને (તહારો અમુક સંબંધી મરે' ઈત્યાદિ) અપ્રીતિકારક ભાસં-ભાષાને જો-જે સયા-સદા (કદાપિ) ન ભાસિજ્જ-ન બોલે સ પુજ્જો-તે પૂજ્ય જાણવો. (૩-૯)

**અલોલુએ અક્કુહએ અમાઈ,**
**અપિસુણે આવિ અદીણવિત્તી ।**
**નો ભાવએ નોડવિઅ ભાવિઅપ્પા,**
**અકોઉહલ્લે અ સયા સ પુજ્જો ।।૩-૧૦।।**

(આહારાદિમાં જે સયા-સદા અલોલુએ-અલોલુપી, (ઈન્દ્રજાળ વગેરે) અક્કુહએ-આશ્ચર્ય રહિત (નહિ કરનારો), અમાઈ-કપટ રહિત, અપિસુણે-અપિશુન (ચાડી કરીને ભેદ-વૈર-વિરોધ નહિ કરાવનારો), આવિ-અને વળી (આહારાદિ ન મળતાં) અદીણવિત્તી-દીનતા નહિ કરનારો, જે બીજા દ્વારા 'તહારે મારી પ્રશંસા કરવી' વગેરે નો ભાવએ-ન

વિચારે, નોડવિઅ ભાવિઅપ્પા-અને વળી સ્વયં બીજાની સામે પોતાની પ્રશંસાદિ ન કરે, તથા (નાટક, નાચ વગેરે જોવામાં) અકોઉહલ્લે-કુતૂહલ વિનાનો હોય સ પુજ્જો-તે પૂજ્ય જાણવો. (૩-૧૦)

**ગુણેહિ સાહૂ અગુણેહિડસાહૂ,**
**ગિણ્હાહિ સાહૂ ગુણ મુંચડસાહૂ ।**
**વિઆણિઆ અપ્પગમપ્પએણં,**
**જો રાગદોસેહિં સમો સ પુજ્જો ।।૩-૧૧।।**

"(ઉપર કહ્યા તે) ગુણેહિ સાહૂ-ગુણોથી સાધુ (ઉત્તમ) અને (એથી વિપરીત) અગુણેહિડસાહૂ-અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાહૂ ગુણ ગિણ્હાહિ-(સાધુ) ઉત્તમ ગુણોને ગ્રહણ કર ! અને અસાહૂ મુંચ-(અસાધુતા) દુષ્ટ અવગુણોને છોડ !" (એવું) અપ્પગમપ્પએણં-પોતાના આત્માને પોતે વિઆણિઆ-વિવિધતયા સમજાવે અને જો-જે રાગદોસેહિ-રાગ અને દ્વેષમાં (તેવા નિમિત્તોમાં) સમો-સમાન રહે (સમતાને ન ચૂકે), સ પુજ્જો-તે પૂજ્ય છે. (૩-૧૧)

ત્રીજા પાદનો અર્થ પ્રાકૃત શૈલીથી કરેલો છે એમ સમજવું.

તહેવ ડહરં ચ મહલ્લગં વા,

ઇત્થી પુમં પવ્વઇઅં ગિહિં વા ।

નો હીલએ ણોડવિઅ ખિંસઇજ્જા,

થંભં ચ કોહ ચ ચએ સ પુજ્જો ।।૩-૧૨।।

તહેવ-તથા એ રીતે ડહરં-બાળકને, મહલ્લગં-મોટાને અને વા-મધ્યમને, તેમાં પણ ઇત્થી-સ્ત્રીને, પુમં-પુરુષને તથા ઉપલક્ષણાથી નપુંસકને, તેમાં પણ પવ્વઇઅં-પ્રવ્રજિતને (દીક્ષિતને), ગિહિં-ગૃહસ્થને અને વા-અન્ય ધર્મીને, નો હિલએ-હીલના ન કરે, ણોડવિ અ ખિંસઇજ્જા-અને ખિંસા પણ ન કરે તથા તેના કારણભૂત થંભં-માનને અને કોહં-ક્રોધને ચએ-તજે, સ પુજ્જો-તે પૂજ્ય સમજવો. (૩-૧૨)

નિશ્ચયનયે પાખંડી, ધર્મદ્રોહી અને નિન્હવ વગેરેની પણ નિન્દા કે તિરસ્કાર કરવાનો ધર્મ નથી. વ્યવહારથી કોઈવાર એવું કરવું પડે તો પણ સ્વ-પર હિત કરવાના પરિણામ રાખે. વસ્તુત: બીજાની હલકાઈ કે તિરસ્કાર કરવાનું સામાના દોષોથી નહિ, પણ માન, ક્રોધ વગેરે પોતામાં રહેલા દોષોથી થાય છે, માટે તેવું કરનારો પોતાના દોષોથી કર્મો બાંધી ભારે થાય છે અને સામાનું હિત કરી શકતો નથી.

એ કારણે કોઈ કડવું કહેવું પડે તો પણ અભિમાન કે ક્રોધ વગેરે  દોષોથી પર રહી સામાનું હિત કરવાની બુદ્ધિએ કહેવું એ સાધુનો ધર્મ છે. અહીં એકવાર દોષ કહેવારૂપ હીલના અને વારંવાર દોષ જાહેર કરવા રૂપ ખિંસા સમજવી. આવી હીલના અને ખિંસાનાં કારણો માન અને ક્રોધ હોવાથી તેને પણ તજવાં જોઈએ. કારણ કે મૂળ કારણને છોડયા વિના તેમાંથી પ્રગટતા દોષોથી બચાય નહિ. ૧૨

**જે માણિઆ સયયં માણયંતિ,**
**જત્તેણ કન્નં વ નિવેસયંતિ ।**
**તે માણએ માણરિહે તવસ્સી,**
**જિઇંદિએ સચ્ચરએ સ પુજ્જો ।।૩-૧૩।।**

(અભ્યુત્થાનાદિ દ્વારા) સયયં-સતત માણિઆ-માનેલા (વિનય કરાએલા જે ગુરુ શિષ્યોને શ્રુત ભણાવા વગેરેની પ્રેરણા) કરવારૂપે માણયંતિ-સન્માને છે અને (માતા-પિતા યોગ્ય) કન્નં-કન્યાને જત્તેણ-યત્નપૂર્વક (ઉછેરીને યોગ્ય બનાવીને યોગ્ય સ્થાને પરણાવે તેમ જે ગુરુ શિષ્યોને જ્ઞાન-ક્રિયા દ્વારા યોગ્ય બનાવીને આચાર્યાદિ તે તે પદે) નિવેસયંતિ-સ્થાપે છે, તે માણરિહે-તેવા માનવા યોગ્ય ગુરુને માણએ-

માને (વિનય કરે), એવો જે તપસ્વી, જિતેન્દ્રિય અને સચ્ચરએ-સત્યનો (મોક્ષનો) રાગી હોય, સ પુજ્જો-તે પૂજ્ય જાણવો. (૩-૧૩)

અહીં શિષ્યનો વિનય કરવાનો અને ગુરુનો શિષ્યને ગીતાર્થ બનાવી યોગ્યપદે સ્થાપવાનો ધર્મ સૂચવ્યો છે. આવા ગુરુ-શિષ્યનો યોગ પરસ્પર હિતકર અને પરિણામે મોક્ષસાધક બને છે. વિશેષમાં 'તપસ્વી, જિતેન્દ્રિય અને સત્યનો રાગી' એવાં વિશેષણો કહ્યાં છે. તે શિષ્યની યોગ્યતાને સૂચવનારાં છે. અર્થાત્ એ ગુણોથી તેને ગુરુ યોગ્યપદે સ્થાપે છે અને તે પૂજ્ય બને તેમાં પણ તેના તે ગુણો હેતુભૂત છે, માટે વિનીત સાધુએ તે ગુણો કેળવવા બદ્ધલક્ષ્ય બનવું. ૧૪

**તેસિં ગુરુણં ગુણસાયરાણં,**
**સુચ્ચાણ મેહાવિ સુભાસિયાઇં ।**
**ચરે મુણી પંચરએ તિગુત્તો,**
**ચઉક્કસાયાવગએ સ પુજ્જો ।।૩-૧૪।।**

ગુણસાયરાણં-ગુણોના સમુદ્ર એવા તેસિં ગુરુણં-ઉપર કહ્યા તે ગુરુનાં સુનાસિયાઇં-સુભાષિતોને (પરલોકમાં ઉપકારી

વચનોને) સુચ્ચાણ-સાંભળીને જે મેહાવિ-બુદ્ધિમાન્ મુણી-મુનિ ચરે-તેને આચરે-પાળે અને પંચરએ-પાંચ મહાવ્રતોમાં (નિરતિચાર પાલનમાં) રક્ત, તિગુત્તો-મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને તેથી ચઉક્કસાયાવગએ-ચાર કષાયોથી રહિત હોય સ પુજ્જો-તે પૂજ્ય જાણવો. (૩-૧૪)

ગુરુનાં હિતોપદેશનાં વચનો એવો અગમ્ય ઉપકાર કરે છે કે શ્રોતા પ્રારંભમાં તો તેને સમજી પણ શકતા નથી. એ વચનોને સાંભળવામાં અને આચરવામાં જેટલો આદર વધારે તેટલો લાભ વિશુદ્ધ, અધિક અને શીઘ્ર થાય છે. મહાવ્રતોના ભાર ઉપાડવાની શક્તિ પ્રગટાવવી, મનોગુપ્તિ દ્વારા મનનો વિજય કરવો, કષાયોને જીતવા, વગેરે દુષ્કર દુષ્કર કાર્યો પણ ગુરુઆજ્ઞાને આધીન રહેલો કરી શકે છે અને અનાદિકાળથી ઘર કરી રહેલા આકાર પણ દોષોને દૂર કરે છે. ૧૪

**ગુરુમિહ સયયં પડિઅરિઅ મુણી,**
**જિણમયનિઉણે અભિગમકુસલે ।**
**ધુણિઅ રયમલં પુરેકડં,**
**ભાસુરમઉલં ગઇં વ(ય)ઇ - ત્તિબેમિ ।।૩-૧૫।।**

ઇહ-આ મનુષ્યલોકમાં ઉપર કહ્યું તેમ ગુરું-આચાર્યા દિને સયયં-સતત (જીવતાં સુધી) પડિઅરિઅ-સેવીને (વિધિપૂર્વક ગુરુની આરાધના કરીને) જિણમયનિઉણે-આગમમાં પ્રવીણ (ગીતાર્થ) તથા અભિગમકુસલે-લોકની અને પ્રાઘુર્ણક વગેરે મુનિઓની ઉચિત સેવામાં કુશળ બનેલો મુણી-મુનિ (ઉત્તમ સાધુ) પુરેકડં-પૂર્વોપાર્જિત રયમલં-કર્મ રજરૂપ મેલને (આઠે પ્રકારનાં કર્મોનાં બંધનોને) ધુણિઅ-ખપાવીને ભાસુરં-કેવળજ્ઞાન રૂપ સૂર્યના પ્રકાશવાળી અને તેથી જ અઉલં-અતુલ (સર્વશ્રેષ્ઠ) ગઇં-સિદ્ધિગતિને વયઇ-પામે છે. તિબેમિ-એમ કહું છું. (૩-૧૫)

મનુષ્ય જન્મમાં જ આવો વિનય શક્ય છે. ઉપર કહ્યા તેવા વિનયને કરતો ઉત્તમ સાધુ ઉત્તરોત્તર વ્યવહારકુશળ બની બાહ્ય ઔચિત્યને અખંડ સાચવે છે. આ બાહ્ય ઔચિત્યરૂપ શુદ્ધ વ્યવહારના યોગે આત્મામાં સમાધિનું-સમતા સામાયિકનું (નિશ્ચયનું) બળ વધતું જાય છે અને પરિણામે સામાયિકચારિત્રમાંથી યથાખ્યાતચારિત્રને પામેલો તે સર્વકર્મોનો ક્ષય કરી અજરામર-મોક્ષપદને પ્રાપ્ત કરે છે. અહીં કહેલું

'અભિગમકુશળ' વિશેષણ એમ સૂચવે છે કે આગમમાં પ્રવીણ સાધુ લોકવ્યવહારની જેમ લોકોત્તર વ્યવહારોમાં પણ કુશળ હોય. ૧૫

**સમત્તો નવમજ્ઝયણસ્સ તઇઓ ઉદ્દેસો ।**

**નવમા અધ્યયનનો ત્રીજો ઉદ્દેશો સંપૂર્ણ**

# નવમા અધ્યયનનો ચોથો ઉદ્દેશો

ત્રણ ઉદ્દેશામાં વિનયનું સ્વરૂપ, તેની ઉપાદેયતા, વિનય-અવિનયનાં સુખદ-દુ:ખદ ફળો અને વિનીતનો ઉત્તરોત્તર થતો આત્મવિકાસ વગેરે જણાવ્યું. હવે ચોથા ઉદ્દેશામાં મોક્ષના અનન્ય સાધનરૂપ સમાધિનું વર્ણન કરે છે. તેમાં સમાધિના પ્રકારો, ભેદો, ઉપાયો વગેરે ટૂંકમાં પણ સચોટ વર્ણવ્યું છે. ક્રમશ: વિનય-શ્રુત-તપ અને આચાર દ્વારા સમાધિને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે જણાવીને એ વિનય-શ્રુત-તપ અને આચારને સિદ્ધ કરવાના ચાર ચાર પ્રકારો કહ્યા છે. વસ્તુત: અધ્યાત્મપ્રિયમુનિને મોક્ષનો સરળ અને શુદ્ધ માર્ગ જણાવ્યો છે.

**ત્રણ ઉદ્દેશાઓમાં સામાન્યતયા કહેલા વિનયને અહીં વિશેષતયા વર્ણવે છે-**

**સુઅં મે આઉસં ! તેણં ભગવયા એવમક્ખાયં-ઇહ ખલુ થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પણ્ણત્તા । કયરે ખલુ તે થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પણ્ણત્તા ? ઇમે ખલુ તે થેરેહિં ભગવંતેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા**

પન્નત્તા, તંજહા-વિણયસમાહી, સુઅસમાહી, તવસમાહી આયારસમાહી ।।અ. ૯ ઉ. ૪ સૂ. ૧।।

શ્રીસુધર્માસ્વામીએ પોતાના શિષ્ય શ્રીજંબૂસ્વામીને (કહેલાં વચનો અહીં) કહે છે કે - આઉસં-હે આયુષ્યમાન્ જંબૂ ! તેણં ભગવયા-તે ભગવાન શ્રીવર્ધમાનસ્વામીએ એવં અક્ખાયં-આ પ્રમાણે કહેલું મે સુઅં-મેં સાંભળેલું છે. (તે સાંભળેલું કહે છે કે-)

ઇહ-આ ભરતક્ષેત્રમાં, અથવા આ શાસનમાં ભગવંતેહિં-પરમ ઐશ્વર્ય વગેરે ભાગ્યવાળા થેરેહિં-સ્થવિરોએ (શ્રીગણધરભગવંતોએ) ખલુ-આ ભરતક્ષેત્રની જેમ બીજાં પણ ક્ષેત્રોમાં અથવા આ શાસનની જેમ બીજા પણ ગણધરોએ પોતપોતાનાં શાસનોમાં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પન્નત્તા-ચાર વિનયસમાધિ સ્થાનોને (ભેદોને) કહ્યાં છે. (અર્થાત્ તીર્થંકર ભગવંતના મુખે સાંભળીને શ્રીગણધરભગવંતોએ ગ્રન્થરૂપે શાસ્ત્રોમાં ગૂંથ્યાં છે.) એમ શ્રીસુધર્માસ્વામીએ કહેવાથી શ્રીજંબૂસ્વામી પૂછે છે કે-થેરેહિં ભગવંતેહિં-(હે ભગવંત !) શ્રીસ્થવિર ભગવંતોએ તે કયારે-તે ક્યાં ક્યાં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પન્નત્તા ?- ચાર વિનયસમાધિ-

સ્થાનોને કહ્યાં છે. (ખલુ નો અર્થ ઉપર કહ્યું તેમ પ્રશ્નમાં અને ઉત્તર વાક્યમાં પણ સમજી લેવો.) તં જહા-તે આ પ્રમાણે ૧-વિણયસમાહિ-વિનયસમાધિ, ૨-સુઅસમાહી-શ્રુતસમાધિ, ૩-તવસમાહી-તપસમાધિ અને ૪-આયારસમાહી-આચારસમાધિ. તેમાં સમાધિ એટલે આત્માનું નિરૂપચરિત-પારમાર્થિક હિત, સુખ અથવા સ્વાસ્થ્ય સમજવું. વિનય કરવામાં કે વિનય દ્વારા એવી સમાધિ કેળવવી તેને વિનયસમાધિ કહી છે. એ પ્રમાણે શ્રુતને ભણતાં કે શ્રુત દ્વારા સમાધિ મળે તે શ્રુતસમાધિ, તપ કરતાં કે તપથી સમાધિ મળે તે તપસમાધિ અને આચાર પાળતાં કે આચારથી સમાધિ મળે તે આચારસમાધિ સમજવી. (અ. ૯ ઉ. ૪ સૂ.૧)

આ ઉદ્દેશામાં સૂત્રનો ક્રમાંક ચોથા અધ્યયનના છેલ્લા સૂત્રનો જે ક્રમાંક ૧૫ છે, તેના અનુસંધાનમાં ૧૬માંથી રાખ્યો છે અને ગાથાનો ક્રમાંક ત્રીજા ઉદ્દેશાથી છેલ્લી ગાથાનો ક્રમાંક ૪૫૫ છે તેના અનુસંધાનમાં ૪૫૬ રાખ્યો છે. 'આઉસં તેણં'નો અર્થ ચોથા અધ્યયનની આદિમાં વિવિધ રીતે કર્યો છે તે અહીં પણ સમજવો. અહીં સર્વાક્ષરસન્નિપાતી અને સંપૂર્ણ

શ્રુતધર છતાં શ્રી શય્યંભવસૂરિજી, શ્રીભગવાને ગણધરોને કહેલા શબ્દોને કહી સંભળાવે છે, તે વિનયનો એક પ્રકાર છે એથી આત્માર્થીએ શક્ય હોય ત્યાં સુધી પૂર્વપુરુષોનાં કહેલાં વચનો સાંભળીને તેઓનું બહુમાન કરવું, એમ સૂચવ્યું છે.

**એ જ સમાધિશ્લોક દ્વારા જણાવે છે કે-**

**વિણએ સુએ અ તવે, આયારે નિચ્ચપંડિઆ ।**
**અભિરામયંતિ અપ્પાણં, જે ભવંતિ જિઇંદિઆ ।।૪-૧।।**

ઉપર કહ્યા તે વિણએ-વિનયમાં, સુએ-શ્રુતમાં (આગમમાં), તવે-બાર પ્રકારના તપમાં અને મૂલગુણ-ઉત્તરગુણના પાલનરૂપ આયારે-આચારમાં નિચ્ચપંડિઆ-સર્વદા પંડિત (પરમાર્થને સમ્યગ્ જાણનારા) એવા જે-જે મુનિઓ જિઇંદિઆ-ઈન્દ્રિયોના વિજેતા ભવંતી-હોય છે, તેઓ અપ્પાણં-પોતાના આત્માને અભિરામયંતિ-વિનય વગેરેમાં જોડે છે (વિનયાદિ ગુણોમાં રમે છે-સમાધિને અનુભવે છે) અર્થાત્ તે જ પરમાર્થથી વિનયાદિ કરવામાં પંડિત છે, એમ સૂચવ્યું છે. (અ. ૯ ઉ. ૪-૧)

તેમાં હવે વિનયસમાધિને જણાવે છે કે-

**ચઉવ્વિહા ખલુ વિણયસમાહી ભવઇ, તં જહા-અણુસાસિજ્જંતો સુસ્સૂસઇ-૧, સમ્મં સંપડિવજ્જઇ-૨, વેયઆરાહઇ-૩, ન ય ભવઇ અત્તસંપગ્ગહિએ-૪, ચઉત્થં પયં ભવઇ ।।અ.૯ ઉ. ૪ સૂ. ૨।। ભવઇ અ ઇત્થ સિલોગો ।।**

વિનય સમાધિ નિશ્ચે ચાર પ્રકારની છે, તે આ પ્રમાણે તે તે વિષયમાં ગુરુ દ્વારા અણુસાસિજ્જંતો-શિખામણ દેવાતો શિષ્ય ગુરુની હિતશિક્ષાનો અર્થી બનીને સુસ્સૂસઇ-તેને સાંભળવા ઈચ્છે (૧), ઈષ્ટ હોવાથી ગુરુએ આપેલી હિતશિક્ષાને સમ્મં સંપડિવજ્જઇ-સમ્યક્ સ્વીકારે-યથાર્થ રૂપે માને (૨), એવા વિશિષ્ટ સ્વીકારથી વેયં-ગુરુ દ્વારા મળેલા શ્રુતજ્ઞાનને યથોક્ત અનુષ્ઠાન દ્વારા આદરથી આરાહઇ-આરાધે, અર્થાત્ સફળ કરે (૩) અને એ રીતે વિશિષ્ટ વિનય પ્રગટવા છતાં અત્તસંપગ્ગહિએ-'હું વિનીત છું, હું સુસાધુ છું' વગેરે પોતાનો ઉત્કર્ષ કરનારો ન ય ભવઇ-ન થાય (૪). એમ સૂત્રમાં કહેલા ક્રમે ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ દ્વારા ચઉત્થં પયં ભવઇ-ચોથું પદ પ્રાપ્ત થાય છે. અર્થાત્ એ રીતે વિનયથી શિષ્ય અંતે આત્મપ્રશંસારૂપ દોષથી રહિત થવાથી યથાર્થ સમાધિને

પ્રાપ્ત કરે છે. (ઉ. ૪ સૂ. ૨) ઇત્થ-આ વિષયમાં સિલોગો-શ્લોક નીચે પ્રમાણે ભવઇ-છે.

**પેહેઇ હિઆણુસાસણં, સુસ્સૂસઈ તં ચ પુણો અહિટ્ઠિએ ।**
**ન ય માણમએણ મજ્જઇ, વિણયસમાહિઆયયટ્ઠિએ ।।૪-૨।।**

(આચાર્યાદિની પાસે) આલોક-પરલોકમાં હિઆણુસાસણં-હિત કરનારા ઉપદેશને સાંભળવા પેહેઇ-પ્રાર્થના કરે-૧, સુસ્સૂસઈ-ગુરુના ઉપદેશ દ્વારા તે તે વિષયને સાંભળે-૨, તં ચ પુણો-અને વળી તેને અહિટ્ઠએ-યથાર્થ રીતે આચરે, પાલન કરે-૩, અને આચરવા છતાં વિણયસમાહિ-વિનય સમાધિ દ્વારા આયયટ્ઠિએ-મોક્ષનો અર્થી મુનિ માણમએણ-માન કે ગર્વથી ન ય મજ્જઇ-મદ ન કરે-૪. (ઉ. ૪-૨)

**હવે શ્રુતસમાધિનું સ્વરૂપ કહે છે-**

**ચઉવ્વિહા ખલુ સુઅસમાહી ભવઇ, તં જહાસુઅં મે ભવિસ્સઇત્તિ અજ્ઝાઇઅવ્વં ભવઇ-૧, એગગ્ગચિત્તો ભવિસ્સામિત્તિ અજ્ઝાઇઅવ્વં ભવઇ-૨, અપ્પાણં ઠાવઇસ્સામિત્તિ અજ્ઝાઇઅવ્વ ભવઇ-૩, ઠિઓ પરં ઠાવઇસ્સામિત્તિ અજ્ઝાઇઅવ્વં ભવઇ-૪, ચઉત્થં પયં ભવઇ ।।અ. ૯ ઉ. ૪, સૂ. ૩।। ભવઇ અ ઇત્થ સિલોગો ।।**

ખલુ-નો અર્થ સોળમાં સૂત્રમાં કહ્યા પ્રમાણે, ચઉવ્વિહા-ચાર પ્રકારની સુઅસમાહી-શ્રુતસમાધિ ભવઇ-છે. તે આ પ્રમાણે (હું જ્ઞાની-મોટો ગણાઉં એ આશયથી નહિ, પણ) મે-મને સુઅં-આચારાંગ વગેરે આગમોનો બોધ ભવિસ્સઇત્તિ-થશે એવી ભાવનાથી અજ્ઝાઇઅવ્વં-અધ્યયન કરવા યોગ્ય ભવઇ-છે-૧, તથા અધ્યયન કરતાં હું એગગ્ગચિત્તો-એકાગ્ર ચિત્તવાળો ભવિસ્સામિત્તિ-થઈશ, એવી ભાવનાથી અધ્યયન કરવા યોગ્ય છે-૨, તથા અધ્યયન કરવાથી થએલા તત્ત્વજ્ઞાનને યોગે મારા અપ્પાણં-આત્માને શુદ્ધ ધર્મમાં ઠાવઇસ્સામિત્તિ-સ્થિર કરીશ-જોડીશ, એવી ભાવનાથી અધ્યયન કરવા યોગ્ય છે-૩, અને ઠિઓ-સ્થિર થએલો હું પરં-બીજાને (શિષ્યાદિને) શુદ્ધ ધર્મમાં ઠાવઇસ્સામિત્તિ-સ્થિર કરીશ-જોડીશ, એવી ભાવનાથી ભણાવું જોઈએ. તેમાં ચોથું પદ શ્રુતસમાધિરૂપ છે અર્થાત્ નિર્મળ ધ્યેયથી વિધિપૂર્વક ભણેલો, પોતાનું એન પરનું હિત કરી શકે છે અને એ રીતે સ્વ-પર કલ્યાણ કરતો, સમાધિમાં-સમતામાં રહી કર્મોની નિર્જરા કરી મોક્ષસુખને પામી શકે છે. (ઉ.૪ સૂ.૩) ભવઇ અ ઇત્થ સિલોગો.

**આ વિષયમાં સંગ્રહશ્લોક આ પ્રમાણે છે-**

**નાણમેગગ્ગચિત્તો અ, ઠિઓ અ ઠાવએ પરં ।**
**સુઆણિ અ અહિજ્જિત્તા, રઓ સુઅસમાહિએ ।।૪-૩।।**

અધ્યયનમાં ઉદ્યમ કરનારને નાણં-જ્ઞાન બોધ થાય છે-૧, વળી ભણવાની તત્પરતાથી એગ્ગગ્ગચિત્તો અ-એકાગ્ર ચિત્ત (દત્તચિત્ત) થાય છે-૨, ભણવાથી થએલા બોધ દ્વારા તત્ત્વાતત્ત્વમાં પ્રગટેલા વિવેકના બળે ધર્મમાં ઠિઓ-સ્થિર થાય છે-૩, અને સ્વયં સ્થિર થએલો શિષ્યાદિ પરં-બીજાને ઠાવએ-ધર્મમાં સ્થિર કરે છે-૪, એમ સુઆણિ-વિવિધ આગમોને-ગ્રન્થોને અહિજ્જિત્તા-ભણીને ઉપર કહી તે ચાર પ્રકારની સુઅસમાહિએ-શ્રુતસમાધિમાં રઓ-રાગી-રક્ત (લીન) થાય છે. (ઉ. ૪-૩)

**હવે તપસમાધિનું વર્ણન કરે છે-**

**ચઉવ્વિહા ખલુ તવસમાહી ભવઇ, તં જહા-નો ઇહલોગટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા-૧, નો પરલોગટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા-૨, નો કિત્તિવણ્ણસદ્દસિલોગટ્ઠાયાએ તવમહિટ્ઠિજ્જા-૩, નન્નત્થ નિજ્જરટ્ઠાયાએ તવમહિટ્ઠિજ્જા-૪ । ચઉત્થં પયં ભવઇ ।। અ.૯ ઉ.૪ સૂ.૪ ।। ભવઇ અ ઇત્થ સિલોગો ।।**

તપસમાધિ ચાર પ્રકારની છે. (ખલુનો અર્થ સોળમા સૂત્રમાં કહ્યા પ્રમાણે) તે આ પ્રમાણે-ધમ્મિલની જેમ ઇહલોગટ્ઠયાએ-આ લોકનાં સુખ (લબ્ધિ આદિ પ્રગટાવવા) નિમિત્તે તવં-તપને અહિટ્ઠિજ્જા-નહિ કરવો, (અર્થાત્ તપ કરીને આ લોકના ફળની આશંસા નહિ રાખવી)-૧, બ્રહ્મદત્તની જેમ પરલોગટ્ઠયાએ-અન્ય જન્મમાં સુખ (ભોગાદિ સામગ્રી મેળવવાના) નિમિત્તે તપને નહિ કરવો, અર્થાત્ તપ કરવામાં પરલોકના સુખાદિની આશંસા નહિ રાખવી)-૨, એ રીતે કિત્તિવણ્ણસદ્દસિલોટ્ઠયાએ-કીર્તિ, વર્ણવાદ, શબ્દ અને પ્રશંસાને નિમિત્તે પણ તપ નહિ કરવો, (અર્થાત્ તપ કરવામાં સર્વદિગ્વ્યાપી (ખ્યાતિ રૂપ) કીર્તિની, એક દિશાવ્યાપી ખ્યાતિ રૂપ વર્ણવાદની, અર્દ્ધદિગ્વ્યાપી ખ્યાતિ રૂપ શબ્દનની અને તે જ સ્થાને સ્તુતિ થવી વગેરે પ્રશંસાની આશંસા નહિ રાખવી)-૩, નન્નત્થ નિજ્જરટ્ઠયાએ-અને નિર્જરા સિવાય અન્ય કોઈ આશાએ તપને નહિ કરવો, અર્થાત્ તપ કરવામાં માત્ર એક કર્મનિર્જરાનો ઉદ્દેશ રાખવો-૪. આ ચઉત્થં પયં-ચોથું પદ તપ સમાધિરૂપ ભવઇ-છે. અર્થાત્ નિર્મળ તપથી આત્માને એ ચોથા પદની પ્રાપ્તિ (કર્મનિર્જરા) થાય છે.

(ઉ.૪ સૂ.૪) ઇત્થ-આ વિષયમાં સિલોગો-સંગ્રહશ્લોક આ પ્રમાણે ભવઈ-છે.

**વિવિહગુણતવોરએ નિચ્ચં, ભવઇ નિરાસએ નિજ્જરટ્ઠિએ।**
**તવસા ધુણઇ પુરાણપાવગં, જુત્તો સયા તવસમાહિએ ।।૪-૪।।**

વિવિહગુણ-અનશન વગેરેની અપેક્ષાએ ઉત્તરોત્તર વિશિષ્ટ-શેણકારી એવા તવોરએ-તપમાં રક્ત જે સાધુ નિચ્ચં-નિત્ય નિરાસએ-આલોક પરલોકની સર્વ આશાઓ રહિત નિજ્જરટ્ઠિએ-કેવળ નિર્જરાનો અર્થી ભવઇ-હોય (થાય) છે. તે સયા-હંમેશાં તવસમાહિએ જુત્તો-તપસમાધિથી (તપના આનંદથી) યુક્ત તવસા-વિવિધ તપ વડે પુરાણપાવગં-જૂનાં પાપોને (કર્મોને) ધુણઇ-નિર્જરે છે (અને નવાં બાંધતો નથી, એમ ક્રમશઃ સર્વ કર્મોથી મુક્ત થાય છે. (૪-૪))

**હવે ચોથી આચારસમાધિને વર્ણવે છે-**

**ચઉવ્વિહા ખલુ આયારસમાહી ભવઇ, તં જહા નો ઇહલોગટ્ઠયાએ આયારમહિટ્ઠિજ્જા-૧, નો પરલોગટ્ઠયાએ આયારમહિટ્ઠિજ્જા-૨, નો કિત્તિ-વણ્ણ-સદ્દ-સિલોગટ્ઠયાએ આયારમહિટ્ઠિજા-૩, નન્નત્થ આરહંતેહિં હેઉહિં**

**આયારમહિટ્ઠિજ્જા-૪ । ચઉત્થં પયં ભવઇ ।। અ.૯ ઉ.૪ સૂ.૫ ।। ભવઇ અ ઇત્થ સિલોગો ।।**

(ખલુનો અર્થ ૧૬ મા સૂત્ર પ્રમાણે) આયારસમાહિ-આચારસમાધિ ચઉવ્વિહા-ચાર પ્રકારની ભવઇ-છે, તે આ પ્રમાણે ઇહલોગટ્ઠયાએ-આ લોકના નિમિત્તે નો આયાર-મહિટ્ઠિજ્જા-(મૂળગુણ-ઉત્તરગુણના પાલનરૂપ) આચારોને ન સેવે, અર્થાત્ આચારને પાળવામાં આલોકના સુખની આશંસા ન રાખે-૧, એ પ્રમાણે પરલોકના સુખની આશંસા ન રાખે-૨, કીર્તિ-વર્ણવાદ-શબ્દ-પ્રશંસાની પણ આશંસા ન રાખે-૩, આરહંતેહિં-હેઉહિં-અરિહંત ભગવંતોએ કહેલા (અનાશ્રવ-સંવર-નિર્જરા વગેરે) હેતુઓ નન્નત્થ-સિવાય બીજા કોઈ હેતુએ આયારં નો અહિટ્ઠિજ્જા-આચારને ન સેવે, અર્થાત્ કેવળ કર્મનિર્જરા-સંવર-અનાશ્રવ સિવાય કોઈ ફળની ઈચ્છા ન કરે, આલોક-પરલોકની સર્વ ઈચ્છાઓથી મુક્ત થઈને નિરીહપણે આચારને પાળે, કે જેથી મોક્ષ થાય. એ પ્રમાણે ચઉત્થં પયં ભવઇ-ચોથું પદ પ્રાપ્ત થાય છે, અર્થાત્ નિષ્કામ ભાવનાથી આચારને પાળતાં

સંતાપરહિત શાશ્વતી મુક્તિ થાય છે. (૪-૫) ભવઇ અ ઇત્થ સિલોગો-આ વિષયમાં શ્લોક છે.

**જિણવયણરએ, અતિંતિણે, પડિપુન્નાયયમાયયટ્ઠિએ ।**
**આયારસમાહિસંવુડે, ભવઇ અ દંતે ભાવસંધએ ।।૪-૫।।**

જિણવયણરએ-જિનવચનમાં (આગમમાં) રક્ત, અતિંતિણે-એકની એક વાત અસૂયાથી વારંવાર કહેવારૂપ તંતિલપણાથી રહિત, પડિપુન્ન-સૂત્ર-અર્થ વગેરેથી પૂર્ણ (ગીતાર્થ) આયયં-અત્યંન્ત આયયટ્ઠિએ-આત્માર્થી (મોક્ષાભિલાષી) આયરસમાહિસંવુડે-આચારપાલનમાં સમાધિથી એટલે આનંદથી આશ્રવદ્વારોને બંધ કરનારો, દંતે અ-અને મન તથા ઈન્દ્રિયોનું દમન કરનારો (વિજેતા), એવો સાધુ ભાવસંધએ-ભાવ એટલે મોક્ષનો સાધક (મોક્ષની નજીક) થાય છે. (૪-૫)

**અભિગમ ચઉરો સમાહિઓ, સુવિસુદ્ધો સુસમાહિઅપ્પઓ।**
**વિઉલહિઅં સુહાવહં પુણો,**
**કુવ્વઇ અ સો પયખેમમપ્પણો ।।૪-૬।।**

હવે સર્વસમાધિનું ફળ કહે છે-

ચઉરોસમાહિઓ-ઉપર કહ્યા પ્રમાણે ચાર સમાધિઓને અભિગમ-જાણીને અથવા પાળીને, મન, વચન તથા કાયાથી સુવિસુદ્ધો-અતિવિશુદ્ધ (અતિ કુશળયોગવાળો), સુસમાહિ-અપ્પઓ-સત્તર પ્રકારના સંયમમાં સ્થિર છે આત્મા જેનો (નિશ્ચલ), એવો સો-તે ધર્મનું સામ્રાજ્ય પામીને પુણો-વળી વર્તમાનમાં વિઉલહિઅં-અતિશાયી હિતને અને ભવિષ્યમાં સુહાવહં-હિતકારી સુખને પમાડનાર, એવા અપ્પણો-આત્માના પયં-પદને (મોક્ષને) ખેમં પકુવ્વઈ-ક્ષેમ (એટલે નિર્વિઘ્ને પામી શકાય તેવું) કરે છે, અર્થાત્ ચાર સમાધિઓને જ્ઞાનપૂર્વક આરાધીને મન વચન કાયાથી શુદ્ધ અને સંયમમાં અતિસ્થિર (નિશ્ચલ) એવો તે મુનિ ધર્મના સામ્રાજ્યને ભોગવતો, 'વર્તમાનમાં અતિશય હિતકારી અને ભવિષ્યમાં નિર્મળ સુખને આપનાર એવા મોક્ષપદને' ક્ષેમ કરે છે. અર્થાત્ નિર્વિઘ્ને પ્રાપ્ત કરી શકાય તેવું કરે છે. તાત્પર્ય કે મોક્ષપ્રાપ્તિ માટે પોતાના આત્માને લાયક બનાવી શકે છે. (૪-૬)

ટીકામાં કુવ્વઇ ને બદલે પકુવ્વઇ પાઠ છે.

એ જ વાતને સ્પષ્ટ કરે છે કે-

**જાઇમરણાઓ મુચ્ચઇ, ઇત્થત્થં ચ ચયઇ સવ્વસો ।**
**સિદ્ધે વા હવઇ સાસએ,**
**દેવે વા અપ્પરએ મહડ્ઢિએ-તિબેમિ ।।૪-૭।।**

આ સમાધિઓનો આરાધક ઉત્તમ સાધુ જાઇમરણાઓ-જન્મ-મરણાથી (સંસારથી) મુચ્ચઇ-મુક્ત થાય છે, ઇત્થત્થં ચ-અને આ સંસારમાં થતું (અનુભવાતું અને તિર્યંચ આદિ નામથી ઓળખાતું) પૌદ્ગલિક બંધન સવ્વસો-સર્વ પ્રકારોથી (પુનઃ કદી ગ્રહણ કરવું ન પડે તે રીતે) ચયઇ-તજે છે. એમ સાસએ સિદ્ધે-શાશ્વત (સાદિ અનંત ભાગે) સિદ્ધ, વા-અથવા (અનુત્તર વિમાન વગેરેમાં) અપ્પરએ-અલ્પરત (કામની અલ્પ વાસનાવાળો) મહડ્ઢિએ-મહર્દ્ધિક દેવે-દેવ હવઇ-થાય છે, તિબેમિ-એમ હું કહું છું. (૪-૭)

**।। સમત્તો ચઉત્થો ઉદ્દેસો ।।**

**ચોથો ઉદ્દેશો સંપૂર્ણ**

**।। સમત્તં નવમમજ્ઝયણમ્ ।।**

**નવનું અધ્યયન સંપૂર્ણ**

# દશમું સભિક્ખુ અધ્યયન

ઉપરનાં નવ અધ્યયનોમાં સાધુની ચર્યાનું વર્ણન કરવા દ્વારા વિશુદ્ધ અહિંસાદિનું પાલન કેવી રીતે કરી શકાય, અર્થાત્ સર્વથા પ્રાણાતિપાત વિરમાદિ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરવા માટે, બાહ્ય-અભ્યંતર કેવા આચારો પાળવા જોઈએ ? એ સમજાવવા ધર્મની વ્યાખ્યા, ભ્રમરવૃત્તિએ ભિક્ષા, નિર્મળ બ્રહ્મચર્ય, અનાચરિતનો પરિહાર, છ જીવનિકાયની ઓળખ, એની અહિંસા માટે જરૂરી નિર્દોષ-વિશુદ્ધ આહારનું સ્વરૂપ અને તેને મેળવવાના ઉપાયો, કાયશુદ્ધિ માટે સાધુના આચારનું, વચનશુદ્ધિ માટે ભાષાનું સ્વરૂપ, પ્રકારો અને બોલવામાં વિવેક એ સર્વ દ્વારા આત્મશુદ્ધિ કરવા માટે આચારની એકાગ્રતા અને છેલ્લે એ સઘળા ગુણોની પ્રાપ્તિના બીજભૂત વિનયનું સ્વરૂપ, વિનય-અવિનયનાં ફળો, વગેરે વર્ણવી સાધુતાનું સર્વદેશીય વર્ણન કર્યું.

હવે આ અધ્યયનમાં એ જ હકીકતને ટુંકમાં વર્ણવવા પૂર્વક 'સદ્‌ભિક્ષુ' એટલે ઉત્તમ સાધુ કેવો હોય ? અથવા તો તે ગુણો જેનામાં હોય 'સ ભિક્ખૂ-તે ભિક્ષુ કહેવાય' એમ

ઉત્તમ સાધુનું સ્વરૂપ બતાવ્યું છે, માટે આ અધ્યયનનું નામ 'સભિક્ખુ' રાખેલું છે.

વર્તમાનમાં દિનદિન જડના રાગે રંગાતી દુનિયામાં આત્માનું રક્ષણ જોખમાઈ રહ્યું છે. જૈનેત્તરો અને કુળથી જૈનો પણ આત્માને ભૂલી રહ્યા છે, તેવા કપરા કાળમાં સાધુધર્મનું નિરતિચાર પાલન કરવા માટે, આ અધ્યયન પરમ આલંબનભૂત છે. ત્યાગ ઉચ્ચકોટીનો છતાં હૃદય વૈરાગ્યવાસિત ન બને, ત્યાં સુધી ત્યાગનો આનંદ અનુભવી શકાતો નથી. ત્યાગ વૈરાગ્યને પ્રગટાવે અને વૈરાગ્ય ત્યાગનો આનંદ આપે. એમ બન્ને પરસ્પર સહકૃત બનીને આત્માને પરમોચ્ચ દશાએ પહોંચાડે, તેવી બન્નેની અખંડ અને આકરી આરાધના ગુરુની છાયા વિના શક્ય નથી. વિદ્યા સાધવામાં ઉત્તરસાધકની જેટલી જરૂર છે, તેથી ય હજારો ગુણી જરૂર ત્યાગ-વૈરાગ્યની સાધના માટે ગુરુની છે. કોઈ સ્વચ્છંદી તથાવિધ યોગ્યતા વિના સ્વયં સાધના કરવા ઈચ્છે, તો તે એવી વિષમ પરિસ્થિતિમાં મૂકાય કે જેનું વર્ણન કરવું દુષ્કર છે. માટે જ મુમુક્ષુએ ગુરુઆજ્ઞાને શિરસાવન્ધ કરીને, તેઓની નિશ્રામાં રહી સમર્પિતભાવે સાધુતાને આત્મસાત કરવા પ્રયત્ન કરવો જોઈએ, એ હકીકત સમગ્ર ગ્રન્થના

સાર તરીકે આ અધ્યયનમાં કહેલી છે. આત્માર્થીએ જ્ઞાન અને ક્રિયા ઉભયના સહયોગથી એને જીવનમાં ઉતારવા યથાશક્ય પ્રયત્ન કરવો, એ આ અધ્યયનનો સાર છે.

**નિક્ખમ્મમાણાઇ અ બુદ્ધવયણે,**

**નિચ્ચં ચિત્તસમાહિઓ હવિજ્જા ।**

**ઇત્થીણ વસં ન આવિ ગચ્છે,**

**વંતં ન પડિઆયઇ જે સ ભિક્ખૂ ।।૧૦-૧।।**

આણાઈ-જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે (અર્થાત્ સંયમ માટે પોતાની યોગ્યતા જોઈને) નિક્ખમ્મ-નિષ્ક્રમ્ય (અર્થાત્ પ્રવજ્યા સ્વીકારીને, તત્ત્વાતત્ત્વનો જાણ) જે-જે વયણે-જિનવચનમાં નિચ્ચં-હંમેશાં ચિત્તસમાહિઓ-પ્રસન્ન ચિત્તવાળો હવિજ્જા-બને, અર્થાત્ જિનાજ્ઞાનું પ્રસન્નચિત્તે પાલન કરે, આવિ-અને વળી ઇત્થીણ-સ્ત્રીઓને વસં ન ગચ્છે-વશ ન થાય વંતં-તજેલા ભોગોને જાણતાં અજાણતાં પણ ન પડિઆયઇ-ન સ્વીકારે, સ ભિક્ખૂ-તે ભાવભિક્ષુ (યથાર્થ સાધુ) છે. (૧)

સંયમના સ્વીકાર માટે શાસ્ત્રમાં કહેલી યોગ્યતા વિના સંયમ સ્વીકારનાર પ્રાયઃ પ્રાયઃ જિનવચનના પાલનમાં પ્રસન્ન

રહી શકતો નથી. પાંચ મહાવ્રતોના પાલન માટે કષ્ટો સહવાનું સત્ત્વ, વિષયોનો વિરાગ, વગેરે યોગ્યતા પામેલો જીવ (વ્યાપારનાં કષ્ટો સહવા છતાં લાભને જોઈ જેમ આનંદ અનુભવે તેમ) સંયમનાં કષ્ટો વેઠવા છતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિથી આનંદ અનુભવે છે, માટે આજ્ઞાને અનુસારે ચારિત્રની યોગ્યતાને પામીને દીક્ષિત થયેલો. પણ જો પાછળથી પ્રમાદી બની જાય તો દીક્ષા નિરર્થક કરે, માટે 'જિનવચનના પાલનમાં નિત્ય પ્રસન્ન રહે' એમ કહ્યું, એવો પણ બીજી બાજુ દોષોને સેવે તો દીક્ષા નિરર્થક થાય, માટે 'સ્ત્રીને વશ ન થાય, અર્થાત્ તજેલા કોઈપણ ભોગાદિને ન વાંછે' એમ કહ્યું. ૧

પુઢવિં ન ખણે ન ખણાવએ,
સીઓદગં ન પિએ ન પિઆવએ ।
અગણિ-સત્થં જહા સુનિસિઅં,
તં ન જલે ન જલાવએ જે સ ભિક્ખૂ ।।૧૦-૨।।

અનિલેણ ન વીએ ન વીયાવએ,
હરિયાણિ ન છિંદે ન છિંદાવએ ।

બીઆણિ સયા વિવજ્જયંતો,

સચ્ચિત્તં નાહારએ જે સ ભિક્ખૂ ||૧૦-૩||

પુઢવિં-સચિત્ત પૃથ્વીકાયને ન ખણે-ખોદે (તોડે-ભાંગે) નહિ તથા ન ખણાવએ-બીજા દ્વારા ખોદાવે નહિ. (ઉપલક્ષણથી ખોદનારને સારો માને નહિ, એમ અહીં તથા આગળના વર્ણનમાં પણ સમજી લેવું) સીઓદગં-સચિત્ત પાણીને પીએ નહિ (સરાણ ઉપર ચઢાવીને ઘસેલું) સત્થં-શસ્ત્ર જહા સુનિસિઅં-જેમ અતિ તીક્ષ્ણ ધારવાળું (છ કાય જીવોનો નાશ કરે તેમ અગણિસત્થં-અગ્નિકાયશસ્ત્ર (જીવઘાતક) છે માટે જે-તં ન જલે-તેને સ્વયં સળગાવે નહિ અને ન જલાવએ-સળગાવરાવે નહિ તેને ભિક્ષુ સમજવો. (૧૦-૨) વળી-

અનિલેણ-વાયુ નાખવાના સાધનભૂત વસ્ત્રના છેડા કે વીંઝણા વગેરેથી (પોતાને કે પરને સ્વયં) ન વીએ-વીંઝે નહિ. (પવન નાખે નહિ) અને બીજા દ્વારા ન વીયાવએ-વીંઝાવે નહિ હરિઆણિ-સચિત્ત (ઘાસ વગેરે) વનસ્પતિને સ્વયં ન છિંદે-છેદે નહિ અને અન્ય દ્વારા ન છિંદાવએ-છેદાવે નહિ, તથા સયા-હંમેશાં વીઆણિ-(વનસ્પતિનાં) બીજ કે ધાન્યનાં

કણીયા વગેરેને વિવજ્જયંતો-તજતો (સંઘટ્ટન, પરિતાપન, વગેરે નહિ કરતો) જે-જે સાધુ સચ્ચિતં-સજીવ પદાર્થને ન આહારએ-ખાય નહિ, તે ભિક્ષુ સમજવો. (૧૦-૩)

જો કે પૂર્વનાં અધ્યયનોમાં આ હકીકત કહી છે, તો પણ ત્યાં માત્ર સાધુના આચારને આશ્રયીને વિધિ-નિષેધરૂપે કહી છે અને અહીં 'તેને ક્રિયારૂપે પાળે તે સાધુ' એમ કહેવા માટે કહી છે, માટે પુનરુક્ત દોષ નથી. ટૂંકમાં પૃથ્વીકાય આદિ કોઈ જીવની હિંસા કરે નહિ, કરાવે નહિ અને ઉપલક્ષણથી અનુમોદે નહિ તે સાધુ કહેવાય. માટે સાધુએ છકાયની હિંસા થાય તેવી સર્વ પ્રવૃત્તિથી દૂર રહેવું. ૩

**હવે સકારણ પણ હિંસાનો નિષેધ કરે છે-**

**વહણં તસથાવરાણ હોઇ,**
**પુઢવિતણકટ્ઠનિસ્સિઆણ ।**
**તમ્હા ઉદ્દેસિઅં ન ભુંજે,**
**નો વિ પએ ન પયાવએ જે સ ભિક્ખૂ ।।૧૦-૪।।**

(સાધુના ઉદ્દેશથી આહાર-પાણી આદિ તૈયાર કરવામાં) પુઢવિતણકટ્ઠનિસ્સિઆણં-પૃથ્વી (માટી વગેરે), તૃણ (ઘાસ) અને કાષ્ઠ (ઇંધણાં વગેરે)ની નિશ્રાએ રહેલા તસ-થાવરાણ-

ત્રસ સ્થાવર જીવોનું વહણં-હનન (હિંસા) હોઈ-થાય તમ્હા-તે કારણે ઉદ્દેસિઅં-સાધુને ઉદ્દેશીને કરેલું વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી કે મકાન, કંઈ પણ (સાધુ) ન ભુંજે-ભોગવે (વાપરે) નહિ. એટલું જ નહિ, જે નો વિ પએ-જે પકાવે પણ નહિ અને ન પયાવએ-પકાવરાવે પણ નહિ સ ભિક્ખૂ-તે સાધુ સમજવો. (૪)

**રોઇઅ(ય) નાયપુત્તવયણે,**

**અત્તસમે મન્નિજ્જ છપ્પિ કાએ ।**

**પંચ ય ફાસે મહવ્વયાઇં,**

**પંચાસવસંવરે જે સ ભિક્ખૂ ।।૧૦-૫।।**

નાયપુત્તવયણે-જ્ઞાતપુત્ર શ્રીમહાવીરપ્રભુના વચનમાં રોઇઅ-રુચિ કરીને (જ્ઞાનરૂપે જાણીને અને ક્રિયારૂપે પાળીને) જે-જે સાધુ છપ્પિ કાએ-પૃથ્વીકાયાદિ છ એ કાયના જીવોને અત્તસમે-પોતાના તુલ્ય મન્નિજ્જ-માને, પંચ મહવ્વયાઇં-પાંચ મહાવ્રતોને ફાસે-સ્પર્શે અને પંચાસવસંવરે-પાંચે ઈન્દ્રિયોના વિકારને રોકે, સ ભિક્ખૂ-તે ભિક્ષુ સમજવો. (૫)

જિનવચનમાં પ્રતીતિ-શ્રદ્ધા પ્રગટયા વિના પૃથ્વીકાયાદિ જીવોની દયા કે રક્ષાના પરિણામ પ્રગટે નહિ, જીવદયાના

પરિણામ વિના અહિં સાદિ વ્રતોનું યથાર્થ-નિરતિચાર પાલન અને તે માટે આવશ્યક ઈન્દ્રિયોનો સંવર (વિજય) થઈ શકે નહિ. એમ પાયામાં જિનવચનના યથાર્થપણાની શ્રદ્ધા અને તેના આધારે પ્રગટેલી દયા, વ્રતપાલન, ઈન્દ્રિય-જય, વગેરે સાધુતાનાં જરૂરી અંગો છે. તે જેનામાં પ્રગટે તે ભાવસાધુ કહેવાય.

સર્વ જીવોને સુખનો રાગ, દુ:ખ પ્રત્યે દ્વેષ, મરણનો ભય, જીવવાની ઈચ્છા, વગેરે સમાન હોવાથી જીવ માત્ર પોતાના તુલ્ય છે, માટે 'પોતાને ન ગમતું દુ:ખ બીજાને પણ નહિ કરવું' એમ સમજતો સાધુ અહિંસાદિ વ્રતોને પાળતો પરપીડાને તજે. અહીં મહાવ્રતોને 'સ્પર્શે' એમ કહ્યું તેમાં એ આશય છે કે કેવળ ક્રિયાથી વ્રતોનું પાલન કરે એટલું જ નહિ કિન્તુ આત્માને અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મ અને અપરિગ્રહના પરિણામવાળો બનાવે, અર્થાત્ ભાવથી સર્વવિરતિ ગુણસ્થાનકને પ્રગટે કરે. એમ છતાં ઈન્દ્રિયો નિરંકુશ રહે તો સર્વગુણોથી ભ્રષ્ટ થાય, માટે પ્રાપ્ત ગુણોની રક્ષાપૂર્વક અપ્રાપ્ત ગુણોને પ્રગટાવવા ઈન્દ્રિયોનો જય કરે એમ કહ્યું છે. ૫

**ચત્તારિ વમે સયા કસાએ,**
**ધુવજોગી હવિજ્જ બુદ્ધવયણે ।**
**અહણે નિજ્જાયરૂવરયએ,**
**ગિહિજોગં પરિવજ્જએ જે સ ભિક્ખૂ ।।૧૦-૬।।**

વળી ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષરૂપ પ્રતિપક્ષ-ગુણોના અભ્યાસ દ્વારા સયા-નિત્ય ચત્તારિ-કસાએ વમે-(ક્રોધાદિ) ચાર કષાયોને વમે (જીતે) બુદ્ધવયણે-(અહીં સપ્તમી તૃતીયાના અર્થમાં હોવાથી) જિનવચન વડે ધુવજોગી-નિત્ય ઉચિત યોગવાળો (એટલે સંયમને યોગ્ય સઘળી કરણી કરનારો, અર્થાત્ આગમને અનુસરનારો) હવિજ્જ-હોય, અહણે-અધનિક, (ચતુષ્પદ વગેરે ધન વિનાનો) હોય, નિજ્જાયરુવરયએ-રૂપું-સોનું જેની પાસે ન હોય, અને જે-જે ગિહિજોગં-ગૃહસ્થના સંબંધને પરિવજ્જએ-સર્વથા તજે, (અર્થાત્ ગૃહસ્થોનું મમત્વ ન રાખે), તેને ભિક્ષુ જાણવો. (૬)

કષાયના ત્યાગ દ્વારા અભ્યંતર અને ધન, સુવર્ણ, રૂપું વગેરે બાહ્ય પરિગ્રહને તજીને પૂર્વોપાર્જિત કર્મોની નિર્જરા માટે વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાય, તપ, જપ, ધ્યાન, વગેરે

સંયમયોગોનું સતત સેવન કરે, તથા ભક્તગૃહસ્થનો પણ પ્રતિબંધ (સંબંધ કે મમત્વ) વર્જે, તે સાધુ નિરતિચાર ચારિત્રને પાળવાથી ભાવસાધુ જાણવો. ૬

**સમ્મદિટ્ઠિ સયા અમૂઢે, અત્થિ હુ નાણે તવે સંજમે અ ।**
**તવસા ધુણઇ પુરાણપાવગં,**
**મણવયકાયસુસંવુડે જે સ ભિક્ખૂ ।।૧૦-૭।।**

વળી સમ્મદિટ્ઠિ-સમ્યગ્દૃષ્ટિ (ગુણવાળો હોવાથી) સદા અમૂઢે-મૂઢતારહિત એવું માને કે જ્ઞાન, તપ અને સંયમ એ હુ-નિશ્ચે અત્થિ-છે જ. એવા દૃઢ પરિણામવાળો જે-જે સાધુ તવસા-(બાહ્ય અભ્યંતર) તપ વડે પુરાણપાવગં-પૂર્વ બાંધેલા પાપકર્મોને ધુણઇ-ખપાવે (તોડે) તથા મણવયકાય સુસંવુડે-મન વચન અને કાયાથી સંવૃત્ત (ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત) હોય, સ ભિક્ખૂ-તે ભાવસાધુ જાણવો. (૭)

સમ્યગ્દર્શન હોવાથી મૂઢતા ટળે, મૂઢતાના અભાવે તત્ત્વાતત્ત્વનો વિવેક પ્રગટે અને તેથી અતીન્દ્રિય પદાર્થોમાં પણ હેય-ઉપાદેયનો વિવેક કરાવનારું જ્ઞાન, કર્મરૂપ મેલને ધોવામાં નિર્મળજળ તુલ્ય તપ, તથા નવા કર્મોના બંધને રોકવારૂપ સંયમ એટલે સંવર, વગેરે ગુણોને પીછાને અર્થાત્

ગુણોના મહિમાને સમજે, એના દ્વારા જ્ઞાનચક્ષુથી હેય-ઉપાદેયનો વિવેક કરી ઈન્દ્રિયોના સંવર દ્વારા નવા કર્મબંધને રોકે અને તપ દ્વારા પૂર્વે બાંધેલાં કર્મોને ખપાવે. એમ સર્વથા કર્મરહિત થવાની સામગ્રીને ઓળખે અને સફળ કરે તે સાધુ કહેવાય. ૭

**તહેવ અસણં પાણગં વા,**
**વિવિહં ખાઇમસાઇમં લભિત્તા ।**
**હોહી અટ્ઠો સુએ પરે વા,**
**તં ન નિહે ન નિહાવએ જે સ ભિક્ખૂ ।।૧૦-૮।।**

**તહેવ અસણં પાણગં વા,**
**વિવિહં ખાઇમસાઇમં લભિત્તા ।**
**છંદિઅ(ય) સાહમ્મિઆણ ભુંજે,**
**મુચ્ચા સજ્ઝાયગએ ય જે સ ભિક્ખૂ ।।૧૦-૯।।**

તહેવ-પૂર્વ મુનિઓની જે અશન (આહાર), અથવા પાણી, કે વિવિધ પ્રકારનું ખાદિમ (લીલો-સૂકો મેવો, ફળ શેકેલું ધાન્ય વગેરે), કે સ્વાદિમ (ચૂર્ણ વગેરે), તેને લભિત્તા-મેળવીને જે-સાધુ સુએ-આવતી કાલે પરે વા-અથવા પરમ દિવસે અટ્ઠો હોઇ-પ્રયોજન પડશે એમ માની તં-તેને ન

નિહે-સંઘરે નહિ, કે ન નિહાવએ-સંઘરાવે નહિ, (અર્થાત્ રાત્રે સંનિધિ રાખે કે રખાવે નહિ), તે ભાવસાધુ જાણવો. (૮)

વળી એ જ રીતે પૂર્વ મુનિઓની જેમ આહાર, અથવા પાણી, કે વિવિધ ખાદિમ, સ્વાદિમને મેળવીને સાહમ્મિઆણ-સાધર્મિક સાધુઓને છંદિય-નિમંત્રણા કરીને પછી મુંજે-વાપરે અને વાપરીને (વાચનાદિ પાંચ પ્રકારના) સ્વાધ્યાયમાં તથા ય-શેષ (વિનય વૈયાવચ્ચ વગેરે) અનુષ્ઠાનોમાં પણ રક્ત રહે તે ભાવસાધુ જાણવો. (૧૦-૯)

આહાર વગેરેમાં અનાસક્તભાવ એ સર્વ ગુણોનું બીજ છે, વિનય પણ તે જ કરી શકે છે કે જેણે આહારસંજ્ઞાનો અને રસસંજ્ઞાનો વિજય કર્યો હોય. એ કારણે મુનિને કુક્ષિસંબલ (જરૂર જેટલું જ મેળવનારા) કહ્યા છે, પાણી પણ વિના પ્રયોજને અધિક લાવવું કે રાખવું તેને સંનિધિ દોષ કહ્યો છે. માટે આ બે ગાથાઓમાં સંનિધિ નહિ કરવારૂપે તથા અન્ય સાધુઓને નિમંત્રણ કરવા રૂપે આહાર પ્રત્યે અનાસક્ત ભાવને પ્રગટાવવા અને ગૃહસ્થે સંયમાર્થે આપેલા આહારાદિને

સફળ કરવા સૂચવ્યું. સર્વ ગુણોની ભૂમિકારૂપ આ ગુણને ઉત્તમ સાધુએ અવશ્ય પ્રગટાવવો જોઈએ. ૯

**ન ય વુગ્ગહિયં કહં કહિજ્જા,**
**ન ય કુપ્પે નિહુઇંદિએ પસંતે ।**
**સંજમે ધુવં જોગેણ જુત્તે,**
**ઉવસંતે અવિહેડએ જે સ ભિક્ખૂ ॥૧૦-૧૦॥**

ય-વળી જે-જે સાધુ વુગ્ગહિયં-કલહકારિણી કહં-કથાને (વચનોને) ન કહે, (હિતકર વાત કરતાં પણ બીજાની ઉપર) ન કુપ્પે-કોપે નહિ, કિન્તુ નિહુઇંદિએ-જિતેન્દ્રિય અને પસંતે-(રાગ-દ્વેષ રહિત) પ્રશાન્ત રહે, ધુવં-નિત્ય સંજમે-સંયમમાં જોગેણ-મન-વચન અને કાયાથી તે તે કરવા યોગ્ય કાર્યોમાં જુત્તે-જોડાયેલો રહે, ઉવસંતે-(કાયાની ચપલતા રહિત) ઉપશાન્ત રહે. અવિહેડએ-કોઈ ઔચિત્ય પ્રવૃત્તિનો અનાદર ન કરે તે ભાવસાધુ જાણવો. (૧૦)

**જો સહઇ હુ ગામકંટએ,**
**અક્કોસપહાર-તજ્જણાઓ અ ।**
**ભય-ભેરવ-સદ્દ-સપ્પહાસે,**
**સમસુહદુક્ખસહે અ જે સ ભિક્ખૂ ॥૧૦-૧૧॥**

જો-જે મહાત્મા અક્કોસ-આક્રોશને-તિરસ્કારને (તથા ચાબુક વગેરેના) પહાર-પ્રહારોને અ-અને તજ્જણાઓ-(દુર્ભાવથી બોલાએલા) કડવા શબ્દો (મેણાં ટોણાં) વગેરે ગામ-ઈન્દ્રિયોના કંટએ-દુઃખ દેનારા કાંટાઓને સહઇ-સહન કરે, તથા જે-જે વેતાલ-રાક્ષસ વગેરેના તથા ભયભેરવસદ્દ સપ્પહાસે-ભયાનક અને અત્યન્ત રૌદ્ર શબ્દોવાળા અટ્ટહાસ્યોને સાંભળવા છતાં સમસુહદુક્ખસહે-સુખ-દુઃખને સમતાથી સહન કરે (રાગ-દ્વેષ-ભયથી પર રહી સમતા સામાયિકમાં રમે), સ ભિક્ખૂ-તે ઉત્તમ સાધુ જાણવો. (૧૦-૧૧)

**પડિમં પડિવજ્જિઆ મસાણે,**
**નો ભીયએ ભયભેરવાઇં દિસ્સ ।**
**વિવિહગુણતવોરએ અ નિચ્ચં,**
**ન સરીરં ચાભિકંખએ જે સ ભિક્ખૂ ।।૧૦-૧૨।।**

જે-જે મુનિ મસાણે-સ્મશાનમાં માસની, બે માસની, વગેરે પડિમં-પ્રતિમાને (વિશિષ્ટ અભિગ્રહને) પડિવજ્જિઆ-વિધિપૂર્વક સ્વીકારીને (તેમાંથી ચલાયમાન કરવા માટે વૈતાલ વગેરેએ કરેલાં અટ્ટહાસાદિનાં) ભયભેરવાઇં-ભયાનક

નિમિત્તોને દિસ્સ-જોઈને નો ભીયએ-ભય ન પામે, નિચ્ચં-નિત્ય વિવિહગુણતવોરએ-(મૂળ-ઉત્તર ગુણ વગેરે) વિવિધ ગુણોમાં અને તપમાં રક્ત રહે ય-અને વર્તમાન કે ભવિષ્યને અંગે સરીરં-શરીરને ન અભિકંખએ-સ્પૃહા (દરકાર) ન કરે, તે ઉત્તમ સાધુ જાણવો. (૧૨)

(કોઈ સ્થળે દિસ્સ ને બદલે દિઅસ્સ પાઠાન્તર છે.)

અસઇં-વારંવાર (સદાય) વોસટ્ઠ-વોસિરાવ્યું (અને) ચત્ત-વર્જ્યું છે દેહે-શરીર જેણે એવો મુનિ (અહીં રાગને તજવો તે વોસિરાવ્યું અને શોભા-સંસ્કાર વગેરે નહિ કરવાં તે તજ્યું કહેવાય, એમ ભેદ સમજવો.) અક્કુટ્ઠે-(અપમાનવાચક શબ્દોથી) આક્રોશ થવા છતાં હએ વ-અથવા દંડ વગેરેથી મારવા છતાં લૂસિએ વા-અથવા તલવાર વગેરે શસ્ત્રોથી છોલવા છતાં (કે સિંહ, શિયાળ વગેરેથી ઉપદ્રવ થવા છતાં) જે-જે મુણી-સાધુ પુઢવીસમે-પૃથ્વીની સમાન (સર્વ ઉપસર્ગોને સમતાથી સહન કરનારો હવિજ્જા-હોય (થાય), અને આ લોક-પરલોક સંબંધી ફળની ઈચ્છારૂપ અનિયાણે-નિયાણા વિનાનો તથા નાટક વગેરે જોવા-સાંભળવામાં અકોઉહલ્લે-કુતૂહલ વિનાનો હોય, તે ઉત્તમ સાધુ જાણવો. (૧૩)

**અભિભૂય કાએણ પરીસહાઇં,**

**સમુદ્ધરે જાઇપહાઉ અપ્પયં ।**

**વિઇત્તુ જાઇમરણં મહબ્ભયં,**

**તવે રએ સામણિએ જે સ ભિક્ખૂ ।।૧૦-૧૪।।**

જે-જે મુનિ કાએણ-શરીર દ્વારા પણ પરીસહાઇં-ક્ષુધા, તૃષા વગેરે પરીષહોને અભિભૂય-પરાભવ કરીને (જીતીને) અપ્પયં-આત્માને જાઇપહાઉ-જન્મના માર્ગેથી (સંસારથી) સમુદ્ધરે-પાર ઉતારે અને તે માટે જાઈમરણં-જન્મમરણને મહબ્ભયં-મહા ભયાનક વિઇત્તુ-જાણીને સામણિએ-સાધુતાને યોગ્ય તવે-તપમાં રએ-રક્ત રહે, તે ઉત્તમ ભિક્ષુ જાણવો. (૧૪)

અહીં કાયાથી પરીષહોને પરાભવ કરવાનું કહ્યું, તેમાં એ આશય છે કે પરીષહો આવે ત્યારે મનથી આર્ત્તધ્યાન ન કરે અને વચનથી દીનતાભર્યું વચન ન બોલે, છતાં જો કાયાથી સહન ન કરે તો વિજય થતો નથી, માટે કાયાથી પણ કષ્ટોને સહન કરીને જીતે તો આત્માને સંસારથી પાર ઉતારી શકાય. તેવું ત્યારે જ બને કે જન્મ-મરણનો તીવ્ર ભય પ્રગટયો હોય. માટે જે જન્મ-મરણના મહાભયને સમજે

તે પ્રારંભમાં કષ્ટકારી છતાં પરિણામે સર્વકષ્ટોથી છોડાવનાર તપને આદરપૂર્વક કરી શકે. અહીં સાધુતાને યોગ્ય એટલે પાર્યશ્ચિત-વિનયાદિ અભ્યંતર તપની સાથે શરીરબળને અનુસરીને બાહ્ય તપ પણ કરે, એમ સમજવું. તે પણ તપસ્વી તરીકેની ખ્યાતિ માટે નહિ પણ કર્મનિર્જરાના ધ્યેયથી ગુપ્ત કરે, એમ સમજવું. ૧૪

**હત્થસંજએ પાયસંજએ,**

**વાયસંજએ સંજઇંદિએ ।**

**અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા,**

**સુત્તત્થં ચ વિયાણઇ જે સ ભિક્ખૂ ।।૧૦-૧૫।।**

હત્થસંજએ-હાથનો સંયમી, પાયસંજએ-પગનો સંયમી, વાયસંજએ-વચનનો સંયમી, સંજઇંદિએ-ઈન્દ્રિયોના સંયમવાળો, અજ્ઝપ્પરએ-અધ્યાત્મમાં રક્ત, સુસમાહિઅપ્પા-આત્માની સમાધિવાળો હોય, સુત્તત્થં ચ-અને સૂત્ર તથા અર્થને જે વિયાણઇ-જે જાણે તે ઉત્તમ ભિક્ષુ જાણવો. (૧૫)

હાથ-પગને કાચબાની જેમ સંકોચી રાખનાર અને કારણે સમ્યગ્ (હિંસાદિ ન થાય તેમ) જયણાથી કામ કરનાર,

તેને હાથ-પગનો સંયમી સમજવો. એ રીતે અહિતકર વચનને રોકીને કારણે હિતકર વચનને બોલનાર વાક્‌સંયમી, વિષયોથી ઈન્દ્રિયોને રોકનાર તે ઈન્દ્રિયોનો સંયમી, ધર્મ-શુક્લ ધ્યાનમાં રમનાર તે અધ્યાત્મમાં રક્ત, ગુણોમાં રમનાર તે આત્મસમાધિવાળો, અને શાસ્ત્રોક્તવિધિપૂર્વક ગુર્વાદિનો વિનય કરીને ભણેલો તે સમ્યક્ સૂત્ર-અર્થનો (અને ઉભયનો) જ્ઞાતા, વગેરે યથાયોગ્ય સમજવું. હાથ-પગના સંયમથી કાયયોગનો, વચનસંયમથી વચનયોગનો અને અધ્યાત્મરક્ત, સમાધિવંત તથા સૂત્રાર્થનો જાણ, વગેરેથી મનોયોગનો સંયમ સમજવો. એમ ત્રણે યોગોથી સંયમસાધકને ઉત્તમ સાધુ સમજવો. ૧૫

**ઉવહિમ્મિ અમુચ્છિએ અગિદ્ધે,**
**અન્નાયઉંછ પુલનિપ્પુલાએ ।**
**કયવિક્કસંનિહિઓ વિરએ,**
**સવ્વસંગાવગએ અ જે સ ભિક્ખૂ ।।૧૦-૧૬ ।।**

વસ્ત્રાદિ ઉવહિમ્મિ-ઉપધિમાં (મોહ તજવાથી) અમુચ્છિએ-મૂર્છા વિનાનો તથા (આસક્તિ તજવાથી) અગિદ્ધે-ગૃદ્ધિ વિનાનો અને એ રીતે ઉપધિમાં લોલુપતાદિ ન હોવાથી

અન્નાયઉંછ-અજાણ્યા ઘરોમાંથી થોડું થોડું લઈને નિર્વાહ કરનારો, સંયમને નિર્બળ-અસાર કરનારા પુલનિપ્પુલાએ-દોષોથી રહિત, (વસ્ત્ર-પાત્ર-આહાર વગેરેનાં) ક્રય-વિક્કય-સંનિહિઓ-ક્રય, વિક્રય અને સંનિધિથી (સંગ્રહથી) વિરએ-અટકેલો (એવું નહિ કરનારો), એવો જે-જે દ્રવ્યભાવ સવ્વસંગાવગાએ-સર્વ સંગથી (પરિગ્રહથી) રહિત હોય, તે ઉત્તમ સાધુ જાણવો. (૧૬)

પંદરમી ગાથામાં ત્રણ યોગોની શુદ્ધિ દ્વારા અહિંસા, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્યરૂપ ચાર મહાવ્રતોનો રક્ષક-પાલક કહ્યો, અહીં કહેલાં વિશેષણોથી પરિગ્રહવર્જનરૂપ પાંચમાં વ્રતનો તથા સંનિધિવર્જક વિશેષણથી રાત્રિભોજન-વિરમણવ્રતનો પણ આરાધક કહ્યો. ક્રય એટલે દ્રવ્યભાવ ઉભય ક્રાતદોષથી રહિત, વગેરે યથાયોગ્ય સમજવું. ૧૬

અલોલ-ભિક્ખૂ ન રસેસુ ગિજ્ઝે (દ્ધે),
        ઉંછં ચરે જીવિઅ નાભિકંખે ।
ઇડ્ઢિં ચ સક્કારણપૂઅણં ચ,
        ચએ ઠિઅપ્પા અણિહે જે સ ભિક્ખૂ ।।૧૦-૧૭।।

અલોલ-અલોલુપી (માગી માગીને નહિ મેળવનારો) ભિક્ખૂ-સાધુ (મળેલા પણ ઘી-દૂધ-મિષ્ઠાન્ન વગેરે) રસેસુ-રસોમાં ન ગિજ્ઝે-ગૃદ્ધિ ન કરે, ઘેર ઘેરથી ઉંછં-થોડું થોડું લઈને ચરે-નિર્વાહ કરે, કિન્તુ જીવિઅ-અતિચારવાળું-દોષિત જીવન જીવવાને ન અભિકંખે-ન ઈચ્છે. ચ-વળી જે-જે વિવિધ લબ્ધિઓરૂપ ઇડ્ઢિં-ઋદ્ધિને, વસ્ત્ર વગેરેની ભેટરૂપ સક્કારણ-સત્કારને અને સ્તુતિ, પ્રશંસાદિરૂપ પૂઅણં-પૂજાને ચએ-તજે (માન-સન્માન વગેરેને ન ઈચ્છે), જ્ઞાનાદિમાં જેનો ઠિઅપ્પા-આત્મા સ્થિર હોય અને અણિહે-માયારહિત હોય, તે ભાવભિક્ષુ જાણવો. (૧૭)

સોળમી ગાથામાં ઉંછં વિશેષણ વસ્ત્ર-પાત્રાદિ ઉપધિને અંગે અને અહીં આહારને અંગે કહેલું હોવાથી પુનરુક્તદોષ નહિ સમજવો. સંયમના પાલનમાં તે તે લબ્ધિ કે માન-સન્માન વગેરે મેળવવાનું ધ્યેય સંસારવર્દ્ધક હોવાથી તેને તજે, જ્ઞાનાદિમાં રમણતા હોય તે જ જડ વૃત્તિઓને ટાળી અધ્યાત્મભાવમાં રહી શકે અને એ સઘળા ગુણો છતાં માયા હોય તો સર્વ ગુણોનો નાશ થાય, માટે માયારહિત હોય તે ઉત્તમ ભિક્ષુક સમજવો. ૧૭

**ન પરં વએજ્જાસિ 'અયં કુસીલે',**
**જેણન્ન કુપ્પેજ્જ ન તં વએજ્જા ।**
**જાણિય પત્તેયં પુણ્ણપાવં,**
**અત્તાણં ન સમુક્કસે જે સ ભિક્ખૂ ।।૧૦-૧૮।।**

જે-જે સાધુ પત્તેયં-પ્રત્યેક જીવને બાંધેલાં પુણ્ણપાવં-પુણ્ય કે પાપ સ્વયં ભોગવવાં પડે છે, એમ જાણિય-સમજીને (પાપ બંધાય તે રીતે બીજા ગ્રુપનાં) પરં-પર સાધુને 'અયં કુસીલે'-'આ કુશીલ છે' વગેરે ન વએજ્જાસિ-ન કહે. એટલું જ નહિ, જેણન્ન-જે બોલવાથી બીજો કુપ્પેજ્જ-કોપે તે તં-તેવું વચન સર્વથા ન વએજ્જા-ન બોલે અને અત્તાણં-પોતાને ન સમુક્કસે-પ્રશંસે નહિ, તે ઉત્તમ સાધુ જાણવો. (૧૮)

પરનિન્દા અને આત્મશ્લાઘા કરવાથી જીવ નીચગોત્ર, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, અશાતા, વગેરે પાપકર્મનો બંધ કરે છે, ઉપરાંત-પરની નિન્દાથી જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો બંધ પણ થાય છે. પરિણામે ભવભ્રમણ વધી જાય છે, બોધિ દુર્લભ થાય છે અને જિનશાસનથી ભ્રષ્ટ થવાય છે, માટે કોઈને અપ્રીતિ થાય તેવું ન બોલવું. અહીં 'પર સાધુને' કુશીલ વગેરે કહેવાનો નિષેધ કર્યો તેમાં

આશય એ છે કે પોતાની નિશ્રામાં હોય તેને તો જ્ઞાન-ક્રિયા શીખવાડવા માટે કહેવું પણ પડે, ત્યારે ગુર્વાદિ વડીલો તેવું કડવું પણ વચન કહેવાના અધિકારી છે. તેમાં નિંદાનો આશય નહિ પણ હિતબુદ્ધિ રહેલી હોવાથી અશુભ કર્મબંધ થતો નથી. હા, વિના કારણે એ અસૂયાભાવથી તો પોતાના સાધુને પણ દુઃખ થાય તેવું બોલવું ન જોઈએ. પોતાની પ્રશંસા પોતે કરવી તે તો સૌથી મોટો દોષ છે, બીજાને મુખે પણ પોતાની પ્રશંસા સાંભળી ન શકે તે સાધુ સ્વમુખે સ્વપ્રશંસા કેમ કરે ? અર્થાત્ ઉત્તમસાધુ કદાપિ સ્વપ્રશંસા ન કરે. ૧૮

**ન જાઈમત્તે ન ય રુવમત્તે,**
**ન લાભમત્તે ન સુએણ મત્તે ।**
**મયાણિ સવ્વાણિ વિવજ્જઇત્તા,**
**ધમ્મજ્ઝાણરએ જે સ ભિક્ખૂ ।।૧૦-૧૯।।**

હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વગેરે ન જાઇમત્તે-જાતિમદવાળો ન હોય, હું રૂપવાળો છું, ઈત્યાદિ ન ય રુવમત્તે-રૂપના મદવાળો ન હોય, 'હું લબ્ધિવાળો છું,' વગેરે ન લાભમત્તે-લાભના મદવાલો ન હોય, અને હું 'સર્વ શાસ્ત્રનો જાણ છું' વગેરે સુએણ-શ્રુતથી પણ ન મત્તે-મદ ન કરે. એમ કુળમદ

વગેરે સવ્વાણિ-સર્વ મયાણિ-મદોને વિવિજ્જઇત્તા-સર્વથા તજીને જે-જે સાધુ ધમ્મજ્ઝાણરએ-ધર્મધ્યાનમાં રક્ત રહે, તે ભાવસાધુ જાણવો. (૧૯)

કોઈપણ સમ્પત્તિ કે ગુણોને પામીને તેનો મદ કરવાથી ભવિષ્યમાં તે ભાવો મલતા નથી. વર્તમાનમાં પણ તેનો દુરુપયોગ થવાથી લાભ થતો નથી અને પ્રાય: ચાલ્યા જાય છે. પોતાને ઉચ્ચ માનવાથી ઊંચે જવાનું લક્ષ્ય અટકે છે અને અભિમાનરૂપ દુર્ગુણના ભારથી દબાએલો આત્મા નીચે ઉતરે (અયોગ્ય બનતો જાય) છે. માટે ઉત્તમસાધુ ઉત્તમકુળ જાતિ, રૂપ-બળ વગેરે પુણ્યથી મળેલાં હોવાથી નાશવંત છે-પારકાં છે, એમ સમજી મદ કરતો નથી અને તપ, શ્રુત, લાભ વગેરે પણ તે તે આવરણોના ક્ષયોપશમાદિથી પ્રગટેલાં છે, સૌને તે ગુણો સત્તામાં પડેલા છે, એમ સમજી અભિમાન કરતો નથી. કિન્તુ ક્ષમા-નમ્રતા વગેરે આત્મગુણોમાં રમણતારૂપ ધર્મધ્યાનમાં રક્ત રહે છે. તેવો સાધુ જ પોતાનો અને પરનો ઉપકાર કરી શકે છે, માટે તે ઉત્તમસાધુ કહેવાય છે. પ્રભુ મહાવીરદેવે મરિચીના ભવમાં કુળમદ કર્યો હતો તે સાચો હતો, છતાં સંસારમાં રખડવું પડયું, તો મિથ્યામદ

કરનારની દુર્દશા થાય તેમાં આશ્ચર્ય શું ? માટે આત્મહિતનો અર્થી જ્ઞાની મુનિ કદાપિ મદ કરે નહિ. ૧૯

**પવેઅએ અજ્જપયં મહામુણી,**
**ધમ્મે ઠિઓ ઠાવયઇ પરં પિ ।**
**નિક્ખમ્મ વજ્જેજ્જ કુસીલલિંગં,**
**ન આવિ હાસં કુહએ જે સ ભિક્ખૂ ।।૧૦-૨૦।।**

જે શીલાગારથના ધોરી જ્ઞાની મહામુણી-શ્રેષ્ઠ મુનિ હોય તે (પરોપકાર માટે) અજ્જપથં-શુદ્ધ ધર્મના પદને (માર્ગને) પવેઅએ-કહે, કારણ કે પોતે ધમ્મે ઠિઓ-ધર્મમાં સ્થિર (ધર્મનો રાગી) હોય તે પરં પિ-બીજાને પણ ધર્મમાં ઠાવયઇ-સ્થાપે-સ્થિર કરે. એવું સમજતો જે નિક્ખમ્મ-પ્રવજ્યા લઈને કુસીલલિંગ-કુશીલની ચેષ્ટાઓને (દુરાચરણાને) વજ્જેજ્જ-વર્જે આવિ-અને વળી ન હાસં કુહએ-હાસ્યજનક કુતૂહલવાળો ન હોય, તે ઉત્તમ સાધુ જાણવો. (૨૦)

હવે આ ઉત્તમ સાધુતાનું ફળ કહે છે-

**તં દેહવાસં અસુઇં અસાસયં,**
**સયા ચએ નિચ્ચહિઅટ્ઠિઅપ્પા ।**

છિંદિત્તુ જાઇમરણસ્સ બંધણં,

ઉવેઇ ભિક્ખૂ અપુણાગમં ગઇં-તિબેમિ ।।૧૦-૨૧।।

ઉપર કહ્યો તેવો ઉત્તમ (ભાવ) સાધુ (આ પ્રત્યક્ષ અનુભવાતા શુક્ર-રુધિરથી બંધાએલું અને રસ-રુધિર-માંસ-મેદ-હાડકાં-ચરબી અને શુક્ર એ સાત ધાતુઓથી ભરેલું હોવાથી) અસુઇં-અપવિત્ર અને પ્રતિક્ષણ રૂપાન્તરને પામનારું હોવાથી અસાસયં-અનિત્ય એવા તં-દેહવાસં-તે શરીરરૂપ ઘરને (જેલને) સયા-હંમેશાં ચએ-(મમત્વ છોડવારૂપે) તજે, અર્થાત્ શરીરની મમતા છોડે અને એ મમતા છોડવાપૂર્વક નિચ્ચહિઅ-નિત્યહિતમાં (અર્થાત્ શાશ્વતું સુખ જેમાં છે તે મોક્ષમાં) ઠ્ઠિઅપ્પા-અત્યન્ત સ્થિર છે આત્મા જેનો એવો ભિક્ખૂ-સાધુ જાઇમરણસ્સ-જન્મ-મરણનાં (સંસારનાં) બંધનોને છેદીને અપુણાગમં-જ્યાંથી પુનઃ પાછું આવવાનું નથી તે ગઇં-સિદ્ધ ગતિને ઉવેઇ-નજીક કરે. અર્થાત્-પામે. 'એમ હું કહું છું.' (૨૧)

આ છેલ્લા અધ્યયનમાં સમગ્ર ગ્રન્થના ઉપસંહાર તરીકે ઉત્તમસાધુનાં લક્ષણો જણાવી, આત્માર્થીએ પોતની સાધુતાને બને તેટલી નિર્મળ અને વિશિષ્ટ બનાવવાનું સૂચન કર્યું છે. વર્તમાનમાં કાળ-સંઘયણ બુદ્ધિ વગેરેની હાનિના કારણે

અહીં જણાવેલા ગુણો આત્મામાં ન પ્રગટાવી શકાય, તો પણ લક્ષ્ય-ધ્યેય ઊંચું રાખવાથી વિઘ્નભૂત કર્મોનો ક્ષયોપશમ થાય, ઉપરાંત પોતાની આરાધનાનું અભિમાન ન થાય, પૂર્વના મહર્ષિઓના ચારિત્ર પ્રત્યે માન અખંડ રહે, તેથી તેઓનો વિનય થાય અને આ વિનય દ્વારા પોતાની યોગ્યતા વધતી જાય. કોઈપણ ગુણ કે વસ્તુને મેળવવા માટે, તેવી યોગ્યતા પ્રગટાવવી જરૂરી છે. વસ્તુ કે ગુણને મેળવવાનો તે જ સાચો ઉપાય છે. બીજી એ વાત પણ સમજવાની છે કે અવસર્પિણી કાળના પ્રભાવે ઉત્તરોત્તર શુભ ભાવો ઘટે અને અશુભભાવો વધે, એ અનિવાર્ય છે. તેથી તે તે ક્ષેત્રમાં જે જે મહાત્માઓ સંયમના ખપી અને નિરુપાયે અપવાદને સેવતા હોય તેઓને સાધુ તરીકે વન્દનીય, પૂજનીય અને માનનીય કહ્યા છે. તેવા સાધુઓથી પ્રભુનું શાસન ચાલવાનું છે અને તેઓની સેવાથી આત્મહિત સાધવાનું છે. માટે આત્માર્થીએ પોતાના કાળમાં જે વિશિષ્ટ ગુણવંત હોય તેઓના વિનય વગેરે કરીને સ્વહિતની સાધના કરવી. ૨૧

**સમત્તં દસમમજ્ઝયણમ્ ।**

**દશમું અધ્યયન સંપૂર્ણ**

# દશવૈકાલિકસૂત્રની 'રતિવાક્યા' ચૂલિકા પહેલી

ઉપર દશ અધ્યયનો કહ્યાં. તેમાં છેલ્લા અધ્યયનમાં આદર્શ સાધુનાં લક્ષણો જણાવીને સાધુતાની સુંદરતા વર્ણવી. એવી વિશિષ્ટ સાધુતાનો સાધક આઠે કર્મોનો ક્ષય કરી અજરામર પદને પ્રાપ્ત કરી શકે છે, અર્થાત્ 'મોક્ષ સુખની પ્રાપ્તિ માટે એવું વિશિષ્ટ સાધુપણું પાળવું જોઈએ' એમ સૂચવ્યું છે. હવે સંયમનો અર્થી પણ કોઈ આત્મા અનાદિમોહની વાસનાના બળે, અજ્ઞાનને કારણે, કો કોઈ વિશિષ્ટ આલંબનના અભાવે, ચારિત્રનાં કષ્ટોને સહન કરતાં થાકે, તથાવિધ મોહના ઉદયને વશ થઈ ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ થાય, અને તેથી ચારિત્ર છોડવાની પણ ઈચ્છા કરે, તો તેને ચારિત્ર પ્રત્યે પુન: '**રતિ**' એટલે પ્રીતિ ઉત્પન્ન કરવા માટેનાં '**વાક્યો**' (ઉપદેશક વચનો) આ ચૂલિકામાં રહેલાં છે. તેથી તે '**રતિવાક્યા ચૂલિકા**' અથવા '**રઈવક્કા ચૂલિઆ**' કહેવાય છે. આ ચૂલિકામાં આપાતમધુર પણ પરિણામે દુ:ખજનક ગૃહસ્થજીવનનું અને પ્રારંભમાં કષ્ટકારી છતાં અખંડ સુખને

આપનારા શ્રમણ જીવનનું પરસ્પર સરસવ અને મેરુ જેટલું અંતર સમજાવ્યું છે અને પરમપુણ્યે પ્રાપ્ત થએલા સંયમ-જીવનરૂપી ચિંતામણિની સહર્ષ રક્ષા કરવાનો એકાન્ત કલ્યાણકારી ઉપદેશ કર્યો છે. એનું ચિંતન-મનન કરનાર અનેરો આત્મપ્રકાશ પામીને સંયમની આરાધનામાં ઉત્સાહી બને તેવું તેમાં મધુર છતાં હિતકર અને તલસ્પર્શી વર્ણન કરેલું છે. દરેક મુમુક્ષુએ પ્રતિદિન એના અધ્યયન દ્વારા આત્માને જાગૃત રાખવો હિતકર છે.

**ઇહ ખલુ ભો પવ્વઇએણં ઉપ્પન્નદુક્ખેણં સંજમે અરઇસમાવન્ન ચિત્તેણં ઓહાણુપ્પેહિણા અણોહાઇએણં ચેવ હયરસ્સિ-ગયંકુસ-પોયપડાગાભૂઆઇં ઇમાઇં અટ્ઠારસ ઠાણાઇં સમ્મં સંપડિલેહિઅવ્વાઇં ભવંતિ ।।**

ઇહ-આ જિનશાસનમાં ખલુ-નિશ્ચે ભો-હે મહાભાગ મુનિ ! સંજમે-સંયમના પાલનમાં (ઠંડી-ગરમી-ભૂખ-તૃષા-વગેરે શારીરિક અને સ્ત્રીપરીષહ-નિષધાપરીષહ વગેરે માનસિક) ઉપ્પન્નદુક્ખેણં-દુ:ખ જેને પ્રગટયું હોય અરઇસમવિન્નચિત્તેણં-અને તેથી ચિત્ત અરતિને પામ્યું હોય અને તેથી ઓહાણુપ્પેહિણા -દીક્ષા છોડવાની ઈચ્છા થઈ હોય, કિન્તુ અણોહાઇએણં-

દીક્ષા છોડી ન હોય, ચેવ-તેવા પ્રસંગે (છોડયા પહેલાં જ) પવ્વઇએણં-દીક્ષિત (સાધુએ) હયરસ્સિ-ઘોડાને લગામ, ગયંકુસ-હાથીને અંકુશ અને પાયપડાગાભૂઆઇં-વહાણને સઢ જેવાં ઇમાઇં-આ અટ્ઠારસ-અઢાર ઠાણાઇં-સ્થાનોને (ઉપદેશ વાક્યોને) સમ્મં-ભાવપૂર્વક (હિત-અહિતના ખ્યાલ પૂર્વક) સંપડિલેહિઅવ્વાઇં-સારી રીતે વિચારવા યોગ્ય ભવંતિ-છે.

ઉન્માર્ગે જતા ઘોડાને લગામ, હાથીને અંકુશ અને વહાણને સઢ જેમ માર્ગે લાવે તેમ, અજ્ઞાન કે મોહ વગેરેને વશ થઈને અસંયમની ભાવનાને વશ થએલા સાધુને, જ્ઞાની પુરુષોનાં હિતવચનો સંયમમાર્ગે વાળી ચારિત્રધર્મમાં સ્થિર કરી શકે છે. માટે એવા પ્રસંગે દુઃસાહસ નહિ ખેડતાં જ્ઞાનીઓનાં વચનોને ખૂબ સ્થિર અને સૂક્ષ્મબુદ્ધિથી વિચારવાં જોઈએ. લાભ-હાનિનો વિચાર કરીને ઉન્માર્ગથી અટકી સંયમમાં સ્થિર થવું જોઈએ.

**હવે એ જ અઢાર સ્થાનોને કહે છે-**

**તં જહા-હંભો ! દુસ્સમાએ દુપ્પજીવી-૧, લહુસગા ઇત્તરિઆ ગિહીણં કામભોગા-૨, ભુજ્જો અ સાયબહુલા મણુસ્સા-૩,**

ઇમે અ ભે દુક્ખે ન ચિરકાલોવટ્ઠાઈ ભવિસ્સઇ-૪, ઓમજણાપુરક્કારે-૫, વંતસ્સ ચ પડિઆયણં-૬, અહરગઇવાસોવસંપયા-૭, દુલ્લહે ખલુ ભો ! ગિહીણં ધમ્મે ગિહવાસમજ્ઝે વસંતાણં-૮, આયંકે સે વહાય હોઇ-૯, સંકપ્પે સે વહાય કોઇ-૧૦, સોવક્કેસે ગિહવાસે નિરુવક્કેસે પરિઆએ-૧૧, બંધે ગિહવાસે સુક્ખે પરિઆએ-૧૨, સાવજ્જે ગિહવાસે અણવજ્જે પરિઆએ-૧૩, બહુસાહારણા ગિહીણં કામભોગા-૧૪, પત્તેઅં પુણ્ણપાવં-૧૫, અણિચ્ચે ખલુ ભો ! મણુઆણ જીવિએ કુસગ્ગજલબિંદુચંચલે-૧૬, બહું ચ ખલુ ભો ! પાવં કમ્મં પગડં-૧૭, પાવાણં ચ ખલુ ભો ! કડાણં કમ્માણં પુવ્વિં દુચ્ચિણ્ણાણં દુપ્પડિકંતાણં વેઇત્તા મુક્ખો, નત્થિ અવેઇત્તા, તવસા વા ઝોસઇત્તા-૧૮, અટ્ઠારસમં પયં ભવઇ ! (ચૂ.૧ સૂ.૧)

(૧) તે જહા-તે આ પ્રમાણે હંભો-હે મહાભાગ મુનિ ! દુરસમાએ-દુષ્ષમા (નામના આ અવસર્પિણીના પાંચમા) આરામાં દુપ્પજીવી-પ્રાણિઓ દુઃખથી જીવે છે, (અર્થાત્ પ્રાયઃ પુણ્યોદયવાળા પણ દુઃખી હોય છે.)

તાત્પર્ય કે આ કાળમાં ભરતક્ષેત્રમાં પ્રાયઃ બહુલ (ભારે) કર્મી જીવો હોય, તેઓ સ્વકૃતકર્મોદયથી સ્વભાવે વક્ર અને જડ હોવાથી, પોતાની પ્રકૃતિથી દુઃખ ભોગવે, શુભાશુભ નિમિત્તોમાં સમતા સાધવા માટે સત્ત્વ ઓછું હોવાથી, અને રજોગુણ-તમોગુણ-પ્રધાન જીવન હોવાથી સ્વયં રાગદ્વેષથી સંતપ્ત રહે, દુઃખી થાય, એવો આ કાળનો મહિમા છે, માટે ગૃહસ્થ બનવા છતાં મારું દુઃખ પ્રકૃતિજન્ય હોવાથી ત્યાં પણ તે ભોગવવું જ પડશે. વસ્તુતઃ શ્રમણજીવનમાં જે કષ્ટો દેખાય છે તે મારી પ્રકૃતિનો જ દોષ છે, માટે શ્રમણપણું છોડવું ઉચિત નથી. ચારિત્ર છોડવાથી તો દુઃખ ટળવાને બદલે વધશે, રાજાઓ-શેઠ-શાહુકારો વગેરે સુખની વિપુલ સામગ્રી પામેલાઓ પણ ઘણા દુઃખી દેખાય છે, માટે પરિણામે વિડંબના અને દુર્ગતિના ભોગ થવું પડે તેવા ગૃહસ્થાશ્રમથી મારે સર્યું, ઈત્યાદિ વિચારવું.

(૨) ગિહીણં-ગૃહસ્થોના કામભોગા-વિકારને કરનારા (શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ વગેરે) વિષયો દુષ્ષમાકાળમાં લહુસગા-હલકા-તુચ્છ અને ઇત્તરિઆ-અલ્પકાલ ટકનારા હોય છે.

અર્થાત્ ભોગની ભાવનાથી ચારિત્ર છોડવાની ઈચ્છા થઈ હોય તો પણ ઉચિત નથી કારણ કે ચારિત્રના પાલનથી મળનારા દેવ-ગતિના ભોગો સુંદર અને સાગરોપમો સુધી ટકે તેવા હોય છે, તેની અપેક્ષાએ મનુષ્યના ભોગો ગમે તેટલા શ્રેષ્ઠ હોય તો પણ તુચ્છ અને અલ્પકાલમાં નાશ પામનારા છે, માટે પણ ગૃહસ્થાશ્રમની ઈચ્છા કરવી હિતકર નથી.

(૩) ભુજ્જો અ-અને વળી દુષ્ષમા કાળમાં મણુસ્સા-મનુષ્યો (પ્રાણીઓ) સાયબહુલા-બહુધા માયાવી હોય છે.

દુષ્ષમાકાળે જીવો વિશેષતયા માયાવી હોવાથી તેઓનો વિશ્વાસ થાય નહિ અને વિશ્વાસના અભાવે સુખ મળે નહિ. ઉલટું કપટીઓના સહવાસમાં રહેતાં કલુષિત વાતાવરણથી મનોદુઃખ થાય અને માયાને યોગે દુષ્ટ કર્મોનો બંધ તથા તેના કડવા વિપાક ભોગવવા પડે તે વધારામાં. માટે ગૃહસ્થાશ્રમથી સર્યું, એમ ચિંતવવું.

(૪) ઇમે અ મે દુક્ખે-અને આ મારાં (સંયમનાં) દુઃખો (કષ્ટો) ન ચિરકાલોવટ્ઠાઈ ભવિસ્સઇ-દીર્ઘકાળ રહે તેમ થવાનું નથી.

પરીષહો કે ઉપસર્ગો થોડા કાળ માટે – મર્યાદિત હોવાથી તેનાં દુઃખો ચિરસ્થાયી નથી. સાધુતાના નિરતિચાર પાલનથી પરીષહો-ઉપસર્ગો ટકી શકતા નથી, ઉપસર્ગો કરનારા ઉલટા વશ થઈ જાય છે અને દુઃખો સુખના રૂપમાં બદલાઈ જાય છે. એટલું જ નહિ, પરીષહાદિ સહવાસથી કર્મોની મોટી નિર્જરા થાય છે, એથી સંયમ સામ્રાજ્યના અપૂર્વ આનંદનો અનુભવ થાય છે અને ભાવિકાળે સદ્ગતિનાં સુખો મળે છે. એથી વિપરિત દીક્ષા છોડી દેવાથી આ જન્મ ઉપરાંત અન્ય જન્મોમાં નરકાદિ માઠી ગતિઓનાં આકરાં દુઃખો ભોગવવાં પડે છે, માટે ગૃહસ્થાશ્રમનું કંઈ પ્રયોજન નથી એમ વિચારવું.

(૫) ઓમજણાપુરક્કારે-દીક્ષા છોડવાથી હલકા લોકોનાં પણ સન્માન કરવાં પડશે.

ચારિત્રધર્મના પ્રભાવથી સાધુને રાજા-મંત્રી-શેઠ-સામંતાદિ મોટા માણસો પણ સન્માન કરે છે. તેને બદલે દીક્ષા છોડવાથી પોતાના દોષ ઢાંકવા માટે હલકા લોકોનાં પણ માન-સન્માન કરવાં પડે છે, અર્થાત્ હલકાથી પણ હલકા બનવું પડે છે. એટલું જ નહિ, દીક્ષા તજવાથી દુષ્ટ રાજ્યમાં 'રાજાની વેઠ

કરવી' વગેરે આ જન્મમાં જ કડવાં ફળો આવે છે. માટે ગૃહસ્થાશ્રમથી સર્યું, એમ વિચારવું.

(૬) વંતસ્સ ય પડિઆયણં–લીધેલી દીક્ષા છોડવી તે વમેલાનું ભક્ષણ છે.

ખાધેલાનું વમન કરીને પુનઃ તેનો આહાર કરવો એ જેમ કૂતરાં–શિયાળ વગેરે નીચનું કર્તવ્ય છે, એ રીતે વમેલા ભોગોને પુનઃ ભોગવવાની ઈચ્છા કરવી તે પણ ક્ષુદ્રનું કર્તવ્ય છે, સત્પુરુષોમાં પણ નિન્દા થાય તેવું છે. માટે જાતિવંત પશુઓ પણ ન કરે તેવું હલકું હું મનુષ્ય અને તેમાં પણ સાધુ થઈને કેમ કરું ? ઈત્યાદિ વિચારે.

(૭) પ્રવ્રજ્યાનો ત્યાગ એ વસ્તુતઃ અહરગઇ–અધોગતિમાં વાસ–વસવાનો ઉપસંપયા–સ્વીકાર છે.

દીક્ષાના ત્યાગથી નરક અથવા તિર્યંચ જેવી દુર્ગતિમાં ઉત્પન્ન થવાના નિમિત્તભૂત કર્મનો બંધ થશે, એથી ચિરકાળ દુર્ગતિમાં દુઃખો સહવાં પડશે, માટે પણ સાધુપણું છોડવા યોગ્ય નથી, એમ વિચારે.

(૮) ભો-હે જીવ ! (દીક્ષાને તજીને ગૃહસ્થાશ્રમી બનીશ પણ ત્યાં) ગિહવાસમજ્ઝે-ઘરવાસમાં (સ્ત્રી-પુત્રાદિનાં વિવિધ બંધનોમાં) વસંતાણં-ફસેલા ગિહીણં-ગૃહસ્થોને ધમ્મે-સમાધિરૂપ ધર્મ ખલુ-નિશ્ચે દુલ્લહે-દુર્લભ છે.

અનાદિ અભ્યાસથી વિના કારણે પણ પુત્ર-કલત્રાદિના સ્નેહનું બંધન, ગૃહસ્થજીવનનાં તે તે આરંભમય કાર્યો કરતાં ચિત્તસમાધિરૂપ ધર્મની દુર્લભતા, ભોગના રાગરૂપ, પ્રમાદ, પ્રમાદમાંથી બચાવનારનો અભાવ, વગેરે ગૃહસ્થને ધર્મસાધનામાં અનેક વિઘ્નો નડે છે. એ કારણે જ જ્ઞાનીઓએ સાધુધર્મનું વિધાન કર્યું છે, છતાં તેને છોડીને પુન : ગૃહસ્થાશ્રમ સ્વીકારવો તે હીરાને બદલે કાચમાં રાચવા જેવું મૂઢનું કાર્ય છે, માટે ગૃહસ્થાશ્રમથી સર્યું, એમ વિચારી આત્માને સ્થિર કરે.

(૯) તથા આયંકે-આતંક એટલે તત્કાળ મરણ થાય તેવાં વિસૂચિકા વગેરે શારીરિક રોગાદિ નિમિત્તો સે-ગૃહસ્થને વહાય-અસમાધિમરણનું કારણ હોઈ-બને.

ધર્મધ્યાનમાં સ્થિર કરનાર-નિર્યામક એવા ધર્મબંધુના અભાવે ગૃહસ્થને મરણાન્ત કષ્ટો કે રોગો આવે, ત્યારે આર્ત્તધ્યાનમાં

મરવાનો પ્રસંગ આવે અને એવું એક અસમાધિમરણ અનેક મરણોનું (ભવોની પરંપરાનું) કારણ બને, તે કારણે પણ ગૃહસ્થાશ્રમ સ્વીકારવો હિતકર નથી.

(૧૦) સંકલ્પે–માનસિક સંકલ્પ (અર્થાત્ ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ, વગેરે અનિષ્ટ પ્રસંગોમાં પ્રગટેલી ચિત્તની અસમાધિ) પણ સે વહાય હોઇ–ગૃહસ્થને અસમાધિમરણનું કારણ બને.

સ્વકૃતકર્મોદયને સમભાવે ભોગવવાનું સત્ત્વ ન હોવાથી પગલે પગલે થતા આર્તધ્યાનમાંથી ગુરુના વિરહે કોણ બચાવે ? પરિણામે મરવાનું બને અને એવું એક અજ્ઞાનમરણ અનેક જન્મ–મરણોનું કારણ બને, અર્થાત્ સંસાર વધી જાય. વસ્તુત: માનવભવનું ફળ સમાધિમરણ છે. શ્રી જિનશાસનની આરાધનાનો સાર પણ તે જ છે અને વિવિધ ધર્માનુષ્ઠાનોના સેવનથી એ જ શીખવાનું છે.

જેમ રોગીને વૈદ્યની જરૂર છે, તેમ કર્મરૂપરોગથી પીડાતા જીવને જ્ઞાની ગુરુ જ ધન્વંતરી વૈદ્ય છે. તેઓના અભાવે અસમાધિથી બચવું દુષ્કર છે. ખંધકમુનિએ ગુરુનું કર્તવ્ય બજાવી પોતાના પાંચસો શિષ્યોને આરાધક બનાવ્યા, પણ

પોતાને ગુરુની નિશ્રા ન મળવાથી કષાયરૂપ અગ્નિને વશ પડી વિરાધક થયા. તેમ ગૃહસ્થને રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિનાં વિવિધ નિમિત્તોની વચ્ચે જીવતાં દુર્ધ્યાનથી બચાવનાર ગુરુના અભાવે સમાધિમરણ દુર્લભ છે, માટે પણ ગૃહસ્થાશ્રમ હિતકર નથી એમ વિચારી સંયમમાં સ્થિર થાય.

(૧૧) ગિહવાસે-ગૃહસ્થાશ્રમ સોવક્કેસે-વિવિધ ક્લેશયુક્ત છે અને પરિઆએ-સાધુપર્યાય (સાધુજીવન) નિરુક્કેસે-ક્લેશરહિત છે.

ખેતી, પશુઓનું પાલન, વેપાર, નોકરી, વગેરે આજીવિકાની વિડંબના, પંડિતોને ગર્હણીય એવા ટાઢ-તડકાનાં કષ્ટો સહવા, વારંવાર ઘી-વસ્ત્ર-અનાજ-ઘર વગેરે જીવનસામગ્રીની ચિંતા, ઈત્યાદિ શરીરનાં અને મનનાં વિવિધ કષ્ટો ગૃહસ્થને સહવા પડે છે, છતાં ધર્મ સાધી શકાતો નથી. સાધુજીવન એવા ક્લેશો વિનાનું વિદ્વાનોને પણ પ્રશંસા કરવા યોગ્ય અને આત્માને પણ એકાન્ત હિતકારી છે, માટે ગૃહસ્થજીવનથી સર્યું, એમ વિચારી સંયમમાં સ્થિર થાય.

(૧૨) ગિહવાસે-ગૃહસ્થાશ્રમ (ત્યાં સદાય કર્મનો બંધ થાય તેવાં કાર્યો કરવાનાં હોવાથી) બંધે-બંધન છે અને પરિઆએ-સાધુજીવન (સતત કર્મરૂપી બેડીઓના બંધન તોડવાનો પ્રયત્ન કરવાનો હોવાથી) મુક્ખે-મુક્તિ છે.

વિસ્તૃત ગૃહસ્થજીવનમાં હિંસાદિ આશ્રવોથી જીવ નવાં નવાં કર્મોની જાળમાં બંધાતો જ હોય છે અને સાધુ જીવનમાં એ આશ્રવોનો રોધ થવાથી તથા જૂનાં કર્મોની નિર્જરા કરવાની હોવાથી મુક્ત થવાય છે, માટે સાધુપણું તજવું હિતકર નથી.

(૧૩) કારણકે ગિહવાસે-ગૃહસ્થાક્ષમ સાવજ્જે-પાપયુક્ત છે અને પરિઆએ-સાધુપર્યાય અણાવજ્જે-નિષ્પાપ છે.

હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ વગેરે પાપો ગૃહસ્થને અનિવાર્ય હોવાથી તે પાપયુક્ત અને સાધુને એવું પાપ કરવાનું કોઈ કારણ નથી માટે તે પાપરહિત છે. માટે પણ ગૃહસ્થાશ્રમ હિતકર નથી.

(૧૪) ગિહીણં-ગૃહસ્થોના કામભોગા-પાંચે ઈન્દ્રિયોના વિષયો બહુસાહારણા-સર્વને સરખા છે.

અર્થાત્ રાજા કે રંક, પંડિત કે મૂર્ખ, ધનિક કે નિર્ધન, સર્વને વિષયો આપાતમધુર અને પરિણામે દારૂણછે, અનિત્ય છે, મરણકાળે સર્વને જેટલા હોય તેટલા સર્વ ભોગો છોડવાના હોય છે, રાજાને રાજ્ય સુખના ભોગ અને રંકને પોતાનાં પુણ્ય મુજબ મળેલ ભોગ એ બન્ને સમાન છે. એમ ભોગોમાં વસ્તુત : કંઈ ભેદ નથી. સારા-નઠારાની માન્યતા માત્ર મનની કલ્પના છે. ભોગોની લાલચે પ્રવ્રજ્યા તજવી હિતકર નથી.

(૧૫) ગૃહાસ્થશ્રમમાં માતા-પિતા-સ્ત્રી-પુત્ર વગેરેને નિમિત્તે કરેલું પુણ્ણાપાવં-પુણ્યપાપ પત્તેઅં-પ્રત્યેક કરનારને જ ભોગવવાનું છે.

ગૃહસ્થજીવનમાં કુટુંબાદિને નિમિત્તે પરસ્પર કરેલાં પુણ્ય કે પાપ સર્વને જુદાં જુદાં ભોગવવાનાં છે, બીજાના નિમિત્તે કરેલું પણ પાપ કરનારને જ ભોગવવું પડે છે, એમાં બીજો કોઈ ભાગી થતો નથી. અર્થાત્ એ રીતે કુટુંબ વગેરેના નિમિત્તે કરેલાં કર્મો મારે જ ભોગવવાં પડશે. બીજા કોઈ તેમાં સહાય કરશે નહિ. માટે પણ ગૃહસ્થાશ્રમ સ્વીકારવામાં હિત નથી.

(૧૬) ભો–હે આત્મન મણુઆણ જીવિએ–મનુષ્યોનું જીવન (આયુઃ) ખલુ–નિશ્ચે કુસગ્ગજલબિંદુચંચલે–ડાભના છેડે રહેલા જળબિન્દુના જેવું ચંચળ હોવાથી અણિચ્ચે–અનિત્ય છે.

વર્તમાનમાં ભરતક્ષેત્રમાં મનુષ્યોનું આયુષ્ય નિશ્ચે સોપક્રમી એટલે કોઈ ન્હાનો–મોટો અકસ્માત થતાં તૂટી જાય તેવું, ડાભ નામની વનસ્પતિના છેડે રહેલું પાણીનું બિન્દુ સામાન્ય નિમિત્ત મળતાં જેમ નીચે પડી જાય તેમ અણધાર્યું તૂટી જાય તેવું–અનિત્ય છે. ભાવિ–જીવનની ખબર નથી. માટે પણ મનકલ્પિત ભાવિ સુખો ભોગવવાની આશાએ વર્તમાનમાં ચારિત્રને તજવું હિતકર નથી, વિગેરે વિચારી આત્માને સંયમમાં સ્થિર કરે.

(૧૭) ભો–હે આત્મન (તેં) ખલુ–નિશ્ચે (ચારિત્ર મોહનીય વગેરે) બહું ચ–ઘણું જ પાવકમ્મં–પાપકર્મ પગડં–બાંધેલું છે.

જીવને તથાવિધ અશુભકર્મના ઉદય વિના પ્રાયઃ દુષ્ટબુદ્ધિ પ્રગટતી નથી, આવું ઉત્તમ ચારિત્ર પામીને પણ છોડવાની ઈચ્છા થાય તો સમજવું જોઈએ કે મિથ્યાત્વમોહનીયાદિ

તીવ્ર કર્મોના વિપાકોદયનું એ ફળ છે. કર્મનો ઉદય તો પ્રત્યેક અવસ્થામાં સાથે જ રહે છે. એટલે ચારિત્ર છોડીશ તો પણ સુખની આશા નિષ્ફળ છે. કંઈક દુઃખથી નાસી છૂટવાથી દુઃખ ટળતું નથી. ઉલટું એથી પણ વધારે આવે છે અને સુખની ઈચ્છા નિષ્ફળ થાય છે. માટે પણ ગૃહસ્થાશ્રમની ઈચ્છા ઉચિત નથી. એ જ વાત નીચેના વાક્યમાં કહે છે.

(૧૮) ભો-હે આત્મન ! પુવ્વિં-પૂર્વજન્મોમાં દુપ્પડિક્કંતાણં-દુષ્પતિક્રાંત એટલે મિથ્યાત્વ અવિરતિ વગેરેના યોગે ઉન્માર્ગસેવન, તેનાથી દુચ્ચિન્નાણં-દુરાચરણરૂપે કડાણં-કરેલાં તથા ખલુ-કરાવેલાં કે અનુમોદેલાં પાવાણં-પાપ, કે ચ-પુણ્ય કમ્માણં-કર્મોનાં તે તે ફળોને વેઇત્તા-ભોગવીને તવસા વા ઝોસઇત્તા-અથવા (બાહ્ય અભ્યન્તર) તપ દ્વારા ખપાવીને જ મુક્ખો-મોક્ષ થાય છે. અવેઇત્તા-તેનાં ફળોને ભોગવ્યા વિના (કે તપ દ્વારા ખપાવ્યા વિના) નત્થિ-થતો નથી. અટ્ઠારસમં પયં ભવઇ-આ અઢારમું પદ છે. (સૂત્ર ૧)

અહીં 'દુપ્પડિક્કંત' એટલે બીજાને મારવો, બાંધવો વગેરે અને 'દુચ્ચિન્ન' એટલે મદ્યપાન કરવું, અસત્ય-અશ્લીલ

વગેરે દુર્વચન બોલવું ઈત્યાદિ, એમ બન્નેમાં ભેદ સમજવો. એવાં દુરાચરણો આત્માને પૂર્વકર્મને કારણે થતાં હોવાથી કારણમાં કાર્યનો, અથવા તે નવાં કર્મબન્ધનાં હેતુ હોવાથી ફળમાં હેતુનો ઉપચાર કરીને દુરાચરણોને કર્મો કહ્યાં છે, એમ સમન્વય કરવો. વળી તથાવિધ કર્મોનો બંધ થયા પછી તેને પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તર અને સાથે ઉપવાસાદિ બાહ્ય તપ કરીને તોડી શકાય છે, છતાં એ રીતે નહિ તોડેલાં, કે ન તૂટે તેવાં, કર્મો ઉદય આવીને જે જે દુઃખ વગેરે ફળ આપે તે ફળને ભોગવતાં જે મુંઝાય છે, આર્ત્ત-રૌદ્રધ્યાન કરે છે, તેને ઉલટું વધારે અશુભ કર્મ બંધાય છે અને એથી વધારે દુઃખ ભોગવવાનો પ્રસંગ આવે છે. અનાદિ કાળથી જીવને કર્મ બાંધતાં આવડે છે, તેથી બાંધી બાંધીને ભારે થાય છે, પણ ભોગવતાં આવડતાં નથી, એથી મુક્તિ થતી નથી.

વીતરાગનું શાસન વસ્તુતઃ 'નવાંને નહિ બાંધવાનું અને જુનાં કર્મોને ભોગવવાનું' શિક્ષણ આપે છે. એ માટે ચારિત્રધર્મ સર્વશ્રેષ્ઠ સાધન છે. ગૃહસ્થાશ્રમમાં કર્મનો બંધ સર્વથા અટકી શકતો નથી અને નિર્જરા અલ્પ થાય છે. સાધુતાથી નવાં

કર્મો બંધાતાં નથી અને જુનાંની નિર્જરા સમ્પૂર્ણપણે કરી શકાય છે. માટે સાધુતાથી જીવ દુ:ખ મુક્તિ થઈ શકે છે. મુક્તિનું (સર્વ દુ:ખોથી છૂટવાનું) ચારિત્રરૂપ આવું સુંદર સાધન પામીને પુન: ગૃહસ્થાશ્રમની ઈચ્છા કરવી, તે સુખને માટે ઓલામાંથી અકળાઈને ચૂલામાં પડવા જેવું અજ્ઞાનભર્યું સંસારભ્રમણ વધારવાનું કાર્ય છે, માટે ગૃહસ્થાશ્રમની ઈચ્છા હિતકર નથી, એમ સમજાવીને આત્માને સંયમમાં સ્થિર કરે.

આ અઢાર વાક્યો ખૂબ મનનીય છે, ખરાબે ચઢેલા વહાણને બેટનું આલંબન મળવાથી જેમ બચી જાય તેમ સાધુધર્મરૂપી મેરુ પર્વતથી આત્માને આ વાક્યોનું આલંબન બચાવી શકે તેવું છે, માટે આત્માર્થીએ એનું સતત અધ્યયન કરવું જોઈએ.

**ભવઇ અ ઇત્થ સિલોગો ।।**

ઇત્થ–આ વિષયમાં સિલોગો–શ્લોક ભવઇ–છે. અર્થાત્ અઢાર વાક્યોમાં કહેલા, કે નહિ કહેલા વિષયને જણાવનારા શ્લોકો હવે કહીએ છીએ.

જો કે શ્લોક શબ્દનો 'એક જ શ્લોક' એવો થાય, તો પણ

અહીં તે જાતિવાચક હોવાથી અનેક શ્લોકો સમજવા. તે હવે ક્રમશઃ કહેવાય છે.

**ઉપરની શિખામણોનો અનાદર કરવાથી શું થાય ?**

**જયા ય ચયઇ ધમ્મં, અણજ્જો ભોગકારણા ।**
**સે તત્થ મુચ્છિએ બાલે, આયઇં નાવબુજ્ઝઇ ।।૧-૧।।**

ઉપર પ્રમાણે ચારિત્રમાં સ્થિર થવાનાં અઢાર ઉપદેશ વાક્યોની ઉપેક્ષા કરીને અણજ્જો-અનાર્ય (મૂર્ખ) જયા-જ્યારે શબ્દાદિ જડ ભોગકારણા-ભોગોને કારણે ધમ્મં-ધર્મને ચયઇ-તજી દે, ત્યારે સમજવું કે તત્થ-તે ભોગોમાં મુચ્છિએ-મૂર્છિત થએલો સે બાલે-તે બાલ (અજ્ઞાન સાધુ) આયઇં-પોતાના ભવિષ્યને ન અવબુજ્ઝઇ-સમજતો નથી. (૧-૧)

ભૂતકાળના અનુભવોમાંથી મળેલા જ્ઞાન દ્વારા ભવિષ્યનું હિત વિચારીને વર્તમાનમાં વર્તવું, એ બુદ્ધિનું બળ છે. કેવળ તાત્કાલિક સુખ-દુઃખનો વિચાર કરનાર, ભવિષ્યને ભૂલી જનાર, કે ભૂતકાળના અનુભવોનો અનાદર કરનાર કદાપિ સન્માર્ગને પામી શકતો નથી, પામ્યો હોય તો ટકી પણ શકતો નથી. ગુરુના ઉપદેશને કે પોતાની સદ્‌બુદ્ધિને

અવગણીને જે ભોગોની લાલચમાં પડે છે, તેનું ભવિષ્ય કદી સારું આવતું નથી. એવો જીવ ગમે તેટલું ભણ્યો હોય તો પણ મૂર્ખ અને ગમે તેવો સદાચારી હોય તો પણ અનાર્ય છે, એમ સમજવું. ૧

**જયા ઓહાવિઓ હોઇ, ઇંદો વા પડિઓ છમં ।**
**સવ્વધમ્મપરિબ્ભટ્ઠો, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૨।।**

(એ જ સમજાવે છે કે) જયા-જ્યારે ઓહાવિઓ-સંયમથી ભ્રષ્ટ હોઇ-થાય છે, ત્યારે છમં-પૃથ્વી ઉપર પડિઓ-પડેલા ઇંદો વા-ઈન્દ્રની જેમ સ-તે સવ્વધમ્મપરિબ્ભટ્ઠો-(લૌકિક-લોકોત્તર) સર્વધર્મથી ભ્રષ્ટ થએલો પચ્છા-પાછળથી પરિતપ્પએ-અતિશય ખેદ પામે છે. 'અરે રે ! મેં વગર વિચારે બહુ ખોટું કર્યું' એમ સદાય બળે છે. (૧-૨)

ઈન્દ્ર પોતાના ઈન્દ્રાસનથી ભ્રષ્ટ થતાં જેમ ઠેર ઠેર અપમાન અને વિવિધ કષ્ટોને પામે, તેમ સંયમથી ભ્રષ્ટ થયેલો સાધુ ક્ષમાદિ દશેય શ્રમણધર્મથી અને માન-સન્માન વગેરે લૌકિક સુખોથી પણ ભ્રષ્ટ થાય છે. સીડીનું એક પગથિયું ચૂકેલો જેમ જમીન ઉપર પટકાય, તેમ એક પ્રતિજ્ઞાથી ચૂકેલો સર્વ પ્રતિજ્ઞાઓથી ભ્રષ્ટ થાય છે. જ્યારે તેનાં કડવાં ફળો

(અપમાનાદિ) ભોગવવાં પડે છે ત્યારે સંયમની કિંમત સમજાય છે, પણ પછી તો પોતાની સંયમ અવસ્થાને યાદ કરી કરીને ઝૂરવું પડે છે. ગૃહસ્થાશ્રમમાં ચેન પડતું નથી.

પ્રાય : જીવને પોતાની પ્રાપ્તઅવસ્થામાં સંતોષ ન થવાથી તે 'અપ્રાપ્તિપ્રિય' હોય છે. અર્થાત્ નહિ મળેલું મેળવવાની આશામાં મળેલાને ગુમાવે છે અને ઉભયભ્રષ્ટ થાય છે. તેમાં પણ મૂઢ જીવ તો હીરાને ગુમાવીને કાચને સ્વીકારવાની જેમ ઉત્તમતાને છોડીને અધમતાને પસંદ કરે છે. એમાં એ પણ કારણ છે કે જેમ હીરા કરતાં કોઈ કાચ વધારે દેદીપ્યમાન હોય છે, તેમ સાચાં કરતાં કૃત્રિમ સુખો દેખાવમાં-પ્રારંભમાં સુંદર હોય છે, તેથી ભ્રમિત થયેલો જીવ સાચાં સુખોથી ભ્રષ્ટ થાય છે અને પાછળથી જીવનભર પશ્ચાતાપ-ખેદ કરી કરીને ઝૂરે છે. ૨

**જયા અ વંદિમો હોઇ, પચ્છા હોઇ અવંદિમો ।**
**દેવયા વ ચુઆ ઠાણા, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૩।।**

જયા-જ્યારે સાધુપણામાં વંદિમો-વંદનીય હોઇ-હોય પચ્છા અ-અને પાછળથી (ગૃહસ્થાશ્રમમાં) અવંદિમો-અવન્દનીય હોઇ-થાય, ત્યારે ઠાણા-પોતાના સ્થાનથી (પદથી) ચુઆ-

ભ્રષ્ટ થએલી દેવયા વ-દેવી (ઈન્દ્રાણી વગેરેની) જેમ સ-તે સાધુ પાછળથી પરિતપ્પઇ-અત્યંત દુઃખી થાય છે. (૧-૩)

અર્થાત્ સાધુપણું છોડી ગૃહસ્થ બનનાર, કોઈ ઈન્દ્રાણી વગેરે મહાદેવી પોતાના સ્થાનથી ભ્રષ્ટ થતાં જેવું દુઃખ (અપમાન-અનાદર-તિરસ્કાર વગેરે) ભોગવે તેવું દુઃખ ભોગવે છે અને માનસિક અસંતોષ તેના ચિત્તને જેમ સળગાવે છે.

**જયા અ પૂઇમો હોઇ, પચ્છા હોઇ અપૂઇમો ।**
**રાયા વ રજ્જપબ્ભટ્ઠો, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૪।।**

જ્યારે (સાધુ જીવનમાં) પૂજ્ય હોય અને પાછળથી (ગૃહવાસમાં) અપૂજ્ય બને, ત્યારે રજ્જપબ્ભટ્ઠો-રાજ્યથી સર્વથા ભ્રષ્ટ થએલા રાયા વ-રાજાની જેમ તે સાધુ પાછળથી અત્યંત દુઃખી થાય છે. (૧-૪)

મંત્રીઓ, સામંત રાજાઓ, પ્રજા, વગેરે જેમ ભ્રષ્ટ થયેલા રાજાને પૂજતા નથી તેમ સાધુજીવનથી ભ્રષ્ટ થયેલા સાધુને ચતુર્વિધ સંઘ વગેરે કોઈ પૂજતું નથી. ૪

**જયા અ માણિમો હોઇ, પચ્છા હોઇ અમાણિમો ।**
**સિટ્ઠિ વ્વ કબ્બડે છૂઢો, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૫।।**

જ્યારે (સાધુપર્યાયમાં) માણિમો-માનનીય હોય અને પાછળથી (ગૃહાસ્થાશ્રમમાં) અમાનનીય થાય, ત્યારે કોઈ કબ્બડે-કર્બટમાં (ખરાબ ગામડામાં) છઢો-(નિર્વાસિત) રાખેલા સિટ્ઠિ વ્વ-નગરશેઠની જેમ તે પાછળથી દુઃખી થાય છે. (૧-૫)

કોઈ ધનવાનને નગરશેઠની પદવી મળવાથી માન-સન્માન વગેરે મળતાં હોય છે અને પાછળથી કોઈ કારણે રાજા તેને નગરમાંથી કાઢી મૂકે, તેથી કોઈ હલકી વસતિવાળા સ્થાનમાં જઈને રહે, ત્યાં માન-સન્માનાદિ ન મળવાથી દુઃખી થાય, તેમ સંયમથી ભ્રષ્ટ થએલો પણ પાછળથી દુઃખી થાય છે.

અહીં ત્રણ ગાથાઓમાં જુદા જુદા દષ્ટાંતથી પતિતના દુઃખનું વર્ણન કર્યું છે. તેમાં **વન્દન** એટલે મન-વચન-કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ, અર્થાત્ ત્રણે યોગો દ્વારા સદ્ભાવ. **પૂજન** એટલે સુગંધી પુષ્પો વગેરેથી પૂજન, અર્થાત્ તે તે ઉત્તમ ભોગ પદાર્થોની ભેટ, અને **માન** એટલે ઉત્તમ વસ્ત્ર, આભરણ-અલંકાર વગેરેથી 'સત્કાર' તથા પ્રેમપૂર્વક વિનય-પ્રશંસાદિ

કરવારૂપ 'સન્માન' સમજવાં. એમ ત્રણે પ્રકારનાં સુખોથી ભ્રષ્ટ થએલો અને એથી વિપરીત અવન્દન, અપૂજન અને અપમાનરૂપ ત્રણે પ્રકારનાં દુઃખોને ભોગવતાં તે અત્યંત પસ્તાવો કરી દુઃખી થાય છે. અહીં આપેલાં સ્થાનભ્રષ્ટ થયેલી દેવી, રાજા અને શેઠનાં દૃષ્ટાંતો તે તે પ્રકારનાં સુખ-દુઃખને સમજાવવા માટે છે. અર્થાત્ ઈન્દ્રાણીને ઈન્દ્રાદિના સદ્ભાવરૂપ વન્દનનો, રાજાને આશ્રિત વર્ગ તરફથી મળતાં પૂજનનો અને શેઠને મળતાં સત્કાર-સન્માનરૂપી માનનો નાશ થાય છે, તેમ સંયમ છોડનારને એ ત્રણે પ્રકારનાં સુખોનો નાશ થાય છે, તેથી તે સંયમનાં શારીરિક કષ્ટોથી પણ અતિ આકરાં સંતાપ વગેરે મનનાં કષ્ટોને ભોગવતો જીવનપર્યંત દુઃખી થાય છે. ૫

**હવે કાળાંતરે જે દુઃખો આવે તે વર્ણવે છે-**

**જયા અ થેરઓ હોઇ, સમઇક્કંતજુવ્વણો ।**
**મચ્છુ વ્વ ગલં ગિલિત્તા, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૬।।**

સાધુતાને છોડીને ગૃહસ્થાશ્રમી બનેલો જ્યારે સમઇક્કંત-સંપૂર્ણ વ્યતીત થયું છે જુવ્વણ-યૌવન જેનું એવો (વૃદ્ધ બને ત્યારે) ગલં-લોખંડના કાંટામાં ભરાવેલા માંસને ગિલિત્તા-

ગળીને (ગળામાં લોખંડનો કાંટો વાગવાથી) મચ્છુ વ્વ-માછલું જેમ દુઃખી થાય તેમ તે પાછળથી દુઃખી થાય છે. (૧-૬)

માછીમારો માછલાં પકડવા માટે સુતરની દોરીની જાળમાં ગુંથેલા લોખંડના અણીદાર કાંટાઓમાં માંસના કકડાઓ ભરાવે છે, તેને ખાવાની લાલચથી માંછલું માંસને મુખમાં લઈને મુખ બંધ કરે ત્યારે લોખંડના કાંટાથી તાળવું વિંધાઈ જતાં નાસી શકતું નથી. માછીમારના પંજામાં ફસાઈને છેવટે પ્રાણ ગુમાવે છે, તેમ વૃદ્ધાવસ્થામાં ભોગ-ત્યાગ ઉભય માટે અયોગ્ય બનેલો તે ઘરનાં બંધનોમાં ફસાઈ આર્ત રૌદ્રધ્યાન પૂર્વક મરીને દુર્ગતિમાં જાય છે. અર્થાત્ વૃદ્ધાવસ્થામાં દુઃખ ભોગવતી વેળા સંયમનાં સુખોને યાદ કરી કરીને ઝૂરે છે, ભોગ કે ત્યાગ એક પણ સાધી શકતો નથી અને સ્વાર્થી કુટુંબીજનોના અપમાન, અનાદર, તિરસ્કાર વગેરેથી જીવનપર્યંત દુઃખી થાય છે. ૬

**જયા અ કુકુડુંબસ્સ, કુતત્તીહિં વિહમ્મઇ ।**
**હત્થી વ બંધણે બદ્ધો, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૭।।**

જયારે તે કુકુડુંબસ્સ-(સ્વાર્થી) દુષ્ટ કુટુંબીજનોની

(ભરણપોષણની) કુતત્તીહિં-દુષ્ટ ચિંતા દ્વારા વિહમ્મઇ-(વિષય ભોગોથી) હણાય છે, ત્યારે (કોઈ દરિદ્ર એવા નીચ માલીકના) બંધણે-બંધનમાં બદ્ધો-બંધાએલા હત્થી વ-હાથીને જેમ તે (સંયમ છોડનાર) પાછળથી અતીવ દુ:ખી થાય છે. (૧-૭)

જેમ ભોગની લાલચથી અજ્ઞાનપણે પકડાઈને પરવશ બનેલા હાથીને તેનો નીચ માલીક મજૂરી કરાવે, લાકડાં વગેરે હલકી ચીજો ઉપડાવે, ગધેડાની જેમ ભાર ભરે, પૂર્ણ ઘાસ પણ ખાવા ન આપે એ રીતે તેની ઉત્તમતાને કલંકિત કરે, તેમ સંયમભ્રષ્ટ થએલા અને ભોગોની લાલચે દુષ્ટ કુટુંબના પાશમાં ફસેલા પતિતને પણ દુષ્ટ કુટુંબના ભરણપોષણ માટે હલકાં કાર્યો કરવાં પડે, ત્યારે તે બંધનમાં પડેલા હાથીની જેમ અતિ દુ:ખી થાય છે. ૭

**પુત્તદારપરીકિણ્ણો મોહસતાણસંતઓ ।**
**પંકોસન્નો જહા નાગો, સ પચ્છા પરિતપ્પઇ ।।૧-૮।।**

જહા-જેમ (પાણીની તૃષાથી સરોવરમાં પ્રવેશ કરતાં માર્ગનો અજાણ) નાગો-જંગલી હાથી પંકોસન્નો-કાદવમાં ખૂંચેલો (નીર અને તીર ઉભયથી ભ્રષ્ટ થએલો જેમ જેમ નીકળવાનો

પ્રયત્ન કરે તેમ તેમ કાદવમાં વધારે ખૂંચવાથી) દુઃખી થાય તેમ વિષયભોગોની તૃષ્ણાથી પુત્તદારપરીકિણ્ણો-પુત્ર-પુત્રી અને સ્ત્રી આદિ પરિવારથી બંધાએલો (રાગમાં ફસાએલો) અને તેથી મોહસંતાણસંતઓ-મિથ્યાત્વમોહનીયાદિ દુષ્ટ કર્મોની જાળથી બંધાએલો તે (પતિત) પણ પાછળથી ઘણો દુઃખી થાય છે. (૧-૮)

આ બે ગાથાઓમાં દુષ્ટ માલીકને વશ પડેલા, કે પરાધીન નહિ છતાં કાદવમાં ખૂંચેલા વનહસ્તીની ઉપમાથી પતિત થયેલાનાં દુઃખોનું વર્ણન કરીને તેની ભાવિ સ્થિતિનો સાક્ષાત્કાર કરાવ્યો છે.

આ આઠ ગાથાઓમાં સંયમ છોડનારની મૂર્ખતા, અનાર્યતા, સર્વ સદાચારોથી પતન, પ્રાયઃ સર્વની અપ્રીતિનું પાત્ર, પૂજા-સત્કાર અને સન્માનનો નાશ, ઉપરાંત પરવશતાનાં અને કુટુંબની ચિંતાનાં દુઃખો, વગેરે સંસારની વિષમતાનું એક ચિત્ર બતાવ્યું છે. ૮

**કોઈ ઉપશમ પામેલો પાછળથી ખેદ કરે તે કહે છે-**

**અજ્જ આડહં ગણી હુત્તો, ભાવિઅપ્પા બહુસ્સુઓ ।**
**જઇડહં રમંતો પરિઆએ, સામણ્ણે જિણદેસિએ ।।૧-૯।।**

જઇ–જો અજ્જ આડહં–આજ સુધી હું જિણદેસિએ–જિનેશ્વરે કહેલા સામણ્ણે પરીઆએ–શ્રમણના પર્યાયમાં (ચારિત્ર ધર્મમાં) રમંતો–રમતો (સ્થિર રહ્યો) હોત, તો (પ્રશસ્ત યોગોથી અને ભાવનાઓથી) ભાવિઅપ્પા–ભાવિત અને બહુસ્સુઓ–ઉભયલોકમાં હિતકારી ઘણાં આગમોનો જાણ અહં–હું ગણી–આચાર્ય હું તો–થયો હોત. (૧–૯)

આહં નું આ + અહં માનીને તેમાંના આ અવ્યયનો મર્યાદા અર્થ કરતાં ઉપરનો અર્થ થાય. ૯

**સંયમથી ઉદ્વિગ્ન થએલાને સ્થિર કરતાં કહે છે–**

**દેવલોગસમાણો અ, પરિઆઓ મહેસિણં ।**
**રયાણં અરયાણં ચ, મહાનરયસારિસો ।।૧–૧૦।।**

(શ્રમણપર્યાયમાં એટલે ચારિત્રધર્મમાં) રયાણં–રક્ત (રાગી) એવા મહેસિણં–મહર્ષિઓનો (સુસાધુઓનો) પરિઆઓ–ચારિત્રપર્યાય દેવલોગસમાણો–દેવલોકના સરખો (આનંદ આપનાર) અ–અને સંયમમાં અરયાણં–રાગ વિનાના ચ–તથા વિષયોની અભિલાષાવાળા (જડ) આત્માઓનો મહાનરય સારિસો–મહનારકના જેવો (દુ:ખદાયી) હોય છે.

શ્રમણપણાનો આનંદ આત્મસ્વરૂપ હોવાથી નિરુપાધિક હોય છે અને દેવલોકનો આનંદ સંયોગજન્ય હોવાથી ઉપાધિરૂપ તુચ્છ-કૃત્રિમ હોય છે. શાસ્ત્રમાં સંયમના પાલનથી નિર્મળ થતા આત્માના આનંદનું પ્રમાણ જણાવતાં કહ્યું છે કે-

એક મહિનાના પર્યાયવાળા સાધુનો સંયમનો આનંદ વાણવ્યન્તર દેવોના આનંદથી પણ અધિક હોય છે, બે માસ પર્યાયવાળાનો અસુરકુમાર નિકાયથી, ત્રણ માસ થતાં શેષ ભવનપતિ દેવોથી, ચાર મહિને ગ્રહો વગેરે જ્યોતિષી દેવોથી, પાંચ મહિને ચંદ્ર-સૂર્યથી, છ મહિને સૌધર્મ-ઈશાન કલ્પના દેવોથી, સાત મહિને સનત્ અને માહેન્દ્ર દેવલોકના દેવોથી, આઠ મહિને પાંચમા-છઠ્ઠા દેવલોકના દેવોથી, નવ માસ થતાં સાતમા-આઠમા દેવલોકના દેવોથી, દશ મહિને આનતાદિ ચાર સ્વર્ગના દેવોથી, અગિયાર મહિને નવગ્રૈવેયકવાસી દેવોથી અને બાર મહિનાનો પર્યાય થતાં અનુત્તર વિમાનવાસી દેવોના આનંદથી પણ અધિક આનંદ હોય છે.

એ રીતે પર્યાય વધતાં જેમ જેમ આત્મશુદ્ધિ વધે તેમ તેમ 'શુક્લ'-અખંડચારિત્ર, અમાત્સર્ય, કૃતજ્ઞતા, વગેરે ગુણવાળો

થઈને 'શુકલાભિજાત્ય' એટલે પરમનિર્મળ થયેલો તે શાશ્વતસુખને પામે છે. સંયોગના સુખો પરિણામે વિયોગજન્યદુ:ખમાં પરિણામે છે અને સ્વભાવનું સુખ શાશ્વતું બની જાય છે, માટે દૈવી સુખની ઉપમા સંયમના સુખ સાથે ઘટે તેમ નથી, તો પણ સંયમનું મહત્ત્વ સમજાવવા અન્ય ઉપમાના અભાવે દૈવી સુખોની સાથે તેને સરખાવ્યું છે. જેમ નાટક-ગીત-વાજિંત્ર વગેરેનાં સુખો ભોગવતા દેવો અદીન મનવાળા હોય છે, તેમ પ્રતિક્રમણ, પડિલેહણ, સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ, તપ, જપ, ધ્યાન વગેરે કાર્યોમાં શાન્તરસનો આસ્વાદ લેતા સાધુઓ પ્રસન્નતાનો અતુલ આનંદ અનુભવે છે. હાસ્ય, શૃંગાર, વગેરે સર્વ રસોના આનંદથી વધી જાય તેવો શ્રેષ્ઠ આનંદ શાન્તરસનો હોય છે અને સાધુની સર્વક્રિયાઓ શાન્તરસમાં પરિણમનારી હોવાથી શ્રમણપણાના આનંદની તુલનામાં એકેય આનંદ આવી શકતો નથી. ૧૦

**અમરોવમં જાણિય સુક્ખમુત્તમં,**

**રયાણ પરિઆઇ તહાડરયાણ ।**

**નિરઓવમં જાણિઅ દુક્ખમુત્તમં,**

**રમિજ્જ તમ્હા પરિઆઇ પંડિએ ॥૧-૧૧॥**

તમ્હા-તે કારણે પરિઆઇ-શ્રમણપર્યાયમાં રયાણ-રક્ત મુનિઓનાં અમરોવમં-દેવના જેવાં ઉત્તમં સુક્ખં-શ્રેષ્ઠ સુખને જાણિય-સમજીને તમ્હા-તથા સાધુપર્યાયમાં અરયાણં-રાગ રહિત (મૂઢ) જીવોનાં નિરઓવમં-નરક સદશ ઉત્તમં દુક્ખં-આકરાં (તીવ્ર) દુઃખને સમજીને પંડિએ-શાસ્ત્રાર્ધનો જાણ પંડિત સાધુ પરિઆઇ-ચારિત્ર પર્યાયમાં રમિજ્જ-રમે-રાગ કરે. (૧-૧૧)

ચારિત્રપર્યાયને પાળવામાં અને છોડવામાં ભાવિ સુખ-દુઃખનો વિચાર કરીને જે ચારિત્રને નિર્મળ પાળે તે જ સાચો પંડિત-શાસ્ત્રાર્થનો જાણ છે. ૧૧

**ધમ્માઉ ભટ્ઠં સિરિઓ અવેયં,**
**જન્નગ્ગિ વિજ્ઝાઅમિવડપ્પતેઅં ।**
**હીલંતિ ણં દુવ્વિહિઅં કુસીલા,**
**દાઢુડ્ઢિઅં ધોરવિસં વ નાગં ।।૧-૧૨।।**

ધમ્માઉ-ચારિત્રધર્મથી ભટ્ઠં-ભ્રષ્ટ અને તેથી જ્ઞાન-ધ્યાન-તપ-જપ વગેરે સંયમની સિરિઓ-લક્ષ્મીથી અવેઅં-રહિત (દરિદ્ર) થએલા ણં-એવા તે ચારિત્રને છોડી દેવારૂપ દુવ્વિહિયં-દુષ્ટ વર્તનવાળાને, કુસીલા-(તેના જેવા અન્ય)

દુર્જનો વિજ્ઝાઅં-બુઝાઈ ગએલા અને અપ્પતેઅં-અલ્પતેજ-વાળા (ભસ્મરૂપ બનેલા) જન્નગ્ગિમિવ-યજ્ઞના અગ્નિની જેમ તથા દાઢુડ્ઢિઅં-દાઢા ખેંચી લીધેલા ઘોરવિસં-ભયંકર ઝેરવાળા નાગં વ-સર્પની જેમ હીલંતિ-હેલના કરે છે. (૧-૧૨)

યજ્ઞનો બૂઝાએલો અગ્નિ જેમ લોકોના પગ નીચે ખૂંદાય અને નિર્વિષસર્પને ગારુડિકો જેમ ખેલાવે તેમ સંયમભ્રષ્ટને લોકો વિવિધ કષ્ટો આપે છે અને મૂર્ખની જેમ નચાવે છે. ૧૨

**ઉપર ચારિત્રભ્રષ્ટનાં આલોકનાં કષ્ટો કહ્યાં, હવે આલોક-પરલોકનાં ઉભય જણાવે છે-**

**ઇહેવડધમ્મો અયસો અકિત્તી,**
**દુન્નામધિજ્જં ચ પિહુજ્જણંમિ ।**
**ચુઅસ્સ ધમ્માઉ અહમ્મસેવિણો,**
**સંભિન્નવિત્તસ્સ ય હિટ્ઠઓ ગઈ ।।૧-૧૩।।**

ચારિત્ર છોડવાનાં દુષ્ટ ફળો પરલોકમાં તો ભોગવવાં પડે, કિન્તુ ઇહેવ-આ જન્મમાં જ (ચારિત્રનો ત્યાગ) અધમ્મો-

અધર્મમાં ગણાય છે, એ કારણે વિહુજ્જણંમિ-સામાન્યલોકમાં પણ અયસો-અપયશ (સામાન્યલોકથી પણ હલકાપણું), અકિત્તી-અપકીર્તિ (દુર્ભાગી વગેરેમાં ગણાવાપણું) દુન્નામધિજ્જં ચ-અને દુષ્ટનામ પ્રસિદ્ધ થાય છે, અર્થાત્ લોક 'પતિત' વગેરે શબ્દોથી ઓળખાવે છે એમ ધમ્માઉ-ધર્મથી ચુઅસ્સ-પડેલા અને સ્ત્રી-પુત્રાદિના નિમિત્તે છ કાયની વિરાધનારૂપ અહમ્મસેવિણો-અધર્મને સેવતા એવા સંભિન્નવિત્તસ્સ-ચારિત્રવ્રતના વિરાધકની અન્ય જન્મમાં હિટ્ઠુઓ-નીચી નરકાદિ ગઈ-ગતિ થાય છે. (અર્થાત્ નરક તિર્યંચ જેવી નીચી ગતિઓમાં ઉપજે છે એમ તેના ઉભય જન્મો દુ:ખમય બની જાય છે.) (૧-૧૩)

સામાન્ય નિયમ એવો છે કે, **'ગતિ તેવી મતિ અને મતિ તેવી ગતિ'** અર્થાત્ જેનું ભાવિ દુષ્ટ હોય તેની બુદ્ધિ પહેલેથી જ બગાડે છે અને તેવી બુદ્ધિથી બાંધેલાં દુષ્ટકર્મોને ભોગવવા તેને નીચી ગતિમાં જવું પડે છે. એથી વિરુદ્ધ જેનું ભાવિ ઉજ્જવલ હોય તેની બુદ્ધિ વિશદ-વિવેકી બને છે અને એથી ઉત્તમ કાર્યોને કરી તેનાં ફળો ભોગવવા તે સદ્ગતિમાં ઉપજે છે. માટે દુર્ગતિના દૂત સરખી આ દુષ્ટ બુદ્ધિને

અવકાશ નહિ આપતાં પૂર્વ પુરુષોના નિર્મળ ચારિત્રનું આલંબન લઈને બુદ્ધિને નિર્મળ અને વિવેકી બનાવવી, એ જ પુરુષનો સાચો પુરુષાર્થ છે. આ પુરુષાર્થ, કર્મ વગેરે અન્ય કારણોને પણ અનુકૂળ બનાવી સર્વકાર્યોની સિદ્ધિ કરે છે. શારીરિક કે વાચિક સદ્પ્રવૃત્તિ એ બાહ્ય પુરુષાર્થરૂપ છે અને સદ્બુદ્ધિદ્વારા માનસિક સદ્વિચાર કે ઉત્તમ ભાવના ભાવવી, વગેરે અભ્યન્તર પુરુષાર્થ છે. શુભાશુભ કર્મબંધ મુખ્યતયા અભ્યન્તર પુરુષાર્થને આશ્રયીને થાય છે. ૧૩

**ભુંજિત્તુ ભોગાઇં પસજ્ઝચેઅસા,**
**તહાવિહં કટ્ટુ અસંજમં બહું ।**
**ગઇં ચ ગચ્છે અણાભિ(હિ)જ્ઝિઅં દુહં,**
**બોહી અ સે નો સુલહા પુણો પુણો ।।૧-૧૪।।**

ચારિત્રથી ભ્રષ્ટ થએલો અવિવેકી આત્મા પસજ્ઝચેઅસા-પ્રગટ ચિત્તથી, અર્થાત્ આસક્તિપૂર્વક, ભોગાઇં ભુંજિત્તુ-(પાંચે ઈન્દ્રિયોના શબ્દાદિ) ભોગોને ભોગવીને બહું-ઘણા તહાવિહં-તેવા અસંજમં-ખેતી આદિ છ કાયના વિરાધનારૂપ અસંયમને કટ્ટુ-કરીને દુહં-સ્વરૂપે દુષ્ટ-દુઃખદાયી એવી અણાહિજ્ઝિઅં-અનિષ્ટ ગઇં ચ ગચ્છે-ગતિને પામે છે.

અ-અને (ત્યાં) સે-તેને બોહી-જિનધર્મની પ્રાપ્તિ પુણો પુણો-પુન: પુન: (જન્મ લેવા છતાં અર્થાત્ ઘણા જન્મો થવા છતાં) નો સુલહા-સુલભ નથી. (દુર્લભ થાય છે.) (૧-૧૪)

અવગુણનો પક્ષ થવાથી આત્મામાં પડેલા તે તે પ્રકારના સંસ્કારો ઉત્તરોતર દૃઢ થતા જાય છે, તેનો નાશ કરવા ઘણો કાળ આકરા પ્રયત્નો કરવા પડે છે. ભગવાન્ શ્રીમહાવીરના આત્માએ મરિચીના ભવમાં ચારિત્રને છોડી ત્રિદંડીપણાનો સ્વીકાર કર્યો, તેના સંસ્કારોથી વારંવાર મનુષ્યભવ મળવા છતાં જૈનશાસનની પ્રાપ્તિ ન થઈ, પ્રત્યેક ભવમાં ત્રિદંડીપણું જ પામ્યા. છેક સોળમાં ભવે જૈન દીક્ષા પ્રાપ્ત થઈ. એમ ગુણનો પ્રતિપક્ષ થવાથી ગુણો દુર્લભ થાય છે. એ રીતે દીક્ષાનો પ્રતિપક્ષ અને ભોગોનો પક્ષ થતાં બોધિ દુર્લભ થાય, તે સ્પષ્ટ સમજાય તેવું છે. ૧૪

**ઇમસ્સ તા નેરઇઅસ્સ જંતુણો,**
**દુહોવણીઅસ્સ કિલેસવત્તિણો ।**
**પલિઓવમં ઝિજ્જઇ સાગરોવમં,**
**કિમંગ પુણ મજ્ઝ ઇમં મણોદુહં ? ।।૧-૧૫।।**

ઉપર પ્રમાણે વિચારીને સંયમનાં કષ્ટોથી ઉભગી ગયો હોય તો પણ દીક્ષા ન છોડે, પણ એમ વિચારે કે તા-તે કારણે (ચારિત્રભ્રષ્ટ થવાથી) ઇમસ્સ-આ નેરઇઅસ્સ-નરકમાં ઉપજેલાં (ત્યાં) દુહોવગીઅસ્સ-દુ:ખમાં પડેલા અને તેથી કિલેસવત્તિણો-એકાન્ત ક્લેશમાં જીવતા એવા તે જંતુણો-જીવનાં પલ્યોપમો અને (ક્રમશ:) સાગરોપમો પણ ઝિજ્જઇ-ક્ષય થાય છે, તો તેની સામે પુણ-વળી મજ્ઝ-મારું ઇમં-આ (તેવા ક્લેશ અને કષ્ટો વિનાનું) સંયમનું મણોદુહં-માનસિક દુ:ખ કિમંગ-કયી ગણત્રીમાં છે ? (૧-૧૫)

દીક્ષા છોડીને નરકનાં પલ્યોપમ-સાગરોપમ સુધીનાં દુ:ખો ભોગવવાં તેની અપેક્ષાએ આ સંયમનું દુ:ખ અલ્પ છે અને પરિણામે સુખ આપનારું છે, તો એનાથી અકળાઈને ચારિત્ર શા માટે છોડું ? એમ વિચારતો સંયમમાં સ્થિર થાય. ૧૫

**ન મે ચિરં દુક્ખમિણં ભવિસ્સઇ,**
**અસાસયા ભોગપિવાસ જંતુણો ।**
**ન ચે સરીરેણ ઇમેણડવિસ્સઇ,**
**અવિસ્સઇ જીવિયપજ્જવેણ મે ।।૧-૧૬।।**

વળી એમ વિચારે કે મે ઇણં દુક્ખં-મારું આ (સંચમનું) દુ:ખ ચિરં-દીર્ઘ કાળ સુધી ન ભવિસ્સઇ-રહેવાનું નથી, કારણ કે જંતુણો-જીવને (યુવાવસ્થાના કારણે પ્રગટેલી હોવાથી) ભોગપિવાસ-ભોગોની લાલસા અસાસયા-આશાશ્વતી છે, વૃદ્ધાવસ્થા આવતાં સ્વયંમેવ નાશ પામે તેવી છે. એમ છતાં ચે-(ચેત્) જો ઇમેણ સરીરેણ-આ શરીરથી ન અવિસ્સઇ-નાશ નહિ પામે, અર્થાત્ વૃદ્ધ થવા છતાં ભોગની લાલસા રહેશે, તો પણ મે-મારા જીવિયપજ્જવેણ-જીવિત પર્યાયની સાથે, અર્થાત્ મરણ સાથે અવશ્ય અવિસ્સઇ-નાશ પામશે, (કારણ કે ભોગની ઈચ્છા શારીરિક સુખ માટે હોય છે, માટે શરીરનો નાશ થતાં આખરે તે નાશ પામશે જ.) (૧-૧૬)

મરણ સુધી રહે તો પણ ગણાત્રીનાં વર્ષથી વધારે ભોગવવી નહિ જ પડે, ચારિત્ર છોડવાથી નરકાદિ ગતિઓમાં પલ્યોપમ અને સાગરોપમો સુધી ભોગવવી પડશે. માટે પણ ચારિત્ર છોડવું હિતકર નથી એમ વિચારે. ૧૭

**જસ્સેવમપ્પા ઉ હરિજ્જ નિચ્છિઓ,**

**ચઇજ્જ દેહં ન હુ ધમ્મસાસણં ।**

**તં તારિસં નો પઇલંતિ ઇંદિઆ,**

**ઉવિંતવાયા વ સુદંસણં ગિરિં ।।૧-૧૭।।**

એવં-એ પ્રમાણે (ઉપર કહ્યું તેમ) જસ્સ અપ્પા-જેનો આત્મા નિચ્છિઓ-નિશ્ચિત (દઢ) હવિજ્જ-હોય, તે (કોઈવાર ચારિત્ર છોડવાનાં નિમિત્તો ઊભાં થાય તો પણ) દેહં ચઇજ્જ-શરીરને છોડે, (અનશનાદિ દ્વારા મરણને સ્વીકારે) પણ ધમ્મસાસણં-ધર્મ શાસનને (જિનઆજ્ઞાને) ન હુ-ન જ છોડે. એવી દઢતાના પરિણામે તારિસં તં-તેવી દઢતાવાળા તેને 'ઉવિંતવાયા-ઊડતા પવનો (પવનનાં તોફાનો) સુદંસણંગિરિં વ-સુદર્શન નામના (જમ્બૂદ્વીપના મેરુ) પર્વતને ચલાવી ન શકે તેમ' ઇંદિઆ-ઈન્દ્રિયો નો પઇલંતિ-ચલાયમાન કરી શકતી નથી. (૧-૧૭)

આત્માના બળની સામે દુન્યવી સઘળાં બળો ભેગાં થાય તો પણ થાકે છે. કારણ કે દઢનિશ્ચય એક આત્મબળ હોવાથી ઈન્દ્રિયો કે દેવ-દાનવો પણ તેને ચલાવી શકતા નથી. સીતા સ્ત્રી હોવા છતાં રાવણ તેને ચલાવી શક્યો નહિ, સંગમ જેવો દેવ છતાં પ્રભુ મહાવીરને ચલાવી શક્યો નહિ, એમાં આત્મબળની અચિંત્ય શક્તિ જ કારણભૂત હતી.

માટે સર્વ દુ:ખોનો નાશ કરી શકે તેવા આત્મબળને નિશ્ચયને શરણે રહી ઈન્દ્રિયો વગેરેના ઉત્પાતથી આત્માને વિજયી બનાવી શકાય. ૧૭

**હવે છેલ્લો ઉપસંહાર કરે છે કે-**

**ઇચ્ચેવ સંપસ્સિઅ બુદ્ધિમં નરો,**
**આયં ઉવાયં વિવિહં વિઆણિઆ ।**
**કાએણ વાયા અદુ માણસેણં,**
**તિગુત્તિગુત્તો જિણવયણમહિટ્ઠિજ્જાસિ-તિબેમિ ।।૧-૧૮।।**

ઇચ્ચેવ-એમ આ (અધ્યયનમાં કહેલા) ઉપદેશને સંપસ્સિઅ-સમ્યગ્ વિચારીને (આદિથી અંત સુધી યથાર્થ સમજીને) બુદ્ધિમં નરો-સમ્યગ્ બુદ્ધિવાળો મનુષ્ય (તેમાં કહેલા) સમ્યગ્ જ્ઞાનાદિ ગુણોરૂપ વિવિહં-વિવિધ આયં-લાભને અને તેના (વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય વગેરે વિવિધ) ઉવાયં-ઉપાયોને વિઆણિઆ-જાણીને (સમજીને) કાએણ-કાયાથી, વાયા-વચનથી, અદુ માણસેણં-અને મનથી (સમ્યક્ પ્રવૃત્તિ કરવા પૂર્વક) તિગુત્તિગુત્તો-ત્રણ ગુપ્તિથી ગુપ્ત થએલો જિણવયણં-જિનવચનને અહિટ્ઠિજ્જાસિ-પાળે. (અર્થાત્ શુભભાવપૂર્વક

નિરતિચાર ચારિત્રનું પાલન કરે.) તિબેમિ–એમ હું કહેલું કહું છું. (૧-૧૮)

જિનવચન તો અનાદિ કાળથી જગતમાં શુભાશુભ ભાવોને પ્રકાશે જ છે, માત્ર મોહમૂઢ જીવ તેને યથાસ્વરૂપે સમજ્યો નહિ, એથી જ સુખની આશાએ દુ:ખી થતો રહ્યો. જિનાજ્ઞાના પાલન વિના કર્મોના બંધ છૂટે તેમ છે જ નહિ, કારણ કે અપરાધીને દંડતો રાજા વસ્તુત: જેમ તેને સન્માર્ગની પ્રેરણા કરે છે, તેમ નિશ્ચયથી કર્મનાં બંધનો પણ, જીવને જિનાજ્ઞાનું પાલન કરવાની પ્રેરણા આપનારાં છે, માટે જિનાજ્ઞા પ્રમાણે જીવ વર્તે તો જ કર્મો તેને છોડે, અન્યથા કર્મોનો બંધ ચાલુ રહે અને તેના ફળસ્વરૂપ સંસાર પણ ચાલુ જ રહે. ૧૮

આ ચૂલિકામાં ચારિત્રમાં સ્થિર થવાનો અને પ્રસન્નચિત્તે ચારિત્રનાં કષ્ટો સહી શકાય તેવા ભાવ પ્રગટાવવાનો અતિ ઉત્તમ ઉપદેશ છે. એમ કહી શકાય કે આખા ગ્રન્થમાં કહેલા આચારોનું પાલન કરવાની દૈવી શક્તિ આપનાર હોવાથી આ ચૂલિકા દશ વૈકાલિકના મુગટતુલ્ય છે.

**સમત્તા દસવેયાલિયસ્સ પઢમા ચૂલિકા ।**

**દશવૈકાલિક સૂત્રની પહેલી ચૂલિકા પૂર્ણ થઈ**

# ‘વિવિક્તચર્યા’ ચૂલિકા બીજી

ચૂલિકાઓ માટે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યજી સ્વકૃત પરિશિષ્ટ-પર્વમાં એવો વૃદ્ધવાદ જણાવે છે કે-જૈન જગત્પ્રસિદ્ધ યુવતીપ્રતિ-બોધકુશળ-મહાત્મા શ્રીસ્થૂલભદ્રનાં સાત બહેનોની સાથે તેઓના નાનાભાઈ શ્રીયક પણ દીક્ષિત થયા, તપ કરવાની શક્તિના અભાવે દ્રવ્ય તપ તેઓ કરી શકતા ન હતા. એકદા પર્યુષણાપર્વ આવ્યું, તે દિવસે તેઓનાં બહેન શ્રી યક્ષાસાધ્વીએ, આરાધના કરાવવાના પવિત્ર ધ્યેયથી માતા બાળકને તપમાં જોડે તેમ શ્રીયક મુનિને પોરિસી, સાર્દ્ધપોરિસી, પુરિમાર્દ્ધ, અપાર્દ્ધ, વગેરે પચ્ચક્ખાણ કરાવતાં કરાવતાં છેલ્લે ઉપવાસ કરાવ્યો. મહાત્મા શ્રીયકે પણ કરેલા પચ્ચક્ખાણનું પાલન કરતાં પ્રસન્નતાથી દિવસ પૂર્ણ કર્યો, મધ્યરાત્રીના સમયે ક્ષુધાવેદનીયની અસહ્ય પીડાને દેવગુરુનાં સ્મરણપૂર્વક સહન કરીને તેઓ કાળધર્મ પામીને સ્વર્ગે ગયા.

આ બનાવથી યક્ષા સાધ્વીને ખૂબ દુઃખ થયું, ‘પોતે આગ્રહથી તપ કરાવ્યો, તેના પરિણામે શ્રીયક કાળધર્મ પામ્યા’ એમ

સમજીને તેઓ પ્રાયશ્ચિત કરવા શ્રીશ્રમણ સંઘ પાસે હાજર થયાં. ગીતાર્થ સંઘે 'તમે શુભ ભાવનાથી તપ કરાવ્યો હતો માટે નિર્દોષ છો' એમ કહેવા છતાં તેઓના ચિત્તને સમાધિ ન થઈ, એથી તેઓએ 'શ્રીજિનેશ્વર સાક્ષાત્ કહે તો મારા ચિત્તમાં શાન્તિ થાય' એમ શ્રીસંઘને જણાવ્યું. સંઘ પણ કાર્યોત્સર્ગ કરી શાસનદેવીને પ્રત્યક્ષ કરી, તે દેવી શ્રીયક્ષા સાધ્વીને મહાવિદેહમાં શ્રીસીમંધરસ્વામી પાસે લઈ ગઈ અને ત્યાં શ્રીસીમંધરજિનેશ્વરે સ્વમુખે યક્ષા સાધ્વીને 'તમે નિર્દોષ છો' એમ કહ્યું. ઉપરાંત ભરતક્ષેત્રના સંઘને ભેટ મોકલવા ચાર અધ્યયનો શ્રી યક્ષાસાધ્વીને સંભળાવ્યાં. એક જ વાચનાએ તે અધ્યયનો તેમણે ધારી લીધાં અને દેવીની સહાયથી પાછાં ભરતક્ષેત્રમાં આવીને તે ચારે અધ્યયનો શ્રીસંઘને (સંભળાવીને) યથાવત્ આપ્યાં, તેમાંથી શ્રીસંઘે ભાવના અને વિમુક્તિ નામનાં બે અધ્યયનો શ્રીઆચારાંગ-સૂત્રમાં બે ચૂલિકાઓ-રૂપે જોડયાં અને રતિકલ્પ તથા વિચિત્રચર્યા એ બે દશવૈકાલિકમાં ચૂલિકાઓ તરીકે જોડયાં. આ 'રતિકલ્પ' એ રતિવાક્યાનું અને 'વિચિત્રચર્યા' એ વિવિક્તચર્યાનું અપર નામ સંભવે છે.

એમાંથી રતિવાક્યા કહી, હવે એની સાથેની વિવિક્તચર્યા ચૂલિકા કહે છે. પૂર્વની ચૂલિકામાં મંદપરિણામીને સંયમમાં પુન : પ્રીતિ ઉપજાવવાનો ઉપાય-ઉપદેશ છે અને આ ચૂલિકામાં લોકષેણાનો વિજય કરી લોકપ્રવાહથી ઉલટ-સંયમમાર્ગે ચાલવાનું (સામે પૂરે તરવાનું) વિધાન છે. લોકેષણાને વશ પડેલા ઘણા જીવો ગાડરીયા પ્રવાહની જેમ સ્વ-પરના હિતાહિતનો વિચાર કર્યા વિના લોકના પ્રવાહમાં તણાયા કરે છે, કેટલાક આત્માઓ લોકપ્રવાહને અસત્ય સમજવા છતાં છોડી શકતા નથી, કોઈ સત્ત્વશાળી જ્ઞાની પુરુષ જ લોકસંજ્ઞાને જીતને વીતરાગકથિત મોક્ષમાર્ગને અનુસરે છે. એ રીતે લોકપ્રવાહથી ભિન્ન સત્યમાર્ગને આચરવો તે વિવિક્તચર્યા જાણવી. આ ચૂલિકામાં એનો ઉપદેશ હોવાથી તેનું નામ **વિવિક્તચર્યા** છે. તે હવે ક્રમશ : કહેવાય છે.

**ચૂલિઅં તુ પવક્ખામિ, સુઅં કેવલિભાસિઅં ।**
**જં સુણિત્તુ સુપુણ્ણાણં, ધમ્મે ઉપ્પજઅે મઈ ।।૨-૧।।**

કેવલિભાસિઅં-કેવલજ્ઞાનીએ (શ્રીસીમંધરપ્રભુએ) કહેલી સુઅં-શ્રુતરૂપી ચૂલિઅં તુ-ભાવચૂલિકાને પવક્ખામિ-કહું છું, કે જં-જેને સુણિત્તુ-સાંભળીને સુપુણ્ણાણં-પુણ્યાનુબંધિ

પુણ્યવાળાઓને ધમ્મે-ચારિત્ર ધર્મમાં મઈ-બુદ્ધિ ઉપ્પજ્જએ-પ્રગટે છે. (૨-૧)

ભાવ એટલે ગુણ અર્થાત્ શ્રુતજ્ઞાન, તે રૂપ ચૂલિકા એમ અર્થ સમજવો. કેવલીએ ભાખેલી એટલે સાક્ષાત્ તીર્થંકરના મુખે સાંભળેલી હોવાથી આ ચૂલિકાને 'અનંતઆગમ' જાણવું. શબ્દોના કહેનારની પવિત્રતા અને શ્રોતાની યોગ્યતા બન્નેનો સહયોગ થતાં સાંભળવા-સંભળાવવાનું ફળ વિશિષ્ટ મળે છે. અહિં કહેનાર ખુદ તીર્થંકર અને સાંભળનાર પુણ્યાનુબંધિ પુણ્યવાન આત્મા, એમ બન્નેનો સુયોગ થવાથી આ ચૂલિકાના શ્રવણથી ચિંતામણીરત્નતુલ્ય ચારિત્રધર્મના અધ્યવસાયો પ્રગટે છે, વધે છે અને અખંડ બને છે. ૧

**અણુસોઅપટ્ઠિઅબહુ-જણંમિ પડિસોઅલદ્ધલક્ખેણં ।**
**પડિસોઅમેવ અપ્પા, દાયવ્વો હોઉકામેણં ।।૨-૨।।**

અણુસોઅપટ્ઠિઅ-અનુસ્ત્રોત (લોકપ્રવાહમાં) પ્રસ્થિત (ગતિ કરતા) બહુજણંમિ-ઘણા પ્રાણીઓમાં પડિસોઅ-પ્રતિસ્ત્રોત (પ્રવાહથી ઉલટું) પ્રયાણ કરવાના લદ્ધલક્ખેણં-લક્ષ્યવાળા હોઉકામેણં-મોક્ષાર્થી આત્માએ અપ્પા-પોતાના આત્માને

પડિસોઅમેવ-પ્રતિસ્રોત જ (લોકપ્રવાહથી ઉલટો જ) દાયવ્વો-ચલાવવો. (૨-૨)

નદીના પ્રવાહમાં તણાતું કાષ્ઠ જેમ સમુદ્રમાં પહોંચે, તેમ વિષયસેવનરૂપ ઉન્માર્ગે ચઢેલા-માત્ર દ્રવ્યક્રિયારૂપ અનુકૂળતાને વશ પડેલા, અને તેથી ધર્મક્રિયા કરવા છતાં સંસારરૂપી સમુદ્રમાં ભમતા ઘણા લોકમાં, કથંચિત્ વિષયવિમુખતારૂપ સંયમનું લક્ષ્ય પામેલા મોક્ષાર્થી જીવે, અનુકૂળતારૂપ લોકપ્રવાહને છોડીને, પોતાના આત્માને પ્રતિકૂળતારૂપ સામા પૂરે ચલાવવો. અર્થાત્ અનુકૂળતાનો પક્ષ તજીને સંયમનાં વિવિધ કષ્ટોને પ્રસન્નચિત્તે સ્વીકારવારૂપ પ્રતિકૂળતાનો પક્ષ કરીને આત્માને સંસારસમુદ્રથી પાર ઉતારવો.

અનુકૂળતા આપાતમધુર હોવાથી ગમી જાય તેવી હોવા છતાં પરિણામે કાતિલ ઝેરની જેમ આત્માના ભાવપ્રાણરૂપ જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે અને પ્રતિકૂળતા પ્રારંભમાં કટુ-દુઃખદાયી છતાં ઔષધની જેમ પરિણામે જીવને કર્મરોગથી મુક્ત કરે છે, મૂઢરોગી જેમ ઔષધનો પ્રતિપક્ષી હોય, તેમ ઘણા આત્માઓ મોહમૂઢ હોવાથી પ્રતિકૂળતાથી ડરે છે, અનુકૂળતાને

વશ થઈ કર્મરૂપી રોગને વધારે છે. તેઓના પ્રવાહમાં તણાવું (અનુકરણ કરવું) તે કોઈ રીતે હિતકર નથી, માટે તેઓનું અનુકરણ છોડીને પરીષહો, ઉપસર્ગો, વગેરેનાં કષ્ટો સહવારૂપ સામા પૂરે તરવા તુલ્ય શ્રી જિનવચનનું અખંડ-નિરતિચાર પાલન કરવું, એમ કરનારનો જ મોક્ષ થાય છે. જે લજ્જા કે દાક્ષિણ્યતાથી પણ લોકનું અનુકરણ કરે છે, તે સંસારમાં ભમે છે. જિનવચનથી વિપરીત બીજાનું અનુકરણ કરવું તેમાં વસ્તુતઃ લજ્જા પણ નથી અને દાક્ષિણ્યતા પણ નથી. ૨

**અણુસોઅસુહો લોઓ, પડિસોઓ આસવો સુવિહિઆણં ।**
**અણુસોહો સંસારો, પડિસોઓ તસ્સ ઉત્તારો ।।૨-૩।।**

લોઓ-સામાન્ય લોક (કર્મના ભારેપણાથી) અણુસોઅસુહો-અનુકૂળ પ્રવૃત્તિમાં સુખી હોય છે, એથી વિપરીત સુવિહિઆણં-સાધુ પુરુષોને પડિસોઓ-પ્રતિકૂળ માર્ગમાં આસવો-આશ્રવ (આદર) હોય છે. કારણ કે અણુસોઓ-અનૂકળ માર્ગ એ સંસારો-સંસાર છે અને પડિસોઓ-પ્રતિકૂળ માર્ગ તસ્સ ઉત્તારો-સંસારનો ઉતાર (પાર ઉતારનાર) છે. (૨-૩)

જેમ પાણીના પ્રવાહમાં તરનારને પરિશ્રમ-કષ્ટનો અનુભવ થતો નથી, સામે પૂરે તરનારને બહુ પરિશ્રમ લાગ છે, તેમ કષ્ટથી ડરનારો ઘણો જનસમૂહ અનાદિ લોકપ્રવાહને અનુસરવામાં આનંદ માને છે. વિવેકી એવા થોડા સાધુપુરુષો જ (અનુકૂળતાનો આશ્રય લેવાથી ભોગવવાં પડતાં ભાવિકષ્ટોના ભયથી) વર્તમાનમાં કષ્ટોને સહવારૂપ પ્રતિકૂળતામાં આનંદ અનુભવે છે. તેથી જ તેઓ સંસારથી પાર ઊતરે છે. કારણ કે અનુકૂળતા એ સંસાર અને પ્રતિકૂળતા એ મોક્ષમાર્ગ છે. ૩

**તમ્હા આયારપરક્કમેણં, સંવરસમાહિબહુલેણં ।**
**ચરિઆ ગુણા અ નિયમા અ, હુંતિ સાહૂણ દટ્ઠવ્વા ।।૨-૪।।**

તમ્હા-તે કારણે (અર્થાત્ અનુકૂળતા સંસારનું કારણ છે, માટે) આયારપરક્કમેણં-જ્ઞાનાચારાદિ પાંચ આચારમાં પરાક્રમવાળા અને સંવર-ઈન્દ્રિયોના વિષયોથી અટકવામાં સમાહિબહુલેણં-ઘણી સમાધિવાળા (રુચિવાળા) આત્માએ સાહૂણ-સાધુઓની ચરિઆ-બાહ્યક્રિયા, (ભાવધર્મના સાધનભૂત એવી અપ્રતિબદ્ધવિહાર વગેરે સાધુચર્યા) ગુણા-મૂળ-ઉત્તર ગુણો (ચરણ-કરણ સિત્તરી), અ-અને તે મૂળ-

ઉત્તરગુણોની શુદ્ધિ-વૃદ્ધિને કરનારા વિવિધ નિયમા-નિયમો (અભિગ્રહો) દક્કુવ્વા હુંતિ-જોવા યોગ્ય છે. અર્થાત્ સારી રીતે જાણવા યોગ્ય, પાળવા-આચરવા યોગ્ય અને પ્રરૂપણા દ્વારા પ્રચારવા યોગ્ય છે. (૨-૪)

'આચારમાં પરાક્રમવાળા અને વિષયોથી અટકવામાં ઘણી સમાધિ (રુચિવાળા)' એ બે વિશેષણો એ કારણે છે કે એવા ગુણવાળો હોય તે જ સાધુ, સાધુની બાહ્ય ક્રિયા, અભ્યંતર ગુણો અને તેની વૃદ્ધિ કરનારા ઉપાયોમાં કુશળ બની શકે છે. પંચાચારના પાલનમાં અનાદર કરવાથી કે વિષયોનો રાગ કરવાથી સાધુતાના પરિણામરૂપ અભ્યંતર શુદ્ધિ થતી જ નથી. ઉપરાંત એ પણ આશય છે કે, પંચાચારના પાલનથી વિષયોના વિરાગની રુચિ થાય છે, અને વિષયોના વિરાગની રુચિ, ગમે ત્યારે પણ બાહ્ય-અભ્યંતર ગુણો, તથા તેના વિકાસમાં કારણભૂત નિયમોરૂપ નિશ્ચયધર્મને (ગુણસ્થાનકને) પ્રગટાવી શકે છે. એમ જીવનમાં સાધુચર્યાદિ ઉપકારક હોવા સાથે પરસ્પર એકબીજાના કારણભૂત છે. ૪

**હવે એ સાધુચર્યાનું વર્ણન કરે છે-**

**અનિએઅવાસો સમુઆણચ(ચા)રિઆ,**
**અન્નાયઉંછં પઇરિક્કયા અ ।**
**અપ્પોવહી કલહવિવજ્જણા અ,**
**વિહારચરિઆ ઇસિણં પસત્થા ॥૨-૫॥**

અનિએઅવાસો-અનિયતવાસ અથવા અનિકેતવાસ (તેમાં માસકલ્પાદિના ક્રમે વિચરવું તે અનિયતવાસ અને ઉદ્યાન, પર્વત, સ્મશાન વગેરેમાં રહેવું તે અનિકેતવાસ સમજવો.) સમુઆણચરિઆ-ઘર-ઘરમાંથી ભિક્ષા મેળવીને નિર્વાહ કરવો, અન્નાયઉંછં-(નિર્દોષ આહારાદિ મેળવવાના ધ્યેયથી) અજાણ્યા ઘરોમાંથી થોડું થોડું લેવું, પઇરિક્કયા અ-અને (મનુષ્યાદિ ન હોય ત્યાં) નિર્જન સ્થળોમાં રહેવું, એકાન્તવાસ સેવવો, અપ્પોવહી-થોડી સામાન્ય ઉપાધિથી નિર્વાહ કરવો (બહુમૂલ્ય વસ્તુઓને તજીને અલ્પજરૂરીયાતવાળા થવું), કલહવિવજ્જણા અ-અને કલહને તજવો, (અર્થાત્ બીજાની સાથે ઝઘડવું નહિં, ઝઘડો થાય તેવાં વચનો કહેવાં-સાંભળવાં નહિ, વગેરે કલહનાં કારણોને તજવાં.) એ પ્રકારની વિહારચરિઆ-જીવનની ચર્યા (મર્યાદા) ઇસિણં-સાધુઓને

પસત્થા–પ્રશંસનીય છે. (અર્થાત્ જિનાજ્ઞાના પાલનરૂપ હોવાથી એ જીવનમર્યાદા ભાવચારિત્રની સિદ્ધિ કરે છે, માટે પ્રશંસનીય અને ઉપાદેય છે.) (૨–૫)

**ઉપર્યુક્ત ચર્યા કયા કારણે પ્રશસ્ત છે ? તે કહે છે–**

**આઇન્નઓમાણવિવજ્જણા અ,**
**ઓસન્નદિટ્ઠાહડભત્તપાણે ।**
**સંસટ્ઠકપ્પેણ ચરિજ્જ ભિક્ખૂ,**
**તજ્જાયસંસટ્ઠ જઈ જઇજ્જા ।।૨–૬।।**

ભિક્ખૂ–ઉત્તમ સાધુ ભિક્ષા માટે જ્યાં આઇન્ન–આકીર્ણ અને ઓમાણ–અપમાન થાય તેવાં ઘરોનો વિવજ્જણા–ત્યાગ કરે, ઓસન્ન–પ્રાયઃ દિટ્ઠાહડ–લાવતાં નજરે દેખાય તેવું ભત્તપાણે–આહારપાણી વગેરે ગ્રહણ કરે, સંસટ્ઠકપ્પેણ–સંસૃષ્ટકલ્પથી ચરેજ્જ–વિચરે, (અર્થાત્ સંસૃષ્ટ હસ્ત, સંસૃષ્ટ પાત્ર અને સવિશેષ દ્રવ્ય વગેરે અષ્ટભંગી પ.૯૪ માં કહી છે, તેમાંના શુદ્ધ ભાંગે ગ્રહણ કરે), તેમાં પણ જઈ–મુનિ તજ્જાયસંસટ્ઠ–તજ્જાતસંસૃષ્ટકલ્પમાં જઇજ્જા–યતના કરે. (૨–૬)

**આકીર્ણ :** ઘણા માણસો જ્યાં જમતાં હોય તેવાં રાજકુળ જે જમણસ્થાન વગેરેમાં ન જાય, કારણ કે સંકડાશથી ચાલતાં

હાથ-પગ વગેરેન સંઘટ્ટ કે ભાંગવા-તૂટવાનો પ્રસંગ આવે, ઉપરાંત સાધુતાની હલકાઈ થાય. જ્યાં અજૈન કે જૈન પણ રાજ્યાદિનો અધિકારી-સત્તાધીશ હોય ત્યાં સામાન્યતયા અપમાન થવાનો, કોઈ ભક્ત હોય તો દોષિત વસ્તુ વહોરાવવાનો અને અભક્ત-દ્વેષી હોય તો અપમાનનો કે આહાર વિના પાછા ફરવું પડે તેવો સંભવ હોવાથી તેવા સ્થાને ન જાય. વળી દાત્રી આહારાદિ વહોરાવવા લાવે ત્યારે તેને લેતાં-ચાલતાં-આવતાં નજરે જોઈ શકાય તે દષ્ટઆહૃત કહેવાય. તેવું લેવાથી વહોરાવનાર દ્વારા તે પ્રસંગે થતા દોષોથી બચી શકાય, માટે પ્રાય : (શક્ય હોય ત્યાં સુધી) નજરે દેખાય તે રીતે લાવેલા આહારાદિને વહોરે.

**સંસૃષ્ટકલ્પનું** કારણ પૂર્વે પૃ. ૯૪માં જણાવ્યું છે, તેમાં પણ હાથ-પાત્ર વગેરે એક જ જાતિના દ્રવ્યથી ખરડાયેલાં હોય તે **તજ્જાતસંસૃષ્ટકલ્પ** કહેવાય. જેમ કે હાથ-પાત્ર બન્ને છાશથી, દૂધથી, દહીંથી કે બીજી કોઈ એક જ જાતિની વસ્તુથી ખરડાયેલાં હોય, તો તે તજ્જાતસંસૃષ્ટ કહેવાય. વિજાતીય જુદાં દ્રવ્યોથી ખરડાયેલાં હોય, તે વિજાતસંસૃષ્ટ કહેવાય, તેમાં પણ વિદળ થાય તેવાં વિરૂદ્ધ દ્રવ્યોથી ખરડાયેલાં હોય ત્યારે તો ખરડાયેલાં પણ હાથ અને પાત્રથી

ન લેવાય, કારણ કે સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય, વગેરે યથામતિ વિચારવું. ૬

**અમજ્જમંસાસિ અમચ્છરીઆ,**
**અભિક્ખણં નિવ્વિગઇં ગયા અ ।**
**અભિક્ખણં કાઉસ્સગ્ગકારી,**
**સજ્ઝાયજોગે પયઓ હવિજ્જા ।।૨-૭।।**

વળી અમજ્જમંસાસિ-મદ્યમાંસના ભક્ષણનો ત્યાગી, અમચ્છરીઆ-પરઉત્કર્ષમાં દ્વેષ વિનાનો, વિશેષ કારણ વિના અભિક્ખણં-વારંવાર નિવ્વિગઇં ગયા-વિગઈઓને નહિ ખાનારો વારંવાર કાઉસ્સગ્ગકારી-ઈર્યાપથિકી કાયોત્સર્ગ કરનારો (અર્થાત્ ગયા-આવ્યા પછી ઈરિ. પ્રતિક્રમણ કર્યા વિના કોઈ અન્ય કામ નહિ કરનારો), અ-અને સજ્ઝાયજોગે-વાચનાદિ સ્વાધ્યાયમાં તથા સૂત્રોના યોગમાં (આયંબિલ આદિ તપમાં) પયઓ-અતિપ્રયત્નશીલ (અપ્રમાદી) હવિજ્જા-હોય (થાય). (૨-૭)

મદ્ય-માંસના ઉપલક્ષણાથી બીજી પણ મધ-માખણ વગેરે મહાવિગઈઓનો સર્વથા ત્યાગી, ભક્ષ્ય વિગઈઓને પણ માંદગી આદિ પુષ્ટકારણ વિના વારંવાર નહિ ખાનારો,

પ્રત્યેક પ્રવૃત્તિમાં છદ્મસ્થભાવને યોગે સંભવિત ભૂલોની-અતિચારોની વારંવાર શુદ્ધિ કરનારો અને સ્વાધ્યાય તથા યોગમાં અપ્રમાદી એમ અર્થ સમજવો.

અહીં કોઈ માંસાહારનો પક્ષપાતી એમ કહે છે કે માંસનો ત્યાગ કરવાથી બીજી પણ ઘણી વસ્તુઓનો ત્યાગ કરવો જ પડશે, કારણ કે અનાજ વગેરે, કે દહીં છાશ વગેરે ઘણા પદાર્થો જીવોનાં શરીર-રૂપ હોવાથી તેને પણ માંસ જ કહેવાય. તેને એમ સમજાવવો જોઈએ કે અનાજ અને દહીં છાશ વગેરે લોકમાં માંસ તરીકે મનાતાં નથી, લોકમાં જેને માંસ તરીકે માનવામાં આવે છે તેનો ત્યાગ કરવાનું અહીં કહ્યું છે. જે જે જીવોનું શરીર હોય તે સર્વને માંસ ગણવાનો લોકવ્યવહાર નથી. એવી વ્યાખ્યા કરવાથી તો મહાઅનર્થ થાય. કારણ કે જળ પ્રવાહી છે તેમ મૂત્ર પણ પ્રવાહી છે, તેથી જળપાનની જેમ મૂત્રપાન કરવાનો પ્રસંગ આવે, પત્ની સ્ત્રી છે તેમ માતા પણ સ્ત્રી છે માટે પત્નીની જેમ માતાની સાથે પણ મૈથુન સેવવાનો પ્રસંગ આવે, એકેન્દ્રિયાદિ જીવોનાં શરીરરૂપ પદાર્થો લોકમાં માંસ મનાતું નથી પણ પંચેન્દ્રિયના શરીરનાં કાપેલાં અંગો જ માંસ મનાય છે, માટે તેનો ત્યાગ

અવશ્ય કરવો જોઈએ. અનાજ વગેરે એકેન્દ્રિય જીવોના અંગોનું ભક્ષણ કરી શકાય છે, તેમ પંચેન્દ્રિય પણ જીવ છે માટે તેનાં અંગોનું પણ ભક્ષણ કરી શકાય, તેમ કહેવું તે માંસાહાર કરવા છતાં નિર્દોષમાં ખપવા માટેની કુયુક્તિ છે.

અહીં વારંવાર કાયોત્સર્ગ કરવાનું કહ્યું, તેને અન્ય આચાર્યો કારણે વિગઈ વાપરવા માટેનો કાયોત્સર્ગ કહે છે.

સ્વાધ્યાય સાથે આયંબિલ આદિ (યોગવિધિમાં કરાય છે તે) તપ કરવાનું કહ્યું, તેમાં પણ એ હેતુ રહેલો છે કે-શાસ્ત્રોક્ત તપ સાથે સ્વાધ્યાય (અધ્યયન) કરે તો જ તે અધ્યયન ઉપકાર કરે, એથી ઉલટું તપ વિના આગમો ભણવાથી ઉન્માદ વગેરે દોષોનો સંભવ છે.

મુખ્ય માર્ગે વિગઈઓ વાપરનારને આગમો અને વિગઈઓના રાગીને છેદ સૂત્રો વાંચવા-ભણવાનો અધિકાર નથી, એમ કહેલું છે. માટે પ્રત્યેક શાસ્ત્રવચનને આત્મહિત થાય તે રીતે વિચારવું. ૭

**૮ પડિન્નવિજ્જા સયણાસણાઇં,**

**સિજ્જં નિસિજ્જં તહ ભત્તપાણં ।**

ગામે કુલે વા નગરે વ દેસે,
મમત્તભાવં ન કહિં પિ કુજ્જા ।।૨-૮।।

વળી માસકલ્પ વગેરે પૂર્ણ થયા પછી વિહાર કરતી વેળા આ સયણાસયાઇં-સંથારો વગેરે શયનો, પાટ-પાટલા વગેરે આસનો, સિજ્જં-શય્યા (વસતિ-મકાન), નિસિજ્જં-સ્વાધ્યાયાદિ માટે ઉપયોગી ભૂમિ, તહ ભત્તપાણં-તથા આહાર-પાણી, વગેરે અમે પાછા આવીએ ત્યારે અમને તમારે આપવું, એમ ગૃહસ્થને ણ પડિન્નવિજ્જા-પ્રતિજ્ઞા ન કરાવે, ઉપલક્ષણાથી એવી ભલામણ કે ઈચ્છા પણ ન કરે. તથા ગામે-ગામમાં, કુલે-શ્રાવક વગેરે ગૃહસ્થના ઘરમાં, નગરે વા-અથવા મોટા નગરમાં, દેસે વ-કે દેશમાં (જ્યાં વિહાર કરવાનો હોય ત્યાં કે બીજે) કહિં પિ-ક્યાંય પણ (આ મારાં ભક્ત છે, મેં પ્રતિબોધેલાં છે, માટે મારાં છે, વગેરે) મમત્તભાવં-મમત્વ ભાવને ન કુજ્જા-ન કરે. (૨-૮)

એ પ્રમાણે ગૃહસ્થો પ્રત્યે, તેઓની વસ્તુઓ પ્રત્યે અને મકાન કે ગામ-નગર-દેશ વગેરેમાં મમત્વ રાખવાથી પરિગ્રહવિરમણવ્રતની વિરાધના થાય અને મમત્વભાવથી આત્માનો નિર્મમભાવ (વૈરાગ્ય) હણાય. એમાંથી વિવિધ

દોષો પ્રગટે અને સંયમનો નાશ (અભાવ) થાય. ૮

**ગિહિણો વેઆવડિઅં ન કુજ્જા,**
**અભિવાયણવંદણ પૂઅણં વા ।**
**અસંકિલિટ્ઠેહિં સમં વસિજ્જા,**
**મુણી ચરિત્તસ્સ જઓ ન હાણી ।।૨-૯।।**

મુણી-મુનિ ગિહિણા-ગૃહસ્થોની વેયાવડિઅં-વૈયાવચ્ચ (અર્થાત્ ગૃહસ્થાશ્રમને ઉપકાર થાય તેવાં તેનાં કાર્યોને) ન કુજ્જા-ન કરે, અભિવાયણવંદણપૂઅણં વા-અથવા અભિવાદન (વચનથી નમસ્કાર), વંદન (કાયાથી પ્રણામાદિ) અને પૂજન (વસ્ત્રાદિથી સત્કારાદિ) ન કરે, તથા જઓ-જેની સાથે વસવાથી ચરિત્તસ્સ-ચારિત્રને ન હાણી-હાનિ ન થાય તેવા અસંકિલિટ્ઠેહિં સમં-સંકલેશથી રહિત હોય તેવા ઉત્તમ સાધુઓની સાથે વસિજ્જા-રહે. (૨-૯)

ગૃહસ્થોની ઉપર કહી તેવી વૈયાવચ્ચ વગેરે કરવાથી, સાધુને અવિરતિનું પોષણ, પ્રશંસા, અનુમોદના, વગેરે થાય અને ગૃહસ્થને પણ ગૃહવાસ પ્રત્યે રાગ વધે, સાધુ પ્રત્યે સન્માન ઘટવાથી સાધુને દાન, વંદન, પૂજન, વગેરે કરવા છતાં વિરતિનો રાગી ન થાય, ઈત્યાદિ શ્રાવકધર્મથી પણ વંચિત

થાય. એમ બન્નેને વિવિધ દોષો થાય માટે ઉત્તમ સાધુ સ્વયં તેવું કરે નહિ અને તેવું કરનારા શિથિલ સાધુઓની સોબતમાં રહે પણ નહિ. સોબતનું વાતાવરણ સંયમના રાગી સાધુને પણ ભવિષ્યમાં નિષ્ઠુર બનાવી સંયમથી ચલિત કરી શકે છે. વર્તમાનમાં તો પ્રાયઃ ઉત્તમ આત્મા પણ શ્રેષ્ઠ આલંબન દ્વારા જ વિકાસ સાધી શકે તેમ છે, તેથી ઉત્તમ ગુરુઓની નિશ્રા જીવતાં સુધી ન છોડવી એમ કહ્યું છે, તેને બદલે શિથિલાચારીઓની નિશ્રામાં રહે તો અવશ્ય મંદપરિણામે થાય અને પરિણામે સંયમના પરિણામ સર્વથા ચાલ્યા પણ જાય, માટે જ ગૃહસ્થોના પરિચયનો ત્યાગ અને ઉત્તમ ગુરુની નિશ્રા અતિ આવશ્યક છે. શિથિલાચારીઓની સાથે રહેનાર કદાચ શિથિલ ન બને તો પણ સાથે રહેવાથી તેને શિથિલાચારની (સંવાસ) અનુમોદના લાગે, એથી પણ તેને કર્મબંધન થાય, ઈત્યાદિ. ૯

**હવે ઉત્તમ સહાય ન મળે તો શું કરે ? તે કહે છે-**

**ન યા લભેજ્જા નિઉણં સહાયં,**

**ગુણાહિઅં વા ગુણઓ સમં વા ।**

इक्को वि पावाइं विवज्जयंतो,

विहरिज्ज कामेसु असज्जमाणो ॥२-१०॥

(એમ છતાં) ગુણાહિઅં-અધિકગુણવાળા, ગુણઓ સમં-ગુણોથી તુલ્ય, વા-કે ગુણથી હીન છતાં ઉત્તમ જાતિવંત-એવા નિઉણં સહાયં-ઉત્તમ સાધુની સહાય ન યા લભેજ્જા-જો ન મળે તો સ્વયં પાવાઈ-પાપ કાર્યોને (અસદાચરણને) વિવજ્જયંતો-સર્વ રીતે વર્જતો અને કામેસુ-ઈચ્છાઓમાં (જડ વિષયાદિમાં અને માન-સન્માન કે અનુકૂળતા વગેરેમાં) અસ્સજ્જમાણો-રાગ નહિ કરતો ઇકો વિ વિહરિજ્જ-એકલો પણ વિચરે. (અર્થાત્ સંયમનો અર્થી સંયમ રક્ષાની ખાતર પણ રહે) (૨-૧૦)

આ વિધાન ઉત્સર્ગરૂપ છે, તે દૃઢસંઘયણ, મનોબળ, ઉત્સર્ગ-અપવાદનું વિશિષ્ટ જ્ઞાન, વગેરે ગુણો હોવાથી જેઓ ગમે તેવા ઉપસર્ગો કે પ્રલોભનો થવા છતાં સંયમના પરિણામથી ચલાયમાન ન થાય, તેવાને માટે પૂર્વકાળને આશ્રયીને સમજવું. વર્તમાનમાં તો તેવા દૃઢસંઘયણના અભાવે મનોબળ નબળું અને વિશિષ્ઠ બુદ્ધિબળ કે અધ્યાત્મબળની પણ મંદતા, ઈત્યાદિ કારણે સંયમસાધક વિશિષ્ઠ સહાયક ન મળે ત્યાં

સુધી શિથિલાચારીઓની સોબતમાં રહેવું, પણ એકાકી ન વિચરવું, એવું શાસ્ત્રકારો જણાવે છે. ઔષધની જેમ વિધિ કે નિષેધ વાક્યો પણ સર્વકાળે સઘળાં સર્વત્ર સર્વ જીવોને માટે ઉપાદેય હોતાં નથી. જેને જેનાથી ઉપકાર (આત્મહિત) થાય તે જ વચન તેને માટે ઉપાદેય છે, વગેરે મધ્યસ્થ અને સૂક્ષ્મબુદ્ધિથી વિચારીને સંયમની રક્ષા કરવી. ૧૦

**હવે વિહારનું કાળમાન કહે છે-**

**સંવચ્છરં વાડવિ પરં પમાણં,**
**બીઅં ચ વાસં ન તહિં વસિજ્જા ।**
**સુત્તસ્સ મગ્ગેણ ચરે(રિ)જ્જ ભિક્ખૂ,**
**સુત્તસ્સ અત્થો જહ આણવેઇ ।।૨-૧૧।।**

સંવચ્છરં-ચાતુર્માસ કલ્પ વાડવિ-અને ઉપર માસકલ્પ (અર્થાત્ પાંચ માસ સુધી એક જ ક્ષેત્રાદિમાં રહેવાનું) પરં-ઉત્કૃષ્ટ પમાણં-કાળસમાન છે. (જ્યાં એક વર્ષાકલ્પ-ચાતુર્માસ રહે ત્યાં) તહિં-ત્યાં બીઅં-વાસં-બીજો વર્ષાકલ્પ ચ-અને (માસકલ્પ રહે ત્યાં) બીજો માસકલ્પ ન વસિજ્જા-ન રહે. (હવે વધારે શું કહેવું ?) ભિક્ખૂ-સાધુ સર્વ વિષયમાં સુત્તસ્સ મગ્ગેણ-સૂત્રના માર્ગે (સૂત્રાનુસારે) ચરિજ્જ-ચાલે (વર્તે)

કે જહ-જે રીતે સુત્તસ્સ-સૂત્રનો અત્થો-અર્થ આણવેઇ-આજ્ઞા કરતો હોય. (અર્થાત્ સૂત્રાર્થ દ્વારા જે રીતે વર્તવાનું જિનેશ્વરોએ કહ્યું હોય તેમ વર્તે.) (૨-૧૧)

ત્રીજા પાદમાં 'સૂત્ર પ્રમાણે વર્તે' એમ કહેવાં છતાં ચોથા પાદમાં 'સૂત્રના અર્થની આજ્ઞા પ્રમાણે વર્તે' એમ કહ્યું, તેનું એ કારણ છે કે સૂત્રથી અર્થની પ્રધાનતા છે. અર્થના કહેનાર જિનેશ્વરો છે અને સૂત્ર રચનારા ગણધરો હોય છે. વળી ઓઘથી સૂત્રના શબ્દોને પકડીને વર્તે તો વિસંવાદ થવાનો સંભવ છે, કારણ કે સૂત્રો વિવિધ વિવક્ષાયુક્ત હોવાથી વિવિધ અર્થોને સૂચવનારાં હોય છે અને તે અર્થના જ્ઞાન દ્વારા જ સ્પષ્ટ થાય છે. માટે જ પૂર્વાપર અવિરોધી વ્યાખ્યાથી ઘટતા એવા ઉત્સર્ગ-અપવાદરૂપ તાત્ત્વિક અર્થથી જેમ વર્તવાનું કહ્યું હોય તેમ વર્તવું તે જ સૂત્રનું-જિન આજ્ઞાનું પાલન છે, કેવળ ઓઘથી સૂત્રના શબ્દોને પકડીને તેનો અર્થ કરવાથી અનર્થ થવા સંભવ છે. સૂત્રોની વ્યાખ્યા ૧-શબ્દાર્થ, ૨-વાક્યાર્થ, ૩-મહાવાક્યાર્થ અને ૪-ઐદંપર્યાર્થ, એમ ચાર પ્રકારે થાય છે. તેમાં છેલ્લી ઐદંપર્યાર્થ એટલે શાસ્ત્રનું કોઈપણ વચન પરસ્પર બાધક ન થાય, તેવા પારમાર્થિક અર્થને

સમજીને તે પ્રમાણે વર્તવું, એવી જિનાજ્ઞા છે. એ જ આગમની (જિનવચનની) સાચી સેવા છે અને એથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેમ કે સ્થિરવાસના વિષયમાં અપવાદથી એક જ ક્ષેત્રાદિમાં રહેવાની આજ્ઞા છે, તો પણ માસકલ્પ વગેરે પૂર્ણ થતાં મહોલ્લો, મકાન કે ખૂણો વગેરે પણ બદલવું અને એ રીતે પણ નવકલ્પી વિહારનું વિધાન સાચવવું જોઈએ, અન્યથા કેવળ અપવાદમાર્ગને અનુસરે તો જિનાજ્ઞાનો વિરાધક બને. એ પ્રમાણે સર્વ વિષયોમાં ઉત્સર્ગ-અપવાદ ઉભય માર્ગનો સમન્વય સાધવો જોઈએ. સર્વત્ર માર્ગાનુસારિણી સૂક્ષ્મબુદ્ધિએ સમજવું યોગ્ય છે. ૧૧

**હવે એ ઉત્તમચર્યા પાળવા છતાં ચારિત્રમાં શૈથિલ્ય ન આવે તે માટે કરવા યોગ્યઉપાયો કહે છે-**

**જો પુવ્વરત્તાવરરત્તકાલે,**
**સંપેહ(પિક્ખ)એ અપ્પગમપ્પગેણં ।**
**કિં મે કડં કિં ચ મે કિચ્ચસેસં,**
**કિં સક્કણિજ્જં ન સમાયરામિ ? ।।૨-૧૨।।**

**કિં મે પરો પાસઇ કિં ચ અપ્પા,**
**કિં વાડહં ખલિઅં ન વિવજ્જયામિ ।**

**ઇચ્ચેવ સમ્મં અણુપાસમાણો,**

**અણાગયં નો પડિબંધ કુજ્જા ।।૨-૧૩।।**

જો-જે પુવ્વરત્ત-અવરરત્તકાલે-પૂર્વ રાત્રીના અને પાછલી રાત્રીના સમયે (રાત્રીના પહેલા-છેલ્લા પ્રહરમાં) અપ્પગેણં-પોતાની જાતે અપ્પગં-પોતાને સંપિક્ખઇ-સમ્યગ્ જુવે (વિચારે), કે મે-મેં (તપ સ્વાધ્યાયાદિ કરવા યોગ્ય કિં કડં-શું શું કર્યું ? ચ-અને મારે કિં-શું શું કિચ્ચસેસં-કરવા યોગ્ય બાકી રહ્યું ? સક્કણિજ્જં-(ઉમ્મર-અવસ્થાને અનુરૂપ) કરી શકાય તેવું (વિનય, વૈયાવચ્ચ વગેરે) કિં-શું શું ન સમાયરામિ-હું કરતો નથી ? (૨-૧૨)

વળી મે-મારી કિં-કયી સ્ખલનાને (સ્વપક્ષીય સાધુ કે પરપક્ષીય સાધુ-ગૃહસ્થાદિ) પરો-બીજો પાસઇ-જુવે (જાણે) છે ! ચ-અને (કોઈવાર સંવેગભાવને પામેલો) અપ્પા-મારો આત્મા (સ્વયં) કિં-કયી સ્ખલનાને જાણે-સમજે છે ? અહં વા-અથવા (જાણવા સમજવા છતાં) કિં ખલિઅં-કયી કયી સ્ખલનાને ન વિવજ્જયામિ-(સંયમના આદરપૂર્વક) તજતો નથી ? ઇચ્ચેવં-એ રીતે (ઉપર કહ્યું તેમ) સમ્મં-સમ્યગ્ (શાસ્ત્રવચનોને અનુસારે શુદ્ધ પરિણામથી) અણુપાસમાણો-

આત્માને જોતો (વારંવાર વિચારતો) તે અણાગયં-ભવિષ્યકાળ સંબંધી પડિબંધ-પ્રતિબંધને (અસંયમના રાગને) ન ફુજ્જા-ન કરે (અર્થાત્ એથી ભવિષ્યમાં અસંયમનો પક્ષપાત ન થાય.) (૨-૧૩)

આરાધના કરવી જેટલી આવશ્યક છે, તેનાથી તેની રક્ષા વધારે આવશ્યક છે. ધન કમાવા છતાં રક્ષણ કરતાં ન આવડે, કે ન કરે તો તે નાશ પામે, ચોરાઈ-લુંટાઈ જાય, તેમ ધર્મના પરિણામની પણ રક્ષા ન થાય તો નાશ પામે અને અધર્મનો પક્ષ થઈ જાય. માટે આત્માર્થીએ સમાધિ માટે પોતાના આત્માનું દર્શન (નિરીક્ષણ) વારંવાર કરવું જોઈએ. ઉત્તમધ્યાનરૂપ આ શ્રેષ્ઠ અનુષ્ઠાન છે. તપ-જપ-ધ્યાન પછી સમાધિ પ્રગટે છે, આ સમાધિ વસ્તુત: સુખનો અનુભવ કરાવે છે. તપ કરવા છતાં જપ ન હોય કે તપ-જપ કરે પણ ધ્યાન ન હોય તો સમાધિ પ્રગટ થતી નથી. માટે આ રીતે ભૂલો ન થવા માટે, આત્માનું ધ્યાન વારંવાર કરવું જોઈએ. શુભધ્યાનથી અશુભ પરિણામો ટકતા નથી, એથી ભવિષ્યમાં અશુભનો (અસંયમનો) અનુબંધ થતો નથી (પરંપરા ચાલતી નથી) અને શુભનો અનુબંધ થવાથી અન્ય

જન્મોમાં પણ એવો જ શુભમાર્ગ રુચે છે. એમ ઉત્તરોત્તર શુભના અનુબંધથી આત્મા સર્વથા શુદ્ધ (કર્મરહિત) થાય છે, માટે પોતાના આત્માનું વારંવાર નિરીક્ષણ કરવાની આ એક ભવ્ય શિખામણ છે. ૧૩

**ઉપર્યુક્ત ધ્યાનથી દુષ્ટપ્રતિબંધ ન થાય તે સમજાવે છે-**

**જત્થેવ પાસે કઇ દુપ્પઉત્તં,**
**કાએણ વાયા અદુ માણસેણં ।**
**તત્થેવ ધીરો પડિસાહરિજ્જા,**
**આઇન્નઓ ખિપ્પમિવ ક્ખલીણં ।।૨-૧૪।।**

ઉપર કહ્યા પ્રમાણે આત્મનિરીક્ષણ દ્વારા જત્થેવ કઇ-જે કોઈ વિષયમાં (સંયમના પરિણામમાં કે અનુષ્ઠાનાદિમાં) કાએણ-કાયાથી, વાયા-વચનથી અદુ માણસેણં-અને મનથી (કોઈ કારણથી) થયેલી દુપ્પઉત્તં-પોતાની દુષ્ટ પ્રવૃત્તિને પાસે-જુવે (જાણે), તત્થેવ-ત્યાં જ (તે જ સંયમ-સ્થાનના અવસરે, અર્થાત્ તેવા પરિણામ વર્તતા હોય ત્યારે તુર્ત જ) ધીરો-બુદ્ધિમાન્ સાધુ આઈન્નઓ-જાતિવંત અશ્વ જેમ (નિયમિત ગતિએ ચાલવા માટે) ખલિણં-લગામને ખિપ્પમિવ-તુર્ત સ્વીકારે

તેમ પડિસાહરિજ્જા–આત્માને પાછો વાળે. (શુભમાર્ગે વાળે.) (૨–૧૪)

પાણીની જેમ મોહયુક્ત આત્માની સ્વાભાવિક ગતિ અનાદિ કાળથી નીચી થયા કરે છે, પાણીને રોકવા પાળ બાંધવી પડે છે, તેમ આત્માને નીચે જતો રોકવા માટે સંયમની મર્યાદાઓનો બંધ બાંધવો આવશ્યક છે. વળી બાંધેલા બંધમાંથી પાણીને ઊંચે ચઢાવવા માટે યંત્રો કે યોગ્ય સ્થળે પહોંચાડવા માટે નહેરો–નીકો કરવી પડે છે, તેમ સંયમમાં વર્તતા આત્માને પણ ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણામી બનાવવા માટે સતત આત્મચિંતનરૂપ આલંબનની જરૂર છે. એક ક્ષણ પણ ચિંતન અટકે તો તે તુર્ત નીચે ઉતરવા માંડે છે. માટે જ ખૂદ પ્રભુ મહાવીરદેવે જ્ઞાની એવા શ્રીગૌતમસ્વામીને ઉદ્દેશીને પણ 'ગોયમા ! સમયં મા પમાયહ' હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ, એમ કહ્યું હતું. એ જ ન્યાયને અનુસરીને અહીં 'આત્માએ પોતે પોતાને ક્ષણ ક્ષણ જોયા કરવો જોઈએ' એમ કહ્યું છે, તેમ છતાં પ્રમાદ થઈ જાય અને પરિણામ મંદ થવાથી ભૂલ થાય, તો જ્યારે જાગૃતિ આવે અને ભૂલ સમજાય ત્યારે જાગૃતિનાં પરિણામો વર્તતા હોય તે જ વેળા એ ભૂલ દૂર કરી દેવી જોઈએ. કારણ કે

ભૂલને ટાળવા માટે ઉચ્ચ પરિણામનું બળ જોઈએ છે, તે ચાલ્યું ગયા પછી ઈચ્છવા છતાં ભૂલ ટળતી નથી. એટલું જ નહિ, તે ભૂલ જેટલી વધારે વખત રહે તેટલી દૃઢ થાય છે અને પછી ટાળવી દુષ્કર થઈ જાય છે, માટે શુભપરિણામ વખતે એટલે આત્મ-નિરીક્ષણ કરતાં ભૂલ જણાય, તે, તે જ વખતે દૂર કરવી. એમ કરવાથી ભૂલની પરંપરા અટકે છે અને પરિણામ વધારે શુદ્ધ બનવાથી શુભ અનુબંધ થાય છે, વગેરે આત્મગવેષણાપૂર્વક વિચારીને હિતમાર્ગે ચાલવું. જાતિવંત અશ્વ માલિકના બલાત્કારથી નહિ પણ પોતાના ઉત્તમ સ્વભાવથી જ લગામને તુર્ત સ્વીકારે છે, તેમ ઉત્તમ સાધુએ ગુર્વાદિના આદેશ-ઉપદેશની પણ અપેક્ષા રાખ્યા વિના પોતાના આત્માની રક્ષા માટે સ્વયં ભૂલને સુધારવી જોઈએ. ૧૪

હવે આવા સાધુની પ્રશંસા સાથે ઉપસંહાર કરે છે-

**જસ્સેરિસા જોગ જિઇંદિઅસ્સ,**
**ધિઇમઓ સપ્પુરિસસ્સ નિંચ્ચં ।**
**તમાહુ લોએ પડિબુદ્ધજીવી,**
**સો જીઅઇ સંજમજીવિએણં ।।૨-૧૫।।**

જિઇંદિઅસ્સ-જિતેન્દ્રિય, ધિઇમઓ-પરિષહાદિ સહવામાં ધૈર્યવાન અને સપ્પુરિસસ્સ-પ્રમાદને જીતવાથી મહાપુરુષ, એવા જસ્સ-જે સાધુને નિચ્ચં-(દીક્ષા કાળથી માંડીને) પ્રતિદિન એરિસા-આવા (સ્વહિત ચિંતનરૂપ) જોગા-યોગો (મન-વચન-કાયાના વ્યાપારો) હોય તં-તેને લોએ-લોકમાં (જગતમાં) વિદ્વાનો પડિબુદ્ધજીવી-જાગતા જીવનવાળો (પ્રમાદ-નિદ્રાથી દોષોથી રહિત-નિર્દોષ જીવનવાળો) આહુ-કહે છે અને સો-તે આવા ગુણોના યોગે કુશળાનુબંધી થઈને સર્વથા સંજમજીવિએણં-સંયમને જ પ્રાણ માનીને જીઅઈ-જીવે છે. અર્થાત્ પ્રાણાન્તે પણ સંયમની રક્ષા કરે છે. (૨-૧૫)

**હવે છેલ્લે ઉપસંહારરૂપે સર્વ ઉપદેશનું રહસ્ય કહે છે-**

**અપ્પા ખલુ સયયં રક્ખિઅવ્વો,**
**સવ્વિંદિએહિં સુસમાહિએહિં ।**
**અરક્ખિઓ જાઇપહં ઉવેઇ,**
**સુરક્ખિઓ સવ્વદુહાણ મુચ્ચઇ-તિબેમિ ।।૨-૧૬।।**

સુસમાહિએહિં-ઉત્તમ સમાધિને પામેલી (વિષયોના વિરાગ દ્વારા શાન્ત થએલી) સવ્વિંદિએહિં-સ્પર્શન વગેરે સર્વ

ઈન્દ્રિયો દ્વારા સયયં-સર્વદા અપ્પા-આત્માનું ખલુ-અને (શક્તિ હોય તો) બીજાનું પણ રક્ખિવ્વો-રક્ષણ કરવું, કારણ કે અરક્ખિઓ રક્ષણ નહિ કરેલો આત્મા જાહપહં-જન્મના માર્ગને (સંસારને) ઉવેઇ-પામે છે (અર્થાત્ સંસારમાં જન્મરણાદિ કરતો ભટકે છે) સુરક્ખિઓ-અપ્રમાદપૂર્વક શાસ્ત્રાનુસારે રક્ષણ કરેલો સવ્વદુહાણ-શારીરિક માનસિક વગેરે સર્વદુ:ખોથી મુચ્ચઇ-મુક્ત થાય છે. એમ હું કહું છું. (૨-૧૬)

વસ્તુત: માનવદેહ, એમાં મળેલી ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ, સઘળું આત્માની રક્ષા માટે, અર્થાત્ રાગ-દ્વેષ-કામ-ક્રોધ-મદ-માન વગેરે અંતરંગ શત્રુઓથી બચવા માટે છે. કારણ તે એ સઘળું પુણ્યથી મળે છે, પુણ્ય તેને કહેવાય કે જેના બળે આત્મા નિર્ભય-સુખી થાય. જો એ સઘળું પુણ્ય દ્વારા મળવા છતાં તેનાથી આત્મા સુખી ન થાય, તો એ પુણ્ય કહેવા માત્ર જ ગણાય. વસ્તુત: પાપાનુબંધી હોવાથી તેને પાપ કહેવાય. એ કારણે જો પુણ્યવંત આત્મા પોતાને સાચો પુણ્યવંત સમજતો હોય તો પુણ્યથી મળેલી સામગ્રીથી તેણે આત્માને સર્વથા સુખી કરવો જોઈએ. પુણ્ય દ્વારા કેવળ

શારીરિક સુખ ભોગવવું એ વસ્તુતઃ સુખ નથી. સુખની ભ્રમણા છે. આત્મા સુખી થાય તે જ સાચું સુખ છે. આત્માની રક્ષાને ભૂલીને શરીરની રક્ષા કરનાર આખરે ઠગાય છે, સારી રીતે પાળેલું પોષેલું પણ શરીર નાશ પામે છે અને રક્ષા વિનાનો આત્મા જન્મ-મરણની મહાવિડંબનાઓ ભોગવતો રહે છે. માટે અહીં 'આત્માના રક્ષણમાં સર્વધર્મ સમાઈ જાય છે' એમ કહ્યું છે. એ રીતે સુરક્ષિત બનેલો આત્મા સર્વકાળને માટે સર્વ પ્રકારે દુઃખથી છૂટી શાશ્વત સુખનો ભોગી મુક્તાત્મા બને છે. ૧૬

**સમત્તા વીઇઆ ચુલિઆ**

**બીજી ચૂલિકા સંપૂર્ણ**

# આ વાત કદી ના ભુલાય

સવારે ઉઠી હાથ જોવાય, ચોવીસ પ્રભુના દર્શન કરાય
પછીથી આઠ નવકાર ગણાય... આ વાત કદી ના ભુલાય (૧)

સવારે વ્હેલા ઉઠી જવાય, માત-પિતાને નમન કરાય
પછી પ્રભુના દર્શન કરાય... આ વાત કદી ના ભુલાય (૨)

રાત્રિભોજન કદી ના કરાય... કાંદા બટાટા ન જ ખવાય
દ્વિદળ, અભક્ષ્ય કદી ના લેવાય, આ વાત કદી ના ભુલાય (૩)

બેઠા બેઠા જમે તે માણસ કહેવાય, ઉભા ઉભા ખાય તે જનાવર કહેવાય, જેમ ફાવે તેમ કદી ના ખવાય...
આ વાત કદી ના ભુલાય (૪)

રોજ સાંજે પાઠશાળાએ જવાય, નવા નવા સૂત્રો ભણાય
સારું ભણીને સારા થવાય... આ વાત કદી ના ભુલાય (૫)

ટી.વી. વિડિયો કદી ના જોવાય, મોટા સામું કદી ના બોલાય
સારા છોકરા એ જ કહેવાય... આ વાત કદી ના ભુલાય (૬)

મોટા થઈને વજસ્વામી બનાય, સાધુ નહીં તો શ્રાવક બનાય
કુમારપાળ જેવા ધર્મી બનાય... આ વાત કદી ના ભુલાય (૭)